# સરદારસાહેબ : મારી નજરે

સ્વામી સચ્ચિદાનંદ



# સરદારસાહેબઃ મારી નજરે

## સ્વામી સચ્ચિદાનંદ

Sardarsaheb Mari Najare
*a collection of articles* by Swami Sachchidanand
Published by Gurjar Prakashan, Ahmedabad-380 006
© Swami Sachchidanand
First Published: 2012
This ePub edition: 2014
ISBN: 978-81-8461-865-5
GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com
eBook by
indian ebooks
www.e-Shabda.com

‘સાચા મહાપુરુષો’ના નામે તાજેતરમાં જે પુસ્તક પ્રગટ થયું છે તેમાનું એક પ્રકરણ સરદાર સાહેબ વિષે પણ છે. આ પ્રકરણ વર્તમાન સંદર્ભમાં સૌને વધારે ગમ્યું છે. એટલે તે પ્રકરણ અલગ કરીને તેનો બહોળો પ્રચાર થાય તે માટે આ વિશેષ પુસ્તિકા પ્રગટ કરી રહ્યા છીએ.

ભાઈશ્રી વિષ્ણુભાઈ વી. પટેલ (C.A.) તથા શ્રી કિરીટભાઈ ડાહ્યાભાઈ પટેલ તરફથી આ પુસ્તિકા, ખાસ કરીને યુવાનોને ભેટ આપવા માટે પ્રગટ થઈ રહી છે તે જાણીને મને વધારે આનંદ થાય છે.

**સ્વામી સચ્ચિદાનંદ**

# સરદાર વલ્લભભાઈ પટેલ

પ્રત્યેક મનુષ્ય મહાપુરુષ નથી થઈ શકતો. મહેનત કરીને મહાપુરુષ થઈ શકાતું નથી. મહાપુરુષ થવા માટે ત્રણ તત્ત્વો જન્મજાત હોવાં જરૂરી છેઃ 1. મહાન ગુણોથી ભરેલો સ્વભાવ. 2. યોગ્ય પરિસ્થિતિની પ્રાપ્તિ અને 3. સાચી નિર્ણયશક્તિ.

મહાન ગુણો જન્મજાત હોય છે. તે મહેનત કરીને મેળવી શકાતા નથી. ગુણો અને દુર્ગુણોના સરવાળામાંથી સ્વભાવ બનતો હોય છે. મહાન ગુણોના ઘણા પ્રકાર હોય છે. કોઈને કયા પ્રકારના ગુણો મળ્યા છે તે મહત્ત્વની વસ્તુ છે. માનો કે કોઈ ઉદાર તો છે પણ સાહસી નથી, તો કોઈ સાહસી તો છે પણ દયાળુ નથી. બધા સદ્‌ગુણો એકસાથે એક જગ્યાએ ભેગા થવા અત્યંત દુર્લભ હોય છે. પણ જેનામાં વધુમાં વધુ સદ્‌ગુણો ભેગા થયા હોય તે વધુ ઉત્તમ મહાપુરુષ બનતો હોય છે.

આવા મહાપુરુષોને સમયના માપથી આ રીતે માપી શકાય. 1. દશ વર્ષમાં એકાદ મહાપુરુષ થનાર, 2. સો વર્ષમાં માત્ર એક જ મહાપુરુષ થનાર અને 3. હજાર વર્ષોમાં માત્ર એક જ મહાપુરુષ થનાર કોઈ દુર્લભ મહાપુરુષ બનતો હોય છે.

આપણે હજાર વર્ષમાં ભાગ્યે જ એકાદ થનાર મહાપુરુષની ચર્ચા કરવાની છે. તેમનું નામ છે સરદાર વલ્લભભાઈ પટેલ, જેમને આપણે ‘સરદારસાહેબ’ના નામથી ઉલ્લેખીશું.

ગુજરાતના આણંદ જિલ્લાના કરમસદ ગામમાં ઝવેરભાઈ પટેલ અને તેમનાં દ્વિતીય પત્ની લાડબાઈ રહે. ઝવેરભાઈનાં છ બાળકો હતાંઃ સોમાભાઈ, નરસીભાઈ, વિઠ્ઠલભાઈ, વલ્લભભાઈ, કાશીભાઈ અને ડાહીબા નામની પુત્રી હતી. એક ઝઘડામાં નરસીભાઈનું ખૂન થઈ ગયેલું. આખું ઘર સ્વામિનારાયણ ધર્મનું પાલન કરે.

લાડબાઈનું પિયર નડિયાદમાં થાય. ચરોતરના સામાજિક રિવાજ પ્રમાણે પત્ની સુવાવડ કરવા પોતાના પિયર જાય. તેથી વલ્લભભાઈનો જન્મ તેમના મોસાળ નડિયાદમાં તા. 31-10-1875ના દિવસે થયો હતો. આ જન્મતારીખ આશરે લખાયેલી છે, કારણ કે ત્યારે જન્મતારીખ લખવાનો ખાસ રિવાજ ન હતો.

ઝવેરભાઈની આર્થિક સ્થિતિ સાવ સામાન્ય. પિતા તો મોટા ભાગે સ્વામિનારાયણ મંદિરમાં પડ્યા રહે. ઘરની ખેતી ખરી પણ ત્યારે વરસાદઆધારિત ખેતીમાં ખાસ કાંઈ પાકે નહીં. બચપણમાં વલ્લભભાઈ ખેતીકામ કરતા અને ઢોર પણ ચરાવતા. લગભગ બધા ખેડૂતો અને તેમનાં બાળકો આવું કામ કરતા જ. ત્યારે હજી ચરોતરના પાટીદારો વિદેશપ્રવાસે ગયેલા નહીં. તેથી દેશમાં ખેતી અને પશુપાલન એ જ તેમનો ધંધો હતાં.

વલ્લભભાઈ સાતમા ધોરણ સુધી કરમસદમાં ભણ્યા. તે પછી હાઈસ્કૂલ શિક્ષણ માટે તે પેટલાદ હાઈસ્કૂલમાં દાખલ થયા. પેટલાદ ત્યારે વડોદરા રાજ્યનું ઉન્નતનગર હતું. અહીંના શ્રીમંત શ્રેષ્ઠીઓએ મિલો અને હાઈસ્કૂલની વ્યવસ્થા કરી આપેલી. મહારાજા સયાજીરાવના શિક્ષણપ્રેમના કારણે વડોદરા રાજ્યમાં બીજાં રાજ્યોની તુલનામાં ઉન્નત શિક્ષણ સગવડો રહેતી. વલ્લભભાઈ અને બીજા વિદ્યાર્થીઓ કરમસદથી પેટલાદ સુધી રોજ પગે ચાલીને આવજા કરતા. તેમને આવતાં-જતાં 20 માઈલનો રસ્તો કાપવો પડતો. 10 માઈલ જવાના અને 10 આવવાના. આ ઉપરથી ખ્યાલ આવશે કે વલ્લભભાઈને કેટલી તકલીફ પડી હશે.

ઈ. સ. 1893માં અઢાર વર્ષની ઉંમરે તેમનાં લગ્ન ગાના નામના ઝવેરબા સાથે થયાં હતાં. ચરોતરમાં લેઉવા પટેલોનાં છ મોટાં ગામ. ત્યાં કન્યા આપવાનું ગૌરવ મનાય તેથી પૈઠણ આપીને પણ નાના ગામના પટેલો મોટા ગામમાં કન્યા આપતા. ઝવેરબા ત્યારે 12-13 વર્ષનાં હતાં.

1894માં પેટલાદથી પાંચમી અંગ્રેજી પાસ કરી અને મૅટ્રિક પરીક્ષા નડિયાદમાં રહીને પાસ કરી. આ દિવસો ઘણા જ ગરીબીમાં વીત્યા હતા. નડિયાદ હાઈસ્કૂલમાં તેમણે ઘણાં પરાક્રમો કરેલાં. થોડો સમય તે વડોદરામાં ભણવા ગયેલા પણ અનુકૂળ ન આવ્યું. તેમને સ્કૂલમાંથી કાઢી મૂકેલા. પાછા નડિયાદ આવ્યા. 1897માં 22 વર્ષની ઉંમરે તેમણે મૅટ્રિક પાસ કરી. સામાન્ય રીતે આ ઉંમરે લોકો બી.એ. કરતા.

હવે તેમને વિલાયત જવાનો વિચાર થયો પણ તે માટે દશ-પંદર હજાર રૂપિયા લાવવા ક્યાંથી? તે ન જઈ શક્યા. આમ કરતાં કરતાં તે

28 વર્ષના થઈ ગયા. તેમને વકીલ થવું હતું પણ તે ન થઈ શક્યા, તેથી ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી સામાન્ય વકીલ થયા. ઈ. સ. 1900માં તેમણે એક તરફ વકીલાત અને બીજી તરફ ઘરસંસાર શરૂ કર્યો. પણ ઘર માંડવા પૈસા ન હતા, તેથી દેવું કરીને નડિયાદની ગુજરીમાંથી સસ્તાં વાસણો વગેરે લઈ આવ્યા અને ઘર ચાલુ કર્યું. પછી ગોધરા અને પછી બોરસદમાં વકીલાત કરવા લાગ્યા. તે ફોજદારી કેસો જ લેતા અને મોટા ભાગે જીતી જતા. એક ગોરા જજે એવો નિયમ રાખેલો કે આરોપી કોર્ટમાં મોટો અરીસો સામે રાખીને પોતાનું મોઢું જોતાં જોતાં જુબાની આપે. વલ્લભભાઈએ આ રીત બંધ કરાવી.

બોરસદમાં તેમની વકીલાત સારી જામી. તે પોતાની ઑફિસમાં હોકો રાખતા અને પીતા. બોરસદમાં વકીલાત સારી જામવાથી પૈસા ભેગા થયા. તેમને ફરી પાછી વિલાયત જઈને બૅરિસ્ટર થવાની ઇચ્છા થઈ. તેમણે સ્ટીમરની ટિકિટના પૈસા ભરી દીધા. વી. જે. પટેલના નામની ટિકિટ આવી. મોટાભાઈ વિઠ્ઠલભાઈ કહે કે પહેલાં મને વિલાયત જવા દો. પછી તમે જજો. વલ્લભભાઈ માની ગયા અને મોટાભાઈને લંડન વિદાય કર્યા, એટલું જ નહીં, તેમનો ખર્ચો પણ પોતે જ ઉઠાવ્યો. મોટાભાઈ વિઠ્ઠલભાઈ પોતાની પત્ની દિવાળીબાને જાણ કર્યા વિના જ સ્ટીમર પર ચઢી બેઠા હતા તેથી દિવાળીબા ખૂબ નારાજ થયાં અને રોકકળ કરવા માંડી. તેમને ઝવેરબા સાથે બને નહીં તેથી રોજ ઝઘડા થાય. વલ્લભભાઈએ ઝવેરબાને તેમના પિયર મોકલી દીધાં અને અઢી વરસે જ્યારે મોટાભાઈ પાછા આવ્યા ત્યારે જ પાછાં બોલાવ્યાં. દિવાળીબા ભારે અંધશ્રદ્ધાળુ. પતિ માટે જાતજાતની વિધિઓ કરાવી. વલ્લભભાઈ બધું સહન કરે. બૅરિસ્ટર થઈને વિઠ્ઠલભાઈએ મુંબઈમાં વકીલાત શરૂ કરી. દિવાળીબા તેમની સાથે રહેવા ગયાં. હવે ઝવેરબા અને વલ્લભભાઈનું દામ્પત્ય જામવા લાગ્યું.

ગુણલક્ષી મહાનતા કસોટી વિનાની નથી હોતી. તેની પ્રથમ કસોટી તેનું વચન અને કર્તવ્ય છે. જે વચનનિષ્ઠ હોય અને કર્તવ્યનિષ્ઠ હોય તે જ મહાન હોય. જે વચન તોડે અને કર્તવ્યત્યાગી થાય તે કદી મહાન ન હોય. વલ્લભભાઈના પ્રાથમિક જીવનમાં બે પ્રસંગો તેમની મહાનતા સાબિત કરનારા બન્યા.

તેમનાં પત્ની ઝવેરબાને અસાધ્ય રોગ લાગુ પડ્યો. તેમની દવા માટે તેમને મુંબઈ લઈ જવાયાં. કામા હૉસ્પિટલમાં દાખલ કરાયાં. ઓપરેશન કરવાનું નક્કી થયું પણ દરદીની તબિયત સુધરે પછી ઓપરેશન થાય. કારણ કે શરીરમાં લોહી જ ન હતું. પંદરેક દિવસ રાહ જોવાનું નક્કી થયું. આ સમયમાં આણંદમાં વલ્લભભાઈના હાથમાં એક ખૂનકેસ હતો. આરોપી નિર્દોષ અને પ્રતિષ્ઠિત હતો. જો તેને બચાવવામાં ન આવે તો તેને ફાંસીની સજા થઈ શકે તેમ હતું. વકીલ તરીકે તેને બચાવવો એ તેમનું કર્તવ્ય હતું. તેથી ઝવેરબા પાસેથી ખસાય તેવી સ્થિતિ ન હોવા છતાં રાતની ટ્રેનમાં વલ્લભભાઈ આણંદ આવ્યા, આખી રાત કેસ તૈયાર કર્યો. સવારે કોર્ટમાં દલીલો કરતા હતા ત્યાં તેમને તાર મળ્યો. ચાલુ કોર્ટે તાર વાંચ્યો, ગજવામાં મૂક્યો અને દલીલો ચાલુ રાખી. સાક્ષીની ઊલટતપાસ છેક સાંજ સુધી કરી. એક તરફ પ્રિય પત્નીના મરણની લાગણીભરી સ્થિતિ હતી, બીજી તરફ અસીલને બચાવવા ઝઝૂમવાની સ્થિતિ હતી. લાગણી ઉપર કાબૂ રાખીને, કહો કે કચડી નાખીને તેમણે કર્તવ્યને જ મહત્ત્વ આપ્યું. સામાન્ય માણસ તો લાગણીના પ્રવાહમાં વહી જાય. 33 વર્ષની ભરયુવાન વયે વલ્લભભાઈ વિધુર થયા. ઘણી કન્યાઓ મળતી હોવા છતાં તે જીવનભર વિધુર જ રહ્યા. ગાંધીજી અને પં. નહેરુ માટે લોકો ખરી-ખોટી ગમેતેવી વાતો કરતા રહે છે પણ વલ્લભભાઈ માટે દુશ્મનો પણ સ્ત્રીવિષયક કોઈ શબ્દ બોલી શકતા નથી, તે શું ઓછી મહાનતા કહેવાય?

બીજો પ્રસંગ બોરસદનો હતો. તેમનો અસીલ એક સોની હતો. તેના ઉપર વ્યભિચારનો કલંક લગાડનારો કેસ હતો. જો કેસ સાબિત થાય તો આબરૂદાર સોનીને આત્મહત્યા જ કરવી પડે. ગોરા કલેક્ટર આગળ વલ્લભભાઈએ એવી દલીલો કરી કે સોની નિર્દોષ છૂટી ગયો! તે જ દિવસે રાત્રે વલ્લભભાઈ વિલાયત જવા ટ્રેનથી રવાના થયા. વિલાયત જવું તે એ સમયમાં બહુ મોટી વાત કહેવાતી. કેટકેટલા લોકો મળવા આવે, કેટલી બધી ધમાલ હોય, પણ બધું પડતું મૂકીને અસીલને બચાવવા દલીલો કરતા રહ્યા. આ કર્તવ્યપરાયણતા કહેવાય. દલીલો પૂરી કરીને તરત જ સ્ટેશને પહોંચી ગાડી પકડી હતી!

પોતે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી હતા. આ સંપ્રદાય અપેક્ષાકૃત આભડછેટમાં વધુ માનતો હોવાથી જલદી સુધરેલા લોકોમાં ભળી શકતો નથી, તોપણ વલ્લભભાઈ લંડન જતી સ્ટીમરમાં બેસતાં પહેલાં પોતાનાં બંને બાળકો પુત્ર ડાહ્યાભાઈ અને પુત્રી મણિબહેનને એક ખ્રિસ્તી બાઈ મિસ વિલ્સનને ત્યાં આધુનિક સભ્યતા શીખવા મૂકીને વિલાયત ગયા. કેટલીક વાર રૂઢ ધાર્મિકતા આધુનિક જીવનથી વ્યક્તિને દૂર રાખતી હોય છે. જે વ્યક્તિને વ્યાપક લોકસંપર્કમાં રહીને કામ કરવું હોય તેણે આધુનિકતા અપનાવવી હિતાવહ છે. ખરો

સુધારો કે સંસ્કૃતિ આહાર-વિહારનાં નહિ પણ આચાર-વિચારનાં જ કહેવાય. ગોરાઓના આહાર-વિહાર આપણી દૃષ્ટિએ ઉત્તમ ન કહેવાય, પણ તેમના આચાર-વિચાર ઘણા ઉત્તમ કહેવાય. તે લોકો માંસ-દારૂનું સેવન કરે પણ પૂરા પ્રામાણિક. લાંચરુશવત ન લે. આપણે માંસ-દારૂ તો શું ડુંગળી-બટાકાં પણ ન ખાઈએ પણ લાંચ લેવાનું જરાય ન ચૂકીએ. વચનભ્રષ્ટ, આચારભ્રષ્ટ થતાં વાર ન કરીએ. આ ભેદ મહત્ત્વનો કહેવાય.

વિલાયતમાં તેઓ સસ્તા મકાનમાં રહેતા અને સસ્તું જીવન જીવતાં. કારણ કે શક્તિ ન હતી. લાઇબ્રેરીમાંથી પુસ્તકો વાંચીને પાઠ્યક્રમ તૈયાર કરતા. બપોરે સસ્તી બ્રેડ અને દૂધથી કામ ચલાવી લેતા. તે નવ કલાક લાઇબ્રેરીમાં ગાળતા અને બાર માઈલ ચાલીને ઘરે જતા. વિદ્યાર્થી-અવસ્થામાં જે ઘોર અગવડો ભોગવે છે તે સાચું તપ કહેવાય. તે જ વિદ્યાર્થી મહાન બનતો હોય છે. બૅરિસ્ટર થતાં ત્રણ વર્ષ લાગે, પણ માત્ર દોઢ જ વર્ષમાં વલ્લભભાઈ પ્રથમ શ્રેણીમાં પ્રથમ નંબરે પાસ થઈ ગયા! તેમને પચાસ પાઉન્ડનું ઇનામ મળ્યું. ગોરાઓ કદરદાન ખરા. સમાચારપત્રમાં તેમનો ફોટો આવ્યો. આઈ. સી. એસ. થઈને એક ગોરાભાઈ ભારતમાં નિવૃત્ત જીવન ગાળતા હતા. વલ્લભભાઈના સમાચાર જાણીને તે સામે ચાલીને મળવા આવ્યા અને વલ્લભભાઈને ધન્યવાદ અને પ્રોત્સાહન આપ્યાં.

વલ્લભભાઈ અઢી વર્ષ વિલાયતમાં રહ્યા પણ તેમણે કોઈ મિત્ર ન બનાવ્યો. તે ભલા ને તેમનું કામ ભલું. વિલાયતમાં સ્ત્રીમિત્રો બનાવવાની ઊજળી તકો, પણ વલ્લભભાઈ વિધુર હોવા છતાં પણ કોઈ સ્ત્રીને મિત્ર ન બનાવી.

વિલાયતનું કામ પૂરું કરીને પ્રથમ નંબરે પાસ થવાથી સમાચાર પત્રોમાં ધૂમ મચાવી. તેમણે બીજા જ દિવસે મુંબઈ જતી સ્ટીમર પકડી લીધી. ત્યારે ગોરાઓના દેશમાં કોઈ બિનગોરો વિદ્યાર્થી પ્રથમ નંબરે પાસ થાય તે નવાઈ લાગે તેવું ગણાતું. 13-2-1913ના રોજ તેઓ મુંબઈ પહોંચી ગયા.

અમદાવાદમાં વકીલાત ચાલુ કરી અને ગૌરવભર્યું જીવન જીવવા લાગ્યા. તેમની રહેણીકરણી ભવ્ય રહેતી. તેમની દીકરી મણિબહેનનું કહેવું છે કે તેમનો કોલર ધોવા માટે મુંબઈ મોકલવામાં આવતો. ત્યારે સુધરેલા લોકો અલગથી કોલર પહેરતા. તે શોખીન વસ્ત્રો પહેરતા અને વકીલાતથી નવરા પડે એટલે ક્લબમાં પાનાં રમવા જતા. તેમણે લગભગ સત્તર વર્ષ સુધી વકીલાતનો ધંધો કર્યો અને અનેક કેસોમાં વિજય મેળવ્યો.

સમર્થ વ્યક્તિ માત્ર આજીવિકા માટે જ ન જીવે, જો જીવે તો તેનું જીવન અડધું વ્યર્થ કહેવાય. જે સમર્થ નથી—પામર છે, તેને તો પેટ ભરવામાંથી જ નવરાશ મળતી નથી. પણ જે સમર્થ હોય તેના માટે આજીવિકા રમતવાત હોય. તેણે તેનું સામર્થ્ય ઇતર રચનાત્મક કાર્યોમાં લગાવવું જોઈએ. જો ન લગાવે તો તેનું વધુપડતું સામર્થ્ય આડા રસ્તે વળી જઈ શકે છે.

વલ્લભભાઈએ મ્યુનિસિપલ કામગીરીમાં ઝંપલાવ્યું અને અમદાવાદને સ્વચ્છ-સુઘડ બનાવવામાં મોટું યોગદાન આપ્યું. આજનો રિલીફ રોડ તેમનું મહત્ત્વનું પ્રદાન કહી શકાય. અહીં મુસ્લિમોની વસ્તી ઘણી, તેમનાં મકાનોની જગ્યાએ આ રોડ કાઢવો એ ઘણું મુશ્કેલ કામ હતું, પણ વલ્લભભાઈએ કોઈની પરવા કર્યા વિના આ રોડ કઢાવ્યો. પરાક્રમ કર્યા વિના મહત્ત્વની સફળતા ન મળે. નમાલા માણસો ઊંચાં પદો ઉપર ભલે હોય તોપણ પરાક્રમ કરી શકતા નથી, તેથી તેઓ ઇતિહાસ પણ રચી શકતા નથી. ઇતિહાસ તો પરાક્રમથી જ રચાય.

ત્યારે અમદાવાદ મ્યુનિસિપલની ચૂંટણીમાં વલ્લભભાઈના નેતૃત્વ નીચે કૉંગ્રેસ પક્ષે પૂર્ણ બહુમતી પ્રાપ્ત કરી અને વલ્લભભાઈને પ્રમુખ બનાવ્યા. સત્તાની પ્રાપ્તિ ક્રમેક્રમે અનુભવો કર્યા પછી થાય તો તે વધુ મજબૂત અને પ્રભાવશાળી બનતી હોય છે. જે લોકો કશા જ અનુભવ વિના કે કોઈ ક્રમ નિભાવ્યા વિના સીધા જ ઉચ્ચ પદે ગોઠવાઈ જાય છે તે પ્રતિભાશાળી હોય તોપણ અનુભવી ન હોવાથી ઊણા ઊતરતા હોય છે.

અમદાવાદ શહેરનો વિસ્તાર થઈ રહ્યો હતો, તેથી કોટ તોડવો જરૂરી બન્યો હતો, પણ કેટલાક હિન્દુઓ અને ઘણા મુસ્લિમોએ તેનો વિરોધ કર્યો. તેને મજહબી રૂપ અપાયું. પણ વલ્લભભાઈ મક્કમ હતા. દરવાજા સાબૂત રાખીને મોટા ભાગનો કોટ તોડી નાખવામાં આવ્યો. જો આ કોટ ન તોડ્યો હોત તો શહેરનો વિકાસ અટકી જાત. આવી જ રીતે રિલીફ રોડને પહોળો કરવાનું જોખમી કામ પણ પાર પાડ્યું. મ્યુનિસિપાલીટીના પ્રમુખ રહ્યા પછી પણ કેટલાક મતભેદ થતાં તેમણે રાજીનામું આપી દીધું. વિરોધીઓ પણ સ્તબ્ધ થઈ ગયા. પણ વિરોધીઓ લાંબો સમય અમદાવાદનું સુકાન સંભાળી શક્યા નહીં. ફરી પાછી એ જવાબદારી એમણે સંભાળી અને અમદાવાદને વ્યવસ્થિત કર્યું. સ્વમાની, સિદ્ધાંતવાદી અને સાચા નેતાએ હંમેશાં રાજીનામું પોતાના ગજવામાં રાખવું જોઈએ. સ્વમાન, સિદ્ધાંત કે

સચ્ચાઈના ભોગે પદ ઉપર રહેવું યોગ્ય નહીં. જે લોકો સાચા સમયે પણ રાજીનામું આપી શકતા નથી તે કદી લોકપ્રિય થઈ શકતા નથી. લોકપ્રિયતા વિનાની સત્તાપ્રિયતા યશસ્વી નથી હોતી.

ત્યારે ગાંધીજી અમદાવાદમાં કોચરબમાં આશ્રમ બનાવીને રહેતા હતા અને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ ચલાવતા હતા. તેમણે વકીલોની સભા કરી. તેમનો હેતુ વકીલોની શક્તિ રાષ્ટ્ર તરફ વાળવાનો હતો. વલ્લભભાઈ પણ તે સભામાં ગયા પણ ગાંધીજીનો તેમના ઉપર સારો પ્રભાવ ન પડ્યો. ટૂંકું ધોતિયું, અંગરખું અને પાઘડી બાંધેલા ગાંધીજી તેમને ગામડિયા જેવા લાગ્યા. પણ ચંપારણ્યની ઘટનાથી વલ્લભભાઈ ગાંધીજીથી પ્રભાવિત થયા. ગાંધીજીએ આફ્રિકાથી ભારત આવ્યા પછી ચંપારણ્યમાં અંગ્રેજો વિરુદ્ધ સત્યાગ્રહ કરેલો. દેશ ખળભળી ઊઠ્યો હતો. કોઈની પ્રથમ મુલાકાતમાં સારી અસર ન થઈ હોય તોપણ પાછળથી તેની સારી અસર પડી શકતી હોય છે—હા, વ્યક્તિ પૂર્વગ્રહી ન હોય તો. ગુજરાતમાં વેઠનાબૂદીનું આંદોલન શરૂ થયું હતું. તેમાં ગાંધીજીની નજીક વલ્લભભાઈ આવ્યા અને પરિચય ગાઢ થતો ગયો. વલ્લભભાઈએ વેઠપ્રથાની વિરુદ્ધ ચળવળ ઉપાડી અને ઘણી સફળતા મેળવી. ત્યારે કોઈ પણ સરકારી અમલદાર ગામડામાં જાય ત્યારે વગર પૈસે તેમની બધી આવશ્યકતાઓ પ્રજાએ પૂરી કરવાની રહેતી. તેમાં કુંભાર પાણીનું માટલુ ભરી આપે, ખેડૂતો ઘોડા માટે ઘાસ આપે, કોઈ લાકડાં આપે, કોઈ રસોઈ કરી આપે અને વાળંદ પગચંપી કરી આપે—આ બધું પ્રજાના જે-તે વર્ગ દ્વારા મફત વેઠમાં કરી અપાતું. વલ્લભભાઈના પ્રચારથી આ પ્રથા ઘણી ઓછી થઈ ગઈ.

1917માં ખેડા જિલ્લામાં પુષ્કળ વરસાદ પડ્યો જેને લીલો દુકાળ કહેવાય છે. આવા સમયે સરકાર મહેસૂલ માફ કરે તેવો નિયમ હતો, પણ સરકાર તૈયાર ન થઈ. સરકારે જોરજબરજસ્તીથી મહેસૂલ વસૂલ કરવા માંડ્યું. બૈરાંછોકરાં વેચીને પણ મહેસૂલ ભરવું પડશે તેવી જોહુકમી સરકારની ચાલતી રહી. ઘણા પત્રવ્યવહાર પછી પણ સરકારે નમતું ન જોખ્યું તેથી ગાંધીજીએ મહેસૂલ નહીં ભરવાના પક્ષમાં સત્યાગ્રહ શરૂ કર્યો. વલ્લભભાઈ તેમાં જોડાયા. સરકારે જમીનો જપ્ત કરવા માંડી, ઢોર-ઢાંખર પણ જપ્ત કરવા માંડ્યાં. પ્રજાની લડત બહુ જોરમાં ચાલી. અંતે સરકારને ઝૂકવું પડ્યું. ઉત્તરસંડામાં કલેક્ટર અને ગાંધીજી મળ્યા અને સમાધાન થયું. જેની સ્થિતિ હોય તે મહેસૂલ ભરે. ગરીબો નહીં ભરે તોપણ ચાલશે, એવું નક્કી થયું.

ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું હતું. અંગ્રેજોને સૈનિકોની જરૂર હતી તેથી ગાંધીજી સાથે મેળ કરીને સૈનિકોની ભરતી કરાવવાની ઝુંબેશ હાથ ધરાઈ. વલ્લભભાઈ ગાંધીજી સાથે જોડાયા. ગામેગામ પગે ચાલીને, ફરી-ફરીને, જાતે રસોઈ બનાવીને અને ગાંઠના રોટલા ખાઈને બંનેએ મળીને ગુજરાતમાંથી 280 સૈનિકો ભરતી કરી આપ્યા હતા. યાદ રહે, ગુજરાત સૈનિકોનો દેશ નહીં, વ્યાપારીઓનો દેશ કહેવાય. બસો તો બહુ કહેવાય. મૂળ હેતુ પ્રજાને અંગ્રેજો તરફ વાળવાનો હતો.

ભારતની પ્રજાને શાંત કરવા અથવા સંતોષ આપવા માટે અંગ્રેજ સરકારે 1918માં રોલેટ કમિશનના આધારે એક બિલ પાસ કરવા પ્રયત્ન કર્યો. એક બિલ સરકારને ખાસ સત્તા આપનારું હતું અને બીજું ફોજદારી ધારામાં સુધારો કરી પોલીસને વધુ પડતી સત્તા આપવાનું હતું. ધારાસભાના ભારતીય સભ્યોએ વિરોધ કરવા છતાં આ બંને બિલો પાસ થઈ ગયાં. ગાંધીજી નારાજ થયા અને સત્યાગ્રહની જાહેરાત કરી. પૂરા દેશમાં રોલેટ એક્ટની વિરુદ્ધ આંદોલનો શરૂ થઈ ગયાં. પંજાબ-દિલ્હી તરફ વાતાવરણ વધુ તંગ બન્યું. મુંબઈથી દિલ્હી જવા ગાંધીજી નીકળ્યા પણ રસ્તામાંથી જ તેમને પાછા મુંબઈ વાળી દેવાયા.

અમદાવાદમાં વલ્લભભાઈની સરદારી નીચે એક મોટું સરઘસ નીકળ્યું. સરઘસ હિંસક બની ગયું. પોલીસે ગોળીબાર કરી ઘણાને ઘાયલ કરી નાખ્યા. લોકો વધુ વીફર્યા. બીજે દિવસે પોલીસચોકીઓ બાળી, તાર-ટપાલના થાંભલા ઉખાડ્યા, કલેક્ટરની ઑફિસ બાળી અને એક ગોરા અધિકારીની હત્યા પણ કરી નાખી. ઉશ્કેરાયેલું ટોળું શું ન કરે તે જ નવાઈ. સરકારે મુંબઈથી લશ્કર બોલાવ્યું. તેને અમદાવાદ પહોંચતું અટકાવવા લોકોએ નડિયાદ આગળ રેલના પાટા ઉખાડી નાખ્યા. તારનાં દોરડાં કાપી નાખ્યાં તથા વીરમગામના મામલતદારની હત્યા કરી નાખી. પોલીસે લોકો ઉપર ઘોડા દોડાવ્યા. ગાંધીજી અમદાવાદ આવ્યા. વલ્લભભાઈએ તેમનું લખેલું ભાષણ વાંચ્યું. આંદોલન હિંસક થઈ ગયું હોવાથી સમેટી લેવાયું. સરકારે નવ લાખ રૂપિયાનો સામૂહિક દંડ નાખ્યો. આ આંદોલનમાં વકીલોએ ભાગ લીધો હોવાથી સરકારે તેમની સનદો કેન્સલ કરી નાખી. પાછળથી તે ચાલુ રાખી.

પંજાબમાં ભારે તોફાનો થયાં. એક ગોરી સ્ત્રી ઉપર હુમલો થયો. તેનું વેર વાળવા લશ્કર લોકો ઉપર તૂટી પડ્યું. જલિયાંવાલાબાગમાં મળેલી સભા ઉપર જનરલ ડાયરે અંધાધૂંધ ગોળીબાર કર્યો અને સેંકડો સ્ત્રી-પુરુષોને મારી નાખ્યાં. આખો દેશ ખળભળી ઊઠ્યો. લોકોને

ઠંડા પાડવા સરકારે હંટર કમિટી નીમી. લોકોએ કમિટીનો બહિષ્કાર કર્યો. ડાયરને રાજીનામું આપવું પડ્યું. તેણે તો એવી વાત પણ કરી કે "ગોળીઓ ખૂટી ગઈ ન હોત તો હું હજી વધુ ગોળીઓ ચલાવવાનો હતો."

આ સમયમાં તુર્કીમાં ખિલાફતનું આંદોલન શરૂ થયું હતું. ગાંધીજીએ તેને ટેકો આપ્યો. આંદોલન અંગ્રેજોની સામે હતું તેના કરતાં તેને ટેકો આપવાથી ભારતના મુસ્લિમો રાજી થાય એવી ગણતરી તેમાં વધુ હતી. મુસ્લિમ તુષ્ટિકરણની આ સક્રિય નીતિ અહીંથી શરૂ થઈ કહેવાય. આ આંદોલન તુર્કીમાં અહિંસાવાદી ન હતું.

ગાંધીજીની આગેવાનીમાં અસહકાર આંદોલન શરૂ કરવાનો ઠરાવ નાગપુરના કૉંગ્રેસ અધિવેશનમાં થયો. અહિંસા કરતાં અસહયોગ પ્રક્રિયા વધુ પ્રભાવશાળી હતી. અહિંસા તો માત્ર રાજકીય આંદોલનો પૂરતી જ વ્યાવહારિક હતી. આઝાદીના આંદોલનમાં ભાગ લેનારા મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી વગેરે અને બંગાળ વગેરે પ્રદેશના હિન્દુઓ પણ વ્યક્તિગત જીવનમાં આહારની બાબતમાં અહિંસક ન હતા. કાશ્મીરથી માંડીને કન્યાકુમારી સુધીના અને પખ્તુનિસ્તાનથી આસામ સુધીના મોટા ભાગના નેતાઓ માંસાહારી હતા. તેથી આ અહિંસા જૈનોની અહિંસા ન હતી. માત્ર સરકારની સામે હિંસા કરવી નહીં, પણ સરકાર હિંસા કરે તોપણ અહિંસક રહેવું એવી રાજકીય અહિંસા હતી. આનો બહુ પ્રભાવ ન પડે. મારનારો થાકે એટલે મારવાનું બંધ કરે. જો સામનો કરવામાં આવે તો બળવાન મારનારો કદી થાકે નહીં. તે ઝૂડ્યે જ રાખે, તેથી ચૂપચાપ માર ખાઈ લેવો એ ડહાપણભરી અહિંસા હતી, ખરો પ્રભાવ તો અસહયોગનો હતો. પ્રજાના સહયોગ વિના રાજ કરી જ ન શકાય. નાગપુરના ઠરાવ મુજબ ગુજરાતમાં જે પ્રાંતિક સમિતિની રચના થઈ તેના અધ્યક્ષ વલ્લભભાઈ બન્યા હતા. અસહયોગના આહ્વાનમાં વકીલોએ વકીલાત છોડી, અધ્યાપકોએ અધ્યાપન છોડ્યું, વિદ્યાર્થીઓએ ભણવાનું છોડ્યું, તેથી સરકારનું કામ ઠપ્પ થવા લાગ્યું. આ સમયે દેશમાં જુદાંજુદાં સ્થળોએ રાષ્ટ્રીય શાળાઓ—મહાશાળાઓ સ્થપાવા લાગી. ગૂજરાત વિદ્યાપીઠ ત્યારનું નિર્માણ કહેવાય. તેની આર્થિક જવાબદારી વલ્લભભાઈએ સ્વીકારી હતી. બંગાળના સુભાષબાબુ આઈ. સી. એસ. કેડરની નોકરી છોડીને કલકત્તાની રાષ્ટ્રીય કૉલેજના પ્રિન્સિપાલ બન્યા.

ગુજરાતમાં પાંચમી રાજકીય પરિષદ ભરાઈ જેના અધ્યક્ષસ્થાને વલ્લભભાઈ હતા. હવે તે અંગ્રેજી પોશાકની હોળી કરીને ધોતિયું, ઝભ્ભો, બંડી વગેરે દેશી પોશાક પહેરતા હતા.

આવા સમયે લંડનથી રાજકુમાર પ્રિન્સ ઓફ વેલ્સ ભારત આવ્યા. જગ્યા-જગ્યાએ તેમનો બહિષ્કાર અને વિરોધ થયો. તોફાનો થયાં અને મરણ પણ થયાં. અંગ્રેજો સમજી ગયા કે હવે શાંતિથી રાજ કરી શકાશે નહીં.

ડિસેમ્બર 26મીએ કૉંગ્રેસનું અધિવેશન અમદાવાદમાં ભરાયું હતું. સ્વાગતસમિતિના પ્રમુખ વલ્લભભાઈ હતા. મુસ્લિમ લીગનું પણ સાથોસાથ આયોજન હતું. તેમની બેઠકને 'મુસ્લિમનગર' નામ અપાયું હતું. ક્યાંય 'હિન્દુનગર' ન હતું. હિન્દુનગર કોમવાદ કહેવાય, મુસ્લિમનગર કોમવાદ ન કહેવાય—આવું કૉંગ્રેસી માનસ ત્યારથી જ શરૂ થઈ ચૂક્યું હતું. તેમાં ખિલાફત પરિષદ પણ મળી હતી.

એકંદરે અમદાવાદનું કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન સફળ રહ્યું.

અસહયોગનું આંદોલન વલ્લભભાઈની સલાહ પ્રમાણે બારડોલીથી શરૂ કરાયું. "મહેસૂલ ભરવું નહીં"—આ અસહયોગનું પ્રથમ પગથિયું હતું. બારડોલીમાં અસહયોગ આંદોલનની પૂરી તૈયારી ચાલતી હતી ત્યાં ઉત્તરપ્રદેશના ચૌરાચૌરીમાં હિંસક ટોળાએ 21 પોલીસવાળા અને એક ફોજદારને થાણામાં પૂરી બધાને જીવતા બાળી મૂક્યા હતા, તેથી હાલ પૂરતું અસહયોગ આંદોલન બંધ રાખવાનું નક્કી કર્યું. ગાંધીજીના આવા નિર્ણયની ચારે તરફ ટીકા થવા લાગી. લાલા લાજપતરાય અને મોતીલાલ નહેરુ પણ વિરુદ્ધમાં હતા. ડૉ. મુંજેએ તો ગાંધીજીના વિરોધમાં અવિશ્વાસ પ્રસ્તાવ પણ રજૂ કરી દીધો હતો. લોકો માનતા હતા કે ગાંધીજીએ ભૂલ કરી હતી. આવા સમયે વલ્લભભાઈ ગાંધીજીના પડખે આવીને ઊભા રહ્યા. રાજકીય જીવન હોય કે સામાજિક, ખરા સમયે પડખે ઊભો રહેનાર જ સાચો સાથી બનતો હોય છે. ગાંધીજીની પ્રતિષ્ઠા ઓછી થઈ હતી તેથી અંગ્રેજ સરકારે તેમની રાષ્ટ્રદ્રોહના આરોપમાં તા. 10-3-1922ના રોજ અડધી રાતે ધરપકડ કરી. કેસ ચાલ્યો અને છ વર્ષની સજા થઈ.

ગાંધીજીની ગેરહાજરીમાં અસ્પૃશ્યતાનિવારણની ચળવળ ચાલતી રહી. આ ચળવળ અસ્પૃશ્યો નહીં પણ સવર્ણો ચલાવતા હતા. ત્યારે અસ્પૃશ્યોની સ્થિતિ એટલી કરુણ હતી કે તે કશું કરી શકવાની સ્થિતિમાં ન હતા. 1922માં વઢવાણમાં અબ્બાસ તૈયબજીના પ્રમુખપદે અસ્પૃશ્યતાનિવારણનો ઠરાવ પાસ કર્યો, પણ સભામાં અસ્પૃશ્યોને કાર્યકર્તાઓએ જુદા બેસાડ્યા હતા. કાંઈ પણ બોલ્યા વિના

વલ્લભભાઈ તે અસ્પૃશ્યોની વચ્ચે જઈને બેઠા! તેમની પાછળ દરબાર ગોપાલદાસ અને ભક્તિબા પણ બેઠાં. આ રીતે અસ્પૃશ્યતાનિવારણને સક્રિય રૂપ મળ્યું હતું.

ગાંધીજી જેલમાં હતા ત્યારે 1923-24માં ગુજરાતના બોરસદ તાલુકામાં એક ઘટના ઘટી, અહીં વહેતી મહિસાગર નદીના કાંઠેકાંઠે ઠાકોરોની વસ્તી વધારે રહે. આ લોકોની પાસે જમીન નહીં તેથી રોજી-રોટીનો પ્રશ્ન હંમેશાં નડતો રહે. પરિણામે ચોરી-લૂંટના પ્રસંગો બનતા રહે. સરકારી પોલીસ બહારવટિયાઓને પકડી શકે નહીં, તેથી સરકારે પૂરી પ્રજા ઉપર 2,40,000નો સામૂહિક વેરો નાખ્યો, જેને 'હૈડિયાવેરો' કહેવાતો. વળી સરકારે પૂરી કોમને અપરાધી કોમ જાહેર કરી ને પ્રત્યેક સ્ત્રી-પુરુષને પોલીસથાણામાં સવાર-સાંજ હાજરી આપવાનું ફરજિયાત કર્યું હતું. વલ્લભભાઈએ આ બંને બાબતોનો વિરોધ કર્યો અને આંદોલનો જગાવ્યાં. તેમણે હૈડિયાવેરો નહિ ભરવાનું પ્રજાને એલાન આપ્યું અને પૂરી કોમને અપરાધી કોમમાંથી છુટકારો અપાવવાનું આંદોલન શરૂ કર્યું. ગુલાબ રાજા અને બાબર દેવા જેવા બહારવટિયા થયા હતા, પણ તેથી પૂરી કોમને લૂંટારુ ન કહેવાય. આંદોલન જોરદાર ચાલ્યું. સરકાર મિલકત જપ્ત કરે. લોકો ઘરબાર છોડીને ખેતરોમાં ચાલ્યાં જાય પણ હૈડિયાવેરો ન ભરે. આ લડત જોરથી ચાલતી હતી ત્યાં મુંબઈમાં સર લેસ્લી વિલ્સન નવા ગવર્નર આવ્યા. તેમણે બોરસદની લડત વિશે રસથી તપાસ કરાવી અને અંતે હૈડિયાવેરો કાઢી નાખ્યો તથા જપ્ત કરેલી સંપત્તિ પાછી આપવાનું નક્કી કર્યું. આ વલ્લભભાઈનો વિજય હતો. લોકોએ બોરસદમાં વિજયોત્સવ મનાવ્યો. 25-30 હજાર માણસો ભેગાં થઈ ગયાં. સરકારને લોકબળનું ભાન થઈ ગયું.

1927માં ગુજરાતના મધ્ય તથા દક્ષિણભાગમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો, તેથી જળપ્રલય જેવું દશ્ય થઈ ગયું. હજારો લોકોનાં ઘર-છાપરાં તણાઈ ગયાં. આ વખતે વલ્લભભાઈ અને સાથીદારોએ ભેગા મળીને લીલા દુકાળનો સફળ સામનો કર્યો હતો.

જેને કામ કરવું હોય તેણે કામની રાહ જોવાની ન હોય, પોતે જાતે જ કામ ઊભું કરવું જોઈએ. અંગ્રેજી પરિપાટી પ્રમાણે દર ત્રીસ વર્ષે જમીનમહેસૂલ ઉપર વિચારણા થતી અને વધારો થતો. આ વખતે પણ તેવું જ થયું. સરકારે જમીનમહેસૂલ 29% વધારવાની જાહેરાત કરી દીધી. વલ્લભભાઈ અને કાર્યકર્તાઓએ મળીને વધારાયેલું મહેસૂલ નહીં ભરવાની લડતનો આરંભ કર્યો. સરકારે ઘણી સખતાઈ કરવા માંડી. જમીનો, ઢોરાં, ઘરો જપ્ત કરવા માંડ્યાં, પણ પ્રજાએ મચક ન આપી. આ લડત માટે વલ્લભભાઈએ કેટલીક છાવણીઓ બનાવી જેમાંની એક બોરસદમાં આજે પણ છે. આ છાવણીઓમાં વિરોધસંગ્રામ ચાલતો રહેતો હતો. વાત એટલી બધી ઉગ્ર બની ગઈ કે પ્રજાને બોધપાઠ શિખવાડવા લશ્કર બોલાવવાની પણ તૈયારી કરવા માંડી હતી, પણ અંતે સરકાર ઝૂકી અને વધારાનું મહેસૂલ લેવાનું બંધ કર્યું. જપ્ત થયેલી જમીન અને ઢોરાં વગેરે પાછાં આપવાનું થયું. આ પણ વલ્લભભાઈનો જ વિજય કહેવાય. ત્યારથી વલ્લભભાઈ બારડોલીના સરદાર થયા હતા.

ભારત ખળભળી રહ્યું હતું. પ્રજામાં અશાંતિ હોય તો રાજાને કદી શાંતિ ન હોય. ઘરમાં અશાંતિ હોય તો ઘરધણીને કદી શાંતિ ન હોય. ભારતની પ્રજાને ઠંડી પાડવા ચતુર અંગ્રેજોએ 'સાયમન કમિશન' ભારત મોકલ્યું. તેમાં બધા જ અંગ્રેજો હતા અને તેની નીતિ પ્રજાને ચૂસણિયું આપી રડતી બંધ કરવાની હતી, તેથી મદ્રાસના કૉંગ્રેસ અધિવેશનમાં તેનો સંપૂર્ણ બહિષ્કાર કરવાનો ઠરાવ પાસ થયો. 3-2-1928ના રોજ સાયમન મુંબઈ પહોંચ્યા તેની સાથે જ 'ગો બૅક સાયમન'ના નારા સાથે કાળા વાવટા ફરકાવીને તેમનો વિરોધ થયો. કમિશન જ્યાંજ્યાં ગયું ત્યાં બધે જ તેનો જોરદાર વિરોધ થયો. પંજાબમાં લાહોરમાં તો ભયંકર લાઠીચાર્જ થયો, જેમાં લાલા લાજપતરાયને એવી ચોટ વાગી કે અંતે તેમનું અવસાન જ થઈ ગયું. દેશનાં મોટાં નગરોમાં જ્યાં-જ્યાં કમિશન ગયું ત્યાં બધે જ સખત વિરોધ થયો. અંતે 31-3-1928ના રોજ નિરાશ થઈને સાયમન કમિશન પાછું લંડન જતું રહ્યું. પ્રચંડ વિરોધથી અંગ્રેજો સમજી ગયા કે હવે આ પ્રજા ઉપર રાજ કરવું શક્ય નહીં રહે.

1928ના કલકત્તા અધિવેશનમાં સ્વરાજ્ય વિશે કૉંગ્રેસમાં બે ભાગ પડી ગયા. સુભાષબાબુ વગેરે પૂર્ણ સ્વાતંત્ર્યના હિમાયતી હતા જ્યારે ગાંધીજી વગેરે સ્વાયત્ત સ્વરાજ્યના પક્ષમાં હતા. બંને વચ્ચે ખાસી ટક્કર થઈ, પણ અંતે 1300 વિરુદ્ધ 900 મતથી ગાંધીજીનો પક્ષ જીતી ગયો. ગાંધીજીએ સુભાષબાબુની સખત ટીકા કરી. આ અધિવેશનમાં વલ્લભભાઈ બારડોલીવાળાના નામથી સર્વત્ર ગાજી ઊઠ્યા હતા.

30મી માર્ચે મોરબીમાં કાઠિયાવાડ રાજકીય પરિષદ ભરાઈ અને વલ્લભભાઈ તેના પ્રમુખ હતા. તેમણે રાજાઓને સુરાજ્ય સ્થાપવાની સલાહ આપી.

એપ્રિલ 1929માં ઉનાઈ મુકામે રાનીપરજ વનવાસી લોકોની પરિષદ મળી. સરદાર પ્રમુખ હતા. દારૂ-તાડીના ધંધાદારી પારસીઓએ વિરોધ કરેલો. સરદારે દારૂ-તાડીનો વિરોધ કરી નશામુક્ત જીવન જીવવાનો આગ્રહ કર્યો.

મહારાષ્ટ્રની પરિષદમાં પણ સરદાર પ્રમુખ રહ્યા અને સૌનાં મન જીતી લીધાં. ત્યાંથી તામિલનાડુના વેદારણ્ય ગયા. ત્યાંની પરિષદમાં પણ સરદાર પ્રમુખ રહ્યા અને બારડોલીનો ચેપ લગાડ્યો. ત્યાં બ્રાહ્મણ-અબ્રાહ્મણનો મોટો વિવાદ ચાલતો હતો. ત્યાંના બ્રાહ્મણો બહુ બુદ્ધિશાળી પણ અબ્રાહ્મણ દ્રવિડો સાથે મેળ ન કરે. તેમને સમજાવવા અને સમાધાન કરવા પ્રયત્નો કર્યા. રાજાજીએ સરદારને પૂરા તામિળનાડુની યાત્રા કરાવી.

1929ના ડિસેમ્બરમાં લાહોરમાં અધિવેશન ભરાવાનું હતું તેના પ્રમુખ માટે દસ પ્રાન્તોએ ગાંધીજીનું નામ સૂચવ્યું હતું. પાંચ પ્રાન્તોએ સરદારનું અને ત્રણ પ્રાન્તોએ જવાહરલાલનું નામ સૂચવ્યું હતું. ગાંધીજી નહેરુનું સમર્થન કરી ખસી ગયા. લોકોનો આગ્રહ સરદાર માટે હતો, પણ તે પણ નહેરુને મોકળાશ આપવા ખસી ગયા. નહેરુ હવે પ્રમુખ બન્યા.

સરદારે બિહારનો પ્રવાસ કર્યો અને પરિસ્થિતિ જાણી, જમીનદારોના ત્રાસ અને સ્ત્રીઓની દુર્દશા વિશે લોકોને જગાડ્યા.

લાહોરમાં રાવીના કિનારે અધિવેશન ભરાયું. પં. જવાહરલાલ નહેરુ પ્રમુખ હતા. આ અધિવેશનમાં ગાંધીજીએ પોતે જ સંપૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ પસાર કરાવ્યો. આ ઠરાવનો તેમણે જ પહેલાંનાં અધિવેશનોમાં વિરોધ કરેલો અને કૉંગ્રેસમાં બે ભાગલા પડી ગયેલા. સુભાષબાબુની ટીકા કરેલી તે જ વાત હવે તેમને યોગ્ય લાગી હશે તેથી સ્વીકારી લીધી!

સરદારે અમદાવાદનું ભાડાનું ઘર કાઢી નાખ્યું હતું. હવે તે ઘર વિનાના થઈને ફરતા હતા.

ગાંધીજી મીઠાનો સત્યાગ્રહ કરવા દાંડીકૂચ કરવાના હતા. તે જે-જે ગામથી પસાર થવાના હતા તે-તે ગામોએ વ્યવસ્થા કરવા વલ્લભભાઈ પહોંચી ગયા. તેમાં રાસગામ પણ આવ્યું. સરદારનું ભાષણ સાંભળવા હજારો માણસો ભેગાં થયાં હતાં, પણ તેમનું ભાષણ શરૂ થાય તેના પહેલાં જ તેમની ધરપકડ કરી લેવાઈ. સરદારને બોરસદ ડિસ્ટ્રીક્ટ મૅજિસ્ટ્રેટની કોર્ટમાં લઈ જવાયા. મૅજિસ્ટ્રેટ મિ. માસ્ટર હતા, જેમને અમદાવાદની સુધરાઈના કમિશનર પદેથી સરદારે કાઢી મુકાવ્યા હતા. તેને બદલો લેવાનો ખરો મોકો મળી ગયો. રાસગામના શ્રોતાઓ પોતાના નેતાની ધરપકડનો વિરોધ કરવા બોરસદ પહોંચી ગયા. ટોળું જોઈને જજ-પોલીસ ગભરાયા, તેથી મૅજિ.ની કેબિનમાં જ કેસ ચાલ્યો. બારણું બંધ કરી દઈને સરદારને ત્રણ મહિનાની સાદી કેદની સજા અને રૂપિયા 500 દંડ કરવામાં આવ્યો. સરદારે પોતાનો બચાવ ન કર્યો. ગુનાનો સ્વીકાર કરી લીધો હતો, પણ જે અપરાધ માટે તેમને સજા થઈ હતી તે ભાષણ તો તેમણે કર્યું જ ન હતું. ભાષણ કરતાં પહેલાં જ ધરપકડ કરી લેવાઈ હતી. આખા દેશમાં ખળભળાટ થયો.

પોલીસ સુપ્રિ. બિલિમોરિયાએ સાબરમતી જેલના દરવાજે તેમને સિગારેટની ઓફર કરી પણ સરદારે અસ્વીકાર કરી દીધો. તે દિવસથી તેમનું ધૂમ્રપાન છૂટી ગયું. સાબરમતીના પટમાં જંગી સભા થઈ અને સરદારની ધરપકડનો વિરોધ કર્યો.

વડી ધારાસભામાં પં. મદનમોહન માલવીયે સભામોકૂફીની દરખાસ્ત મૂકી પણ ઊડી ગઈ. આ પ્રસંગે ઝીણાએ સરદારના પક્ષમાં જોરદાર પ્રવચન કર્યું હતું.

સરદાર સાબરમતી જેલમાં રહ્યા તે દરમિયાન તેમણે ડાયરી લખેલી તે બહુ જ રમૂજી અને જ્ઞાનપ્રદ છે, તેથી થોડો નમૂનો આપવો ઠીક લાગે છે.

તા. 8-3-1930ને શુક્રવારે રાતના આઠ વાગ્યે, ડે. સુપ્રિ. મિ. બિલિમોરિયા તેમને સાબરમતી જેલમાં મૂકી ગયા. બિલિમોરિયા રડી પડ્યા. વિદાય થયા. ત્રણ કામળામાં રાત ગુજારી. સવારે એક જ પાયખાના માટે કેદીઓની લાઈન લાગેલી તેથી સરદાર પાયખાને ગયા જ નહીં. કેદીઓ ઉપર દેખરેખ રાખવા બે વૉર્ડરો હતા. બંને મુસલમાનો અને બંને ખૂનકેસના કેદીઓ હતા. તેમના ઉપરનો પોલીસ પણ મુસલમાન હતો. ભોજનમાં કેદીને સવારમાં જુવારની કાંજી, બપોરે જુવારના રોટલા, દાળ અથવા શાક અને સાંજે પણ એ જ જુવારના રોટલા મળે. જમવા બાબત થોડું ઘર્ષણ થયું. સરદારને A ગ્રેડ મળ્યો. અહીં સંડાસની સગવડ ઠીક હતી. જેલમાં સરદારે વાચનમાં સમય કાઢવા માંડ્યો. લાંબી ગડમથલ પછી કેદીઓના ખોરાક માટે સાત આના નક્કી થયા. જેલમાં ઉપવાસ પણ કર્યા. સ્વરાજ્યપ્રાપ્તિ માટેના બધા કેદીઓને એક વૉર્ડમાં રાખવાનું નક્કી થયું.

જેલમાં બે પ્રકારના કેદીઓ હોય. જે ઘરમાં ઘણી સગવડો ભોગવતા હોય અને ઘોર અગવડોમાં આવી પડ્યા હોય. બીજા ઘરની

તુલનામાં સારી સગવડો અનુભવતા હોય. બીજા પ્રકારના કેદીઓને જેલવાસ બહુ દુઃખદાયી નથી લાગતો, પણ પ્રથમ પ્રકારના લોકોને સગવડોની દૃષ્ટિએ તથા ઇજ્જત-આબરૂની દૃષ્ટિએ જેલવાસ ઘણો કષ્ટદાયક બની જતો હોય છે. સરદારે હસતાંહસતાં જેલજીવન સ્વીકારી લીધું અને પ્રસન્નતાથી રહેવા લાગ્યા. આ તેમની ઝિંદાદિલી કહેવાય.

સરદાર જ્યારે જેલમાંથી છૂટ્યા ત્યારે અમદાવાદમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. જેલમાંથી છૂટ્યા ને ચાર જ દિવસ થયા હશે અને કૉંગ્રેસપ્રમુખ મોતીલાલ નહેરુની ધરપકડ થઈ. તેમણે સરદારને ચાર્જ સોંપી દીધો. આ રીતે સરદાર હવે કૉંગ્રેસપ્રમુખ થયા, પણ સરદાર લાંબો સમય બહાર રહી શક્યા નહીં. તેમને ભાષણ ન કરવાનો હુકમ હોવા છતાં તેમણે ભાષણ કર્યું અને નવ મહિનાની સજા સાથે ફરી જેલમાં ગયા. રાજેન્દ્રબાબુ નવા કામચલાઉ પ્રમુખ બન્યા. સ્વરાજ માટેનું આંદોલન જોર પકડી ચૂક્યું હતું અને પોલીસદમન પણ ચરમ કક્ષાએ હતું.

અંગ્રેજ સરકાર ગોળમેજી પરિષદ યોજવા માગતી હતી. તે બાબત બધા નેતાઓ વિચાર કરી શકે તે માટે સરકારે ગાંધીજી, સરદાર અને બીજા નેતાઓને જેલમાંથી મુક્ત કરી દીધા હતા. લાંબી મથામણ પછી ગાંધી-ઇરવિન કરાર થયા. સરદાર ગામડાંઓમાં ફર્યા અને લોકોને કરાર થવાથી જમીન વગેરે પાછું મળશે તેવું સમજાવ્યું.

29-3-1931ના રોજ કરાંચીમાં કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન ભરાવાનું નક્કી થયું. અધિવેશનના પ્રમુખ સરદાર હતા, પણ આ જ વખતે સરદાર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને સરકારે ફાંસી આપી દીધી હોવાથી અને ગાંધીજીએ આ ત્રણ શહીદો માટે કોઈ જ પ્રયત્ન ન કર્યો હોવાથી કરાંચીના લોકો રોષે ભરાયા હતા. ગાંધીજી અને સરદાર બંને એકસાથે કરાંચી સ્ટેશને ઊતર્યા. લોકોએ કાળા વાવટા બતાવી ઘોર વિરોધ કર્યો, તોપણ અધિવેશનમાં આ ત્રણે શહીદોને બિરદાવવામાં આવ્યા. અધિવેશન ચાલતું હતું ત્યારે જ કાનપુરમાં શ્રી ગણેશશંકર વિદ્યાર્થીની હત્યા કરી નાખવામાં આવી હતી ત્યાં હિન્દુ-મુસ્લિમ હુલ્લડ ફાટી નીકળ્યું હતું. અને ગણેશશંકર એકતા માટે કાર્ય કરતા હતા.

આમ અંતે સરદારના પ્રમુખસ્થાને આ અધિવેશન પૂર્ણ થયું.

રાજકીય ખટપટો વધી ગઈ હતી. નવા આવેલા વાઈસરૉય વેલિંગ્ડન, લૉર્ડ ઇરવિન કરતાં વધુ કડક હતા તેથી પણ કામમાં રુકાવટ થવા લાગી. અનેક મતભેદો હોવા છતાં અંતે ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં હાજરી આપવા લંડન જવાનું નક્કી કર્યું. ગોળમેજી પરિષદ નિષ્ફળ ગઈ. બંને વચ્ચેનું અંતર ઘણું હોવાથી કોઈ મેળ થઈ શક્યો નહીં.

આ બાજુ સરદારે બારડોલીમાં ખેડૂતો ઉપર જબરજસ્તી મહેસૂલ વસૂલ કરવા માટે થયેલા અત્યાચારોની તપાસ કરવા સરકારને દબાણ કર્યું. તપાસ શરૂ થઈ. શ્રી ભુલાભાઈ દેસાઈ વગેરે ખેડૂતોના વકીલ રહ્યા, પણ અંતે અંગ્રેજ અધિકારીના એકપક્ષીય વલણથી ભુલાભાઈ વગેરે તપાસ કમિટીમાંથી ખસી ગયા.

ગાંધીજી ગોળમેજી પરિષદની નિષ્ફળતા પછી હજી વધુ દિવસ વિલાયત અને યુરોપમાં ગાળવા માગતા હતા, પણ સરદારે તાર કરીને તરત જ પાછા ફરવા વિનંતી કરી, કારણ કે યુ.પી., બંગાળ, સરહદ- પ્રાંત વગેરે સ્થળોએ સરકાર તરફથી કાર્યકર્તાઓ ઉપર આડેધડ અત્યાચારો થવા લાગ્યા હતા. સરહદપ્રાન્તમાં 15થી 50 માણસો પોલીસ ગોળીબારમાં મરણ પામ્યા હતા. આવી પરિસ્થિતિમાં 28-12-1931ના રોજ ગાંધીજી મુંબઈ પાછા આવ્યા. જવાહરલાલ નહેરુ અને ખાન અબ્દુલ ગફારખાનને પકડીને જેલમાં નાખી દીધા હતા.

ગાંધીજીએ વાઈસરૉય સાથે તારથી વાર્તાલાપ કર્યો, પણ કશું પરિણામ ન આવ્યું. ઊલટાનું 4-1-1932ના રોજ ગાંધીજી અને સરદારને મુંબઈથી પકડી લીધા, કૉંગ્રેસપક્ષને ગેરકાયદે જાહેર કરાયો અને પૂરા દેશમાંથી બધા મોટામોટા કાર્યકર્તાઓને પકડી લેવામાં આવ્યા. દફતરો જપ્ત કર્યાં. વાઈસરૉય વેલિંગ્ડન કડક રીતે રાષ્ટ્રીય આંદોલનને કચડી નાખવા માગતા હતા. કદાચ કોઈ વિરોધ કરે કે સત્યાગ્રહ કરે તો તેને કઠોરતાથી દબાવી દેવાના હુકમો કર્યા. લાઠીચાર્જ થયા, ઘોડા દોડાવ્યા. વેલિંગ્ડનની ઇચ્છા તો માત્ર છ જ મહિનામાં કૉંગ્રેસને ખતમ કરી નાખવાની હતી તેથી બધા પ્રયત્નો કર્યા. બીજી બાજુ પ્રજાનો જુસ્સો પણ જબરો હતો. થોડા જ દિવસોમાં એક લાખથી વધુ સ્ત્રી-પુરુષોએ જેલ ભરી દીધી. નવાનવા વટહુકમો બહાર પાડીને અધિકારોની બેફામ સત્તા આપી દીધી હતી. અત્યાચારનો ભયંકર દોર ચાલુ થઈ ગયો. ગોળમેજી પરિષદને નિષ્ફળ બનાવવાનો દંડ પ્રજા ભોગવી રહી હતી. સરદારે પોતાની ગિરફતારી પછી કોણકોણ પ્રમુખપદ સંભાળશે તેની યાદી કરી. તે મુજબ રાજેન્દ્રપ્રસાદ પ્રમુખ થયા. દમનનો દોર ચાલુ રહ્યો હતો.

સર સેમ્યુઅલ હોર, ભારતમંત્રી, ભારત આવ્યા જેથી વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવે. વાઈસરૉયનો દાવો હતો કે હવે પરિસ્થિતિ સુધરી છે અને ભારતમાં શાંતિ છે. મદનમોહન માલવીયજીના પ્રમુખપદે દિલ્હીમાં વાર્ષિક અધિવેશન ભરવાનું નક્કી થયું તો તેમને પણ ગિરફ્તાર કરી લેવાયા. પણ અમદાવાદના શેઠ રણછોડલાલ અમૃતલાલના પ્રમુખપદે ચાંદનીચોકમાં અધિવેશન ભરવામાં આવ્યું. સરદાર અને બીજા નેતાઓ અઢી વર્ષ સુધી જેલમાં રહ્યા. ગાંધીજી, સરદાર અને મહાદેવ દેસાઈને પ્રથમ યરવડા જેલમાં અને પછી નાશિક જેલમાં રાખવામાં આવ્યા.

જેલ દરમિયાન મોટાભાઈ વિઠ્ઠલભાઈ બીમાર પડ્યા. તેમને ઓપરેશન માટે વિયેના જવાની રજા મળી. તે વિયેના ગયા પણ ખરા, ઓપરેશન થયું પણ ખરું, પણ સતત ભ્રમણને કારણે તેમને હાર્ટએટેક આવ્યા અને 21-10-1933ના રોજ તેમનું જિનિવામાં અવસાન થઈ ગયું. તેમના શબને સ્ટીમર દ્વારા મુંબઈ લાવવામાં આવ્યું. તેમના અગ્નિસંસ્કાર માટે અમુક શરતો સાથે વલ્લભભાઈને છોડવા સરકાર તૈયાર થઈ, પણ વલ્લભભાઈએ શરતો માનવા અસ્વીકાર કર્યો તેથી છોડ્યા નહીં. વિઠ્ઠલભાઈની ઇચ્છા ચોપાટી ઉપર તિલકની બાજુમાં પોતાના અગ્નિસંસ્કાર થાય તેવી હતી, પણ સરકારે પરવાનગી ન આપી, તેથી ભવ્ય સ્મશાનયાત્રા સાથે સોનાપુરમાં અંતિમ વિધિ કરવામાં આવી. આ પ્રસંગે ડાહ્યાભાઈ અને મણિબહેન હાજર રહ્યાં હતાં. ડાહ્યાભાઈ 28મા વર્ષે વિધુર થયા હતા. તેમનાં પત્નીના અવસાનથી બધો પરિવાર દુઃખી હતો. સરદારે જેલમાંથી અનેક પત્રો લખી તેમને પત્ની વિના ન રહી શકાય તો બીજાં લગ્ન કરી લેવાની સલાહ આપતા અનેક પત્રો લખ્યા. જેલવાસ દરમિયાન પુષ્કળ સમય હોવાથી સરદારે ઘણાને ઘણા પત્રો લખ્યા હતા.

તા. 15-1-1934ના રોજ બિહારમાં ભયંકર ધરતીકંપ આવ્યો. પારાવાર નુકસાન થયું. સરદાર જેલમાં હતા તોપણ સ્વામી આનંદ દ્વારા તેમણે બિહારમાં સેવાપ્રવૃત્તિ શરૂ કરાવી.

સરદારને નાકનું ભારે દર્દ હતું. ઘણીવાર તે આખી રાત બેસી રહેતા—ઊંઘી ન શકતા, પણ સરકાર જેલમાં પૂરતી કાળજી રાખતી નહીં. અંતે ડૉક્ટરોના અભિપ્રાયથી 14-7-1934ના રોજ નાશિક જેલમાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા. અઢી વર્ષ જેલમાં ગાળ્યાં.

ગાંધીજીના કેટલાક વિચારો સાથે ઘણા કૉંગ્રેસી નેતાઓ સહમત થઈ શકતા ન હતા તોપણ મન મારીને સાથે રહેતા હતા, તેમાં અહિંસા અને ખાદી વિશેના તેમના કડક અને ચુસ્ત વિચારો સાથે ઘણા તાલમેલ બેસાડી શકતા નહીં,—આ વાત ગાંધીજીની સમજમાં આવી ગઈ હતી તેથી તેમણે પોતાની મેળે જ કૉંગ્રેસ ત્યાગવાનો નિર્ણય કર્યો. એનો અર્થ એવો પણ કરી શકાય કે “હું કહું તે રીતે કૉંગ્રેસ માને તો જ હું કૉંગ્રેસમાં રહું. કૉંગ્રેસ કહે તે પ્રમાણે મારાથી નહીં રહેવાય.” તેમણે કૉંગ્રેસી બંધારણમાં કેટલાક મહત્ત્વના સુધારા પણ સૂચવ્યા, જેમાં અહિંસા અને ખાદી મુખ્ય સુધારો હતો. એ યાદ રહે કે ગાંધીજીની અહિંસા રાજકારણ પૂરતી જ હતી, જૈનો જેવી પૂરા જીવનની ન હતી, કારણ કે મોટા ભાગના કૉંગ્રેસીઓ માંસાહારી હતા. પ્રત્યેક કૉંગ્રેસીએ વ્યક્તિગત રીતે પણ માંસાહાર છોડવો જોઈએ તેવો આગ્રહ ગાંધીજી રાખતા ન હતા, પણ સરકાર સામેની લડતમાં હિંસાનો ઉપયોગ ન કરવો તેવો આગ્રહ હતો.

કૉંગ્રેસ-ત્યાગના ગાંધીજીના નિર્ણયને બધા નેતાઓએ અમાન્ય ગણ્યો. ગાંધીજીને છોડી દેવાનું કૉંગ્રેસને પોસાય તેવું ન હતું. તોપણ સરદારે ગાંધીજીનું સમર્થન કર્યું. કેટલાક લોકોએ સરદારને ગાંધીજીના અંધ ભક્ત માની લીધા. 1934માં કેન્દ્રીય ધારાસભાની ચૂંટણી થવાની હતી. તેની આગેવાની સરદારે લીધી, ચૂંટણી થઈ ગઈ. કુલ 127 બેઠકોમાંથી કૉંગ્રેસને 44, નૅશનલ કૉંગ્રેસને 11, મહમદ અલી ઝીણાની પાર્ટીને 22 અને યુરોપિયન જૂથને 11 બેઠકો મળી. 26 બેઠકો સરકાર દ્વારા નિયુક્તિથી ભરાવાની હતી. સાચા અર્થમાં તો બંને કૉંગ્રેસને ભેગી કરીએ તો 55 મત થાય. બીજી તરફ સરકારી વલણવાળા 50 થતા હતા. હવે ખરો આધાર 20 મુસ્લિમ મતો ઉપર રહ્યો હતો. ભારતની ચૂંટણીવ્યવસ્થા ત્યારે અને અત્યારે પણ એવી છે કે સંપૂર્ણ બહુમતી ન મળી હોય પણ કોઈ સૌથી મોટો પક્ષ હોય તો તે નાના પક્ષો કે અપક્ષોનો સાથ લઈને બહુમતી બનાવી સરકાર રચી શકે, પણ આમાં ટેકો આપનારો નાનો પક્ષ કે નાના પક્ષો મોટા પક્ષ ઉપર કાયમ માટે ધોંસ જમાવતા રહે, પોતાનું જ ધાર્યું કરાવતા રહે. આ ચૂંટણીવ્યવસ્થાની લાચારી જ કહેવાય. ઝીણાના પક્ષે કૉંગ્રેસને ટેકો આપ્યો. હવે તે 77 થયા. આ રીતે કામ ચાલતું રહ્યું.

વિચારસરણીની દૃષ્ટિએ કૉંગ્રેસમાં બે ભાગ પડી રહ્યા હતાઃ એક ડાબેરી અને બીજો જમણેરી. ડાબેરીઓ પોતાને સમાજવાદી કૉંગ્રેસી કહેતા હતા. પં. નહેરુજી તે વિચારધારાથી પ્રભાવિત હતા. બીજી તરફ જમણેરી વિચારધારામાં સરદાર રાજેન્દ્રપ્રસાદ, રાજગોપાલાચારી વગેરે હતા. ગાંધીજીનો ચરખાવાદ મંદ પડી રહ્યો હતો.

ગુજરાતનું રાજકારણ ડહોળાયેલું હતું. સરદાર પ્રમુખપદ છોડી દેવા માગતા હતા. તેવામાં બોરસદ તાલુકામાં પ્લેગ ફાટી નીકળ્યો. તરત જ બધાં કામ પડતાં મૂકીને સરદાર ત્યાં પહોંચી ગયા અને કામે લાગી ગયા.

1936માં લખનૌમાં નહેરુજીના પ્રમુખપદે કૉંગ્રેસનું અધિવેશન ભરાયું. નહેરુ કૉંગ્રેસને સમાજવાદી રંગ આપવા માગતા હતા. નહેરુ સરદાર, રાજેન્દ્રપ્રસાદ, રાજાજી જેવા જમણેરી પ્રત્યે આકરી ટીકા કરતા હતા, તો સરદાર તેમને સચોટ જવાબ આપતા હતા. ગાંધીજી 'નરો વા કુંજરો વા' કરતા હતા. બંને પક્ષોમાં ભારે સંઘર્ષ થયો પણ અંતે કારોબારીમાં સરદાર પક્ષનો વિજય થયો. નહેરુપક્ષનું કાંઈ ચાલ્યું નહીં. એમ કહેવાય કે નહેરુ અને સરદારની પ્રતિસ્પર્ધા આ રીતે ખુલ્લી થઈ ગઈ તે છેક સુધી રહી. જરૂર પડે ત્યારે ગાંધીજી નહેરુ તરફ ઝૂકી જતા તે પણ સ્પષ્ટ થયું. કૉંગ્રેસ કારોબારીમાં એક પણ સ્ત્રી-સભ્ય ન હતા. તેનો દોષનો ટોપલો નહેરુએ સરદાર વગેરે જમણેરીઓ ઉપર ઢોળ્યો તેથી સરદાર વગેરે નારાજ થયા. અંતે સરદાર અને બીજા બધા જમણેરીઓએ નહેરુને રાજીનામાં ધરી દીધાં. આ તેમની ખુમારી જ કહેવાય. પોતાની પ્રચંડ બહુમતી હોવાથી તે ધારત તો નહેરુજીને જ વિદાય કરી શકત, પણ તેમણે તેવું ન કર્યું. ગાંધીજી નહેરુની વહારે આવ્યા અને બધાને સમજાવીને રાજીનામાં પાછાં ખેંચાવડાવ્યાં. કારોબારીમાં જે-જે ઠરાવો પાસ થયેલા તેથી ઊલટા સમાજવાદી વિચારોને નહેરુજી જાહેરમાં પ્રોત્સાહન આપતા હતા તેનો વિરોધ જમણેરીઓ કરી રહ્યા હતા. આઝાદી પછી અને સરદારના અવસાન પછી નહેરુજી સમાજવાદ વિશે વધુ મક્કમ બન્યા, જેના કારણે દેશી-વિદેશી મૂડીરોકાણને ફટકો પડ્યો. દેશ વધુ નિર્ધન થયો. આ ભૂલ છેક નરસિંહરાવના સમયમાં સુધારવામાં આવી હતી. સમાજવાદ અને ચરખાવાદમાં ભારતે મૂલ્યવાન 30 વર્ષ વિતાવી દીધાં હતાં.

ફૈઝપુરમાં કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન ભરાવાનું હતું. પ્રમુખ તરીકે સરદાર અને નહેરુના નામની ચર્ચા હતી, પણ ગાંધીજીએ નહેરુજીને પ્રોત્સાહન આપ્યું તેથી નહેરુ પ્રમુખ બન્યા. ત્યારે ગાંધીજીનું વાક્ય બ્રહ્મવાક્ય ગણાતું હતું અને સરદાર ગાંધીજીની આજ્ઞાને ઈશ્વરઆજ્ઞા માનતા હતા. સરદારે પોતાનું નામ પાછું ખેંચી લીધું, તેથી પ્રચંડ બહુમતી ધરાવતા જમણેરીઓને દુઃખ થયું.

1937માં ચૂંટણી થઈ અને તેમાં કુલ 1585 બેઠકોમાંથી કૉંગ્રેસને 716 બેઠકો મળી. મદ્રાસ, બિહાર, મધ્યપ્રદેશ, ઓરિસા અને યુ.પી.માં કૉંગ્રેસને સંપૂર્ણ બહુમતી પ્રાપ્ત થઈ ગઈ. અંગ્રેજોની આંખ ઊઘડી ગઈ.

મુંબઈમાં બાબાસાહેબ ખેર સર્વાનુમતે નેતા ચૂંટાયા, પણ મુંબઈના પ્રસિદ્ધ વકીલ અને કૉંગ્રેસી નેતા નરીમાન આડા ફાટ્યા. જે પદ માટે તેમની મહત્ત્વાકાંક્ષા હતી તે હાથમાંથી સરકતું દેખાયું. ઘણી ખટપટો કરી પણ સરદાર ખેરના પક્ષમાં હતા તેથી કાંઈ ઊપજ્યું નહીં. પોતાની હતાશાનો ટોપલો તેમણે સરદાર ઉપર નાખ્યો. તે એટલા વિરોધી થઈ ગયા કે જાણે દુશ્મન જ બની ગયા. તા. 4-10-1948ના રોજ તેમનું અવસાન થયું. સરદારે તેમની પત્નીની ઇચ્છા પ્રમાણે વિશેષ વિમાનથી તેમનું શબ મુંબઈ મોકલાવી દીધું. આવી ઉદારતા હતી સરદારની.

ચૂંટણીમાં છ પ્રાન્તોમાં કૉંગ્રેસને બહુમતી મળી હતી, એટલે છ પ્રાન્તોમાં કૉંગ્રેસનું મંત્રીમંડળ રચાયું હતું. અત્યાર સુધી એવી પ્રથા હતી કે મંત્રીમંડળની પ્રત્યેક બેઠકમાં ગવર્નર હાજરી આપતા. આમ કરવાથી તેઓ બેઠકને પ્રભાવિત કરતા અને નિયંત્રણ રાખતા, પણ સરદારે આ રિવાજ બદલી નાખ્યો. મંત્રીમંડળની બેઠકમાં ગવર્નરની હાજરીની આવશ્યકતાનો અસ્વીકાર કર્યો, 'અમે અમારી રીતે નિર્ણય કરીશું.' છેવટે છેક ઉપરથી મધ્યસ્થી થઈ અને નક્કી થયું કે બહુ જરૂરી હોય ત્યારે જ ગવર્નરે હાજર રહેવું. સરદાર આવું જ ઇચ્છતા હતા.

ત્યારે પ્રધાનોનો પગાર 500 રૂ. હતો અને 250 પ્રવાસભથ્થાના હતા. ધારાસભ્યોનો તો પગાર જ ન હતો.

હવે એવું બન્યું કે સરદારે લડત દરમિયાન પકડાયેલા બધા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવાની વાત કરી. છયે પ્રાંતોના મંત્રીમંડળને આ વાત ગમી પણ ગવર્નરની સહી વિના મંત્રીમંડળનો કરેલો નિર્ણય કાર્યરૂપ ન થઈ શકે. ગવર્નરો સહી કરવા તૈયાર ન હતા. હવે શું કરવું? સરદારે સૂચના આપી કે જો ગવર્નરો સહી ન કરે તો મંત્રીમંડળે રાજીનામાં ધરી દેવાં. વાયસરોય લિનલિથગો અને સેક્રેટરી ઝેટલેન્ડને લાગ્યું કે આ માત્ર ધમકી જ છે, કોઈ રાજીનામાં આપવાના નથી. પણ યુ.પી.ના ગોવિંદ વલ્લભ પંત અને બિહારના શ્રીકૃષ્ણ સિંહાએ રાજીનામાં ધરી દીધાં. દિલ્હી અને પ્રાન્તોની સરકારો ગભરાઈ. તેમણે તરત જ નમતું જોખ્યું. રાજકીય કેદીઓને છોડી મૂકવાની તૈયારી બતાવી. આ સરદારનો વિજય હતો.

આવી જ એક બીજી પરિસ્થિતિ સર્જાઈ. ઓરિસ્સાના ગવર્નર બીમાર રહેતા હતા તેથી ચાર મહિનાની રજા ઉપર જવાનો નિર્ણય કર્યો.

તેમની જગ્યાએ કામચલાઉ ગવર્નર રેવન્યુ કમિશનર મિ. ડેઈનની નીમવામાં આવ્યા. કૉંગ્રેસી મંત્રીમંડળે વિરોધ કર્યો કે એક આઈ. સી. એસ. ઑફિસર અમારા હાથ નીચેનો નોકર કહેવાય. તે અમારો ગવર્નર થાય અને ચાર મહિના પછી પાછો નોકર થઈ જાય તે વિચિત્ર લાગે. આ સહન ન થાય. ઘણી રકઝક ચાલી. અંતે સરદારે મંત્રીમંડળને રાજીનામું આપી દેવાની સલાહ આપી. દિલ્હી અને લંડનની સરકારો ઝૂકી અને તેણે વચ્ચેનો રસ્તો કાઢ્યો. ગવર્નરની રજા જ મંજૂર ન કરી. અર્થાત્ હતા તે જ ગવર્નર રહ્યા. આ પણ સરદારનો જ વિજય હતો.

એક બીજો પ્રસંગ પણ નોંધવા જેવો છે. ગુજરાતના ખેડૂતોએ કર નહીં આપવાની લડત ચલાવેલી, તેના પરિણામે તેમની જમીન વગેરે બધું જપ્ત થયેલું, ત્યારે સરદારે લોકોને વચન આપેલું કે "તમારી જમીન પાછી આવવાની જ છે. તમે નિશ્ચિંત રહેજો." હવે મુંબઈમાં કૉંગ્રેસી મંત્રીમંડળ રચાયું. તેણે ખેડૂતોની જમીનો હરાજીમાં થયેલા નવા માલિકો પાસેથી સરકારી પૈસે પાછી લઈને ખેડૂતોને મફત પાછી આપવી, પણ પ્રશ્ન એ હતો કે હરાજ થયેલી અને કાયદેસર થયેલી વેચાણપ્રક્રિયાને રદ કરવી કેવી રીતે? ઘણા અવરોધો થયા પણ સરદાર મક્કમ હતા. તેમણે લડત ચલાવી અને અંતે સફળ રહ્યા. ખેડૂતોની જમીન બારણાં ઠોકતી પાછી આવી. નેતાઓ આપેલાં મહત્ત્વનાં વચનો પાળે તો જ તેમની સ્થાયી પ્રતિષ્ઠા થાય.

એક બીજા પ્રકરણે દેશને હચમચાવી મૂક્યો. મધ્યપ્રાન્તની એક 13 વર્ષની દલિત બાળા ઉપર છ મુસલમાનોએ બળાત્કાર કર્યો. કેસ ચાલ્યો અને છયે છને સજા થઈ. છમાં બે તો સરકારી અમલદારો હતા. ત્યારે મધ્યપ્રાન્તના કાનૂનમંત્રી મોહમ્મદ શરીફ હતા. અપરાધીઓએ દયાની અરજી કરી અને મોહમ્મદ શરીફે દયાની અરજી મંત્રીમંડળને પૂછ્યા વિના જ ગવર્નરને મંજૂર કરવા મોકલી દીધી. ગવર્નરે મંજૂર કરી દીધી. ચારે તરફ હાહાકાર થઈ ગયો. લોકો બહાર પડ્યા. સ્ત્રી- સંસ્થાઓએ ભારે વિરોધ કર્યો. મંત્રીમંડળને પણ થયું કે મોહમ્મદ શરીફે પૂછ્યા વિના જ પગલું ભર્યું તે ઠીક ન કહેવાય. સરદાર વચ્ચે પડ્યા. એક કમિશન નિમાયું અને તેણે મોહમ્મદ શરીફને દોષી ઠરાવ્યા. અંતે તેમનું રાજીનામું લેવામાં આવ્યું ત્યારે પ્રજા શાંત થઈ.

વિપક્ષમાં કે વિરોધમાં રહીને શાસનની ટીકા કરવી અને સ્વયં શાસન ચલાવવું એ બંનેમાં ઘણું અંતર છે. હજી સુધી કૉંગ્રેસીઓ અંગ્રેજો વિરુદ્ધ આંદોલનો ચલાવતા હતા, પણ હવે તેઓ રાજ્ય ચલાવવા લાગ્યા હતા અને અનેક પ્રશ્નો ઊભા કરતા હતા. ત્યારે મધ્યપ્રાંતમાં ત્રણ ઘટકો હતાઃ મહાકોશલ, વરાડ અને નાગપુર. મહાકોશલ સૌથી મોટો ભાગ હોવા છતાં નાગપુરના ખરેને મુખ્યમંત્રી બનાવાયા, પણ મંત્રીમંડળ બરાબર જામ્યું નહીં. ખરેએ નવું પોતાનું ગમતું મંત્રીમંડળ રચવા રાજીનામું આપી દીધું, પણ કોશલના ત્રણ મંત્રીઓએ કૉંગ્રેસસમિતિની સૂચના પ્રમાણે રાજીનામાં આપ્યાં નહીં. શ્રી ખરેનું પગલું આપખુદ હતું. પહેલાં તેમણે પક્ષને વાત કરવી જોઈએ અને પછી પક્ષ કહે તેમ જ કરવું જોઈએ. પણ તેમણે મન ફાવે તેમ કર્યું. પ્રકરણ લાંબું ચાલ્યું. અંતે ખરેએ અને કોશલના ત્રણ મંત્રીઓએ રાજીનામાં ન આપ્યાં તેથી ગવર્નરે તેમને બરખાસ્ત કરી દીધા. ખરેએ નવું મંત્રીમંડળ બનાવ્યું પણ વાતે તૂલ પકડ્યું. ખરેના પગલાનો બધાએ વિરોધ કર્યો. અંતે ખરેએ ફરીથી રાજીનામું આપીને નવા લીધેલા મંત્રીઓને વિદાય કર્યા. ફરી નવા મંત્રીમંડળ માટે પાછા પોતે જ ઉમેદવાર થવા માગતા હતા. ગાંધીજી અને સરદાર વચ્ચે પડ્યા અને કૉંગ્રેસપક્ષની શિસ્તમાં ન રહેવાના દોષના કારણે તેમને અયોગ્ય ઠેરવ્યા.

1938માં કૉંગ્રેસનું રાષ્ટ્રીય સંમેલન ગુજરાતમાં ભરાવાનું થયું. સરદારે બારડોલી પાસેના હરિપુરાને પસંદ કર્યું. તાપીના કિનારે સરદારની દેખરેખમાં ભવ્ય આયોજન થયું. પ્રમુખ તરીકે સુભાષબાબુ નક્કી હતા. વાંસ અને ખાદીનો ઉપયોગ કરીને બૅન્ક, તાર-ટપાલ, ટેલિફોન, હૉસ્પિટલ વગેરે બધી સગવડો સાથેનું ભવ્ય નગર વસાવ્યું હતું. તેમાં 7000 સ્વયંસેવકો અને 4000 કાર્યકર્તાઓ ખડેપગે કામ કરતા હતા. અહીંના રસોડે એક ટંકે 25 હજાર માણસો જમતા હતા અને બહાર દશ પૈસામાં પૂરું ભોજન જમતા હતા. રસોડાની પૂરી જવાબદારી રવિશંકર મહારાજને આધીન હતી.

શરૂઆતમાં જ એક વાંધો પડ્યો. બધો પ્રચાર હિન્દી, ગુજરાતી અને અંગ્રેજીમાં થતો હતો. ગાંધીજી ઉર્દૂને પણ ઉમેરાવવા માગતા હતા, જ્યારે અધિવેશનમાં માત્ર ઉર્દૂ જાણનારા બે ટકા પણ ન હતા. સરદારે તેમનું જેમતેમ સમાધાન કરાવ્યું. અધિવેશનમાં માંસાહારીઓની સંખ્યા પણ મોટી હતી, ઘણા વિવાદ પછી તેમના માટે બહાર વ્યવસ્થા કરવામાં આવી. ફરીથી વાદ કરાવીએ કે ગાંધીજી અને કૉંગ્રેસની અહિંસા માત્ર રાજકીય ક્ષેત્ર પૂરતી જ હતી, તેથી ચુસ્ત શાકાહારી થવાનું જરૂરી ન હતું. ત્યારે વિઠ્ઠલનગરનો કુલ ખર્ચો સાડાસાત લાખ

રૂપિયા થયો હતો. ગાંધીજી નારાજ થયા. તેમની ઇચ્છા માત્ર પાંચ હજારના ખર્ચમાં જ વ્યવસ્થા કરવાની હતી, જે શક્ય જ ન હતું. તેમને ખાદી પ્રત્યે એટલી બધી આસક્તિ હતી કે કૉંગ્રેસીઓ ખાદી પ્રત્યે પૂરતી નિષ્ઠા નથી રાખતા તેની ટીકા કરી અને સરદાર સુધ્ધાં ખાદીનું રહસ્ય સમજ્યા નથી તેમ કહી દીધું. ચુસ્ત અને કટ્ટર સંપ્રદાયો આવા આગ્રહથી થતા હોય છે. ગાંધીજીને વીજળીના દીવા અને મોટરગાડીઓ ન ગમીયાં. તે વાસ્તવિક ગ્રામ્યજીવન ઇચ્છતા હતા. ભવિષ્યમાં ગામડેગામડે વીજળી જાય તેના કરતાં જ્યાં છે ત્યાં કોડિયું આવે તેવી ધારણા હતી. હાથે છડેલા ચોખા, ગાયનું દૂધ અને હાથે દળેલા લોટ માટે વ્યવસ્થા થઈ હતી.

અધિવેશનના પ્રમુખ શ્રી સુભાષબાબુના વિચારો ગાંધીજી અને નહેરુજી કરતાં જુદા હતા. સરદારે સમાજવાદીઓને ખૂબ ખખડાવ્યા તે ગાંધીજીને ન ગમ્યું. નહેરુજી વગેરે ડાબેરીઓ તે તરફ ઝૂક્યા હતા.

આમ આયોજન-વ્યવસ્થા વગેરેની દૃષ્ટિએ આ અધિવેશન સરદારમય થઈ ગયું હતું. અધિવેશનના સ્થળનું નામ ‘વિઠ્ઠલનગર’ અપાયું હતું. અધિવેશને સરદારની પ્રતિષ્ઠામાં ઘણો વધારો કરી દીધો.

ભારતના બે પ્રકાર હતાઃ એક સીધું અંગ્રેજી સત્તાવાળું ભારત અને બીજું દેશી રજવાડાંવાળું ભારત. દેશી રજવાડાં નાનાં-મોટાં 600 ઉપર હતાં. અંગ્રેજોએ આ બધાં રજવાડાં રહેવા દીધાં હતાં, તે અમુક પ્રમાણમાં સ્વાયત્ત શાસનવાળાં હતાં, પણ સેના, કરન્સી, વિદેશનીતિ, પોસ્ટ વગેરે બાબતે અંગ્રેજોના હાથમાં સત્તા હતી. દેશી રજવાડાંની તુલનામાં અંગ્રેજોની સત્તાવાળું ભારત વધુ સારું હતું. દેશી રજવાડાંમાં બેફામ શાસન ચાલતું હતું. એમ કહી શકાય કે ભવિષ્યમાં જો ભારત આઝાદ થાય તો આવું તો નહીં થાય ને!

અત્યાર સુધી કૉંગ્રેસનું વલણ બ્રિટિશરાજ્ય પૂરતું જ હતું, અર્થાત્ ત્યાં જ આંદોલનો વગેરે કરવાં, દેશી રજવાડાંઓને છંછેડવાં નહીં, કારણ કે તે તો દેશી જ હતાં, વિદેશી ન હતાં. ત્યારે બ્રિટિશ સત્તાવાળા કુલ 11 પ્રાન્તો હતા તેમાં સાત પ્રાન્તોમાં કૉંગ્રેસની સત્તા હતી. છેવટે કૉંગ્રેસને વિચારો બદલવા પડ્યા. દેશી રજવાડાં હતાં તો દેશી, પણ જુલ્મની દૃષ્ટિએ અંગ્રેજો કરતાં વધુ જુલ્મી હતાં. તેથી દેશી રજવાડાંઓમાં પણ સ્વરાજ્ય અથવા સુશાસન સ્થપાય તે જરૂરી હતું. સરદારનું ધ્યાન દેશી રજવાડાં તરફ ગયું. ત્યારે દક્ષિણમાં મ્હૈસૂરનું રાજ્ય સારું, પ્રગતિશીલ મનાતું હતું. ત્યાં મહારાજા હિન્દુ હતા પણ દીવાન સર મિરઝા ઇસ્માઈલ હતા. ત્યાં પ્રતિવર્ષ વિદુરાશ્વત્થમમાં પ્રજાનો ધાર્મિક મેળો ભરાતો. મેળામાં હજારો માણસો ભાગ લેવા આવતા હતા. તેમાં કૉંગ્રેસી કાર્યકર્તાઓ પણ આવેલા. સરકારે સભાબંધી કરેલી તેમ છતાં મેળો ભરાયેલો. પોલીસ પહોંચી ગઈ અને વીખરાઈ જવા સૂચના આપી. લોકો વીખરાવા લાગ્યા, પણ સ્થાનિક ધાર્મિક લોકો વૃક્ષો નીચે આરામ કરવા લાગ્યા, કારણ કે તડકો બહુ હતો. પોલીસે ફરી ચેતવણી આપી અને લાઠીચાર્જ તથા ગોળીબાર કરી દીધો. 32 માણસો માર્યાં ગયાં અને 48 સખત ઘવાયાં. દેશમાં હાહાકાર થઈ ગયો. સરદાર કૃપલાનીને લઈને પહોંચી ગયા. દીવાન ઝૂક્યા અને સમાધાન થઈ ગયું. આ રીતે સરદારનો પ્રભાવ હવે રજવાડાંઓમાં પણ પહોંચવા લાગ્યો હતો.

આવું જ ગુજરાતના માણસા સ્ટેટમાં થયેલું. દરબાર વારંવાર જમીનમહેસૂલ વધારતા રહેતા અને ખેડૂતોને ઘણો ત્રાસ આપતા. ખેડૂતોએ જમીનમહેસૂલ ઘટાડવા અરજી કરી તો સરકારી અત્યાચારો વધી ગયા. પુષ્કળ અત્યાચારો થયા. છેવટે સરદારે ખેડૂતતરફી ભાગ લીધો. સરકારને ઝૂકવું પડ્યું. અંતે સમાધાન થવાથી શાંતિ થઈ.

આવું જ ભારતનું પ્રથમ નંબરનું વડોદરા રાજ્ય. તેના ભાદરણ ગામમાં પ્રજામંડળની પરિષદ ભરાઈ. મહારાજાએ પ્રજામંડળ બનાવવાની છૂટ આપેલી. અહીં પ્રવચન આપતાં સરદારે આવું કહ્યું હતું, “કાઠિયાવાડનાં દેશી રાજ્યો હિંદુસ્તાનનો કચરો છે—ઉકરડો છે. હિંદનાં રાજ્યો ગટરો છે. તેની તુલનામાં આ વડોદરા રાજ્ય સારું છે. “આ રાજ્યમાં આવી કોઈ ગોઝારી ઘટના ઘટી ન હતી, પણ મહારાજા પરદેશમાં જ રહ્યા કરતા હતા. તે ન ચાલે.

રાજકોટમાં કિસ્સો જુદો જ હતો. અહીં દીવાન ગોરો હતો. દરબારે તેને નોકરીમાંથી બરખાસ્ત કરી દીધો હતો. પણ તે છૂટો થવા તૈયાર ન હતો. લો, હવે શું કરવું?

વડોદરામાં મરાઠી લોકોને ઉશ્કેરીને સરદારવિરોધી બનાવવા પ્રયત્ન થયો, પથ્થરમારો થયો, સભા ન ભરી શકાઈ, ફરી બીજા દિવસે બીજે સભા ભરાઈ, પણ અશાંતિ ચાલુ રહી.

ચાલીસ ગામનું રજવાડું લીંબડી સ્ટેટ. ત્યાં દરબારે તો પોતાના ભાઈને જ દીવાન બનાવેલા. વલણ બહુ કડક. ત્યાં પ્રજામંડળ સ્થાપવાના પ્રયત્ન થયા પણ દીવાને ન થવા દીધા. દરબાર ગોપાળદાસ અને ભક્તિબા વગેરે ગયેલાં. તેમની મોટર રોકીને ગુંડાઓ ફરી વળ્યા.

ભક્તિબાએ હિંમતથી સામનો કર્યો. ગામેગામ અત્યાચારો વધી ગયા. સરદારે અત્યાચારની વાત જાણી. દરબારની સામે ન્યાય મેળવવા ત્રણ હજાર માણસો ઉપવાસ ઉપર ઊતર્યા. દરબારે મુસ્લિમોને પ્રજામંડળના વિરોધી બનાવ્યા. અહીં પ્રજાપરિષદ ભરાવાની હતી તે ન ભરાય તે માટે બધા દુષ્પ્રયત્નો થયા. ગુંડાઓને છૂટો દોર આપી દેવાયો તેથી તેર હજારની વસ્તીવાળા લીંબડીમાંથી પાંચ હજાર માણસોને પહેરેલે કપડે હિજરત કરવી પડી હતી. સરદાર હિજરતીઓના રક્ષણમાં પહોંચી ગયા. દરબારે હિજરતીઓની જમીન જપ્ત કરેલી જે પાછી અપાવી અને 1945માં સમાધાન કરાવ્યું. અંગ્રેજોનું નિયંત્રણ હોવા છતાં રજવાડાં આવો ત્રાસ ફેલાવતાં ત્યારે જો તે પૂર્ણ સ્વતંત્ર હોય તો શું ન કરે?

ભાવનગરની સ્થિતિ સારી હતી. દરબાર ભાવસિંહજી અને દીવાન પ્રભાશંકર પટ્ટણીનો સારો પ્રભાવ હતો, પણ પછી કૃષ્ણકુમારસિંહજી આવ્યા અને દીવાન થયા અનંતરાય પટ્ટણી. વાતાવરણ બદલાવા લાગ્યું.

1939ના મે મહિનાની 14મી તારીખે સરદાર ભાવનગર પધાર્યા. વાજતેગાજતે તેમનું સામૈયું કરીને લઈ જવાતા હતા ત્યાં નગીના મસ્જિદ પાસેથી ત્રીસેક મુસલમાનોનું ટોળું હથિયારો સાથે ધસી આવ્યું, અને તૂટી પડ્યું. તેમનું લક્ષ્ય સરદાર હતા, પણ નાનાભાઈ ભટ્ટ ત્યાં જ અડીખમ ઊભા રહી ગયા, ભાગ્યા નહીં. આત્મારામ ભટ્ટ પણ સાથે રહ્યા ને બંને લોહીલુહાણ થઈ ગયા. આ એકતરફી હુમલામાં બચુ વીરજી પટેલ અને જાદવજી શહીદ થઈ ગયા પણ સરદાર બચી ગયા.

સાંજે પરિષદનું કામ ચાલુ થયું. સરદાર પ્રમુખ હતા. બંને શહીદોનાં ભેગાં સ્મારક બનાવવાની પ્રેરણા આપી, સરદારે નાનાભાઈનો આભાર માન્યો. જે ઘા પોતાના ઉપર પડવાનો હતો તે તેમણે ઝીલી લીધો, એમ કહીને તેમણે નાનાભાઈ અને આત્મારામ ભટ્ટ બંનેનો આભાર માન્યો.

મુસ્લિમોના જાગૃત વર્ગે પણ હુમલાની નિંદા કરી. કોઈએ પાછળ રહીને આ કામ કરાવેલું હતું તેવું લોકો માનતા હતા, ને ખુરશી ઉપર પ્રભાશંકર પટ્ટણીએ ભાવનગર સ્ટેટનું નામ ઉજ્જ્વળ કરેલું તે ખુરશી ઉપર તેમના દીકરા અનંતરાવ ઝાંખા પડતા લાગ્યા.

રાજકોટની સ્થિતિ સૌથી વધુ ગંભીર હતી. ત્યાં પ્રજાવત્સલ દરબાર લાખાજીરાજની જગ્યાએ ગાદી ઉપર તેમના પુત્ર ધર્મેન્દ્રસિંહ આવેલા અને દીવાન વીરાવાળા હતા. બંનેનું વલણ પ્રજા પ્રત્યે સારું ન હતું. રાજકોટમાં રાજ્યમાલિકીની એક મિલ હતી. તેના કામદારોને ચૌદ કલાક કામ કરવું પડતું હતું. કામદારોએ આથી હડતાલ પાડી. વીરાવાળા ઝૂકી ગયા. સમાધાન થયું.

રાજકોટમાં વીરાવાળાએ પૈસા કમાવા માટે જુગાર રમાડવાનો ઇજારો આપેલો. તેના વિરોધમાં સભા થઈ. ઢેબરભાઈ નેતા હતા. બેફામ લાઠીચાર્જ થયો. ઘણા ઘાયલ થયા. બધાને ગિરફતાર કર્યા. સરદારે મુંબઈમાં વિરોધસભા કરી. તેમણે ઢેબરભાઈનું સમર્થન કર્યું. લોકોમાં એટલો જુસ્સો ભર્યો કે જ્યાંથી ઢેબરભાઈને પકડ્યા હતા ત્યાં રોજ સભાઓ થવા લાગી. હવે સરકારે પ્રજાને નહીં, વક્તાઓની ધરપકડ કરવા માંડી. અંતે ઢેબરભાઈ તથા બીજાઓને છોડી મુકાયા. જુગારના અડ્ડા બંધ થયા. આ પ્રજાનો પ્રથમ વિજય હતો.

રાજકોટમાં પરિષદ ભરાય નહીં તે માટે વીરાવાળાએ મુસ્લિમો, ગરાસિયાઓ અને ખેડૂતોના નામે ગાંધીજી તથા સરદાર ઉપર તાર કરાવ્યા, પણ સાચી હકીકત સરદાર જાણતા હતા. અંતે પાંચમી સપ્ટેમ્બરે પરિષદ ભરાઈને જ રહી. સરદારે બહુ જ માર્મિક અને તીખું ભાષણ કર્યું. તેમણે વીરાવાળાને સાવધાન કર્યા. અંતે વીરાવાળા દીવાનપદેથી ખસી ગયા અને સલાહકાર બન્યા. રાજાએ એક ગોરા અમલદારને દીવાન બનાવ્યો. નવો દીવાન પણ યોગ્ય ન નીકળ્યો. સરદાર સાથે વાટાઘાટો થઈ પણ કશું પરિણામ ન આવ્યું. અંતે સત્યાગ્રહ શરૂ થયો. ઢેબરભાઈએ દીવાસળીની પેટી વેચી તેથી ઇજારાભંગ થયો. તેમને પંદર દિવસની જેલ થઈ. પછી તો લોકો જેલ ભરવા મંડ્યા. ઠાકોર અને ગોરા દીવાનના સંબંધો બગડ્યા—એમ કહો કે વીરાવાળાએ કાનભંભેરણી કરીને બગાડ્યા. છ મહિનાનો પગાર આપીને દીવાનને છૂટા કર્યા પણ ગોરી સરકાર તેના પક્ષમાં આવી તેથી ગોરા દીવાનને કાઢી શકાયો નહીં. ઊલટાનું ગોરા દીવાને વીરાવાળાને કઢાવી મૂક્યા.

એક ખેડૂતનું ખૂન થયું. લોકોએ મોટું સરઘસ કાઢ્યું. સભા કરી. સરકારે દિવસમાં અગિયાર વાર લાઠીચાર્જ કર્યો. ત્રીજે દિવસે સરદાર આવ્યા. સરદારે ગોરા દીવાન પ્રત્યે સખત ભાષણ કર્યું. ખૂબ ઝાટકણી કાઢી. પ્રજામાં શૂરાતન વધી ગયું. બહુ ઝડપથી ગુજરાતનું અને પૂરા દેશનું વાતાવરણ ગરમ થઈ રહ્યું હતું. અંતે લાંબી ચર્ચા-મંત્રણાને અંતે રાજકોટના દરબારને ઝૂકવું પડ્યું અને સરદાર સાથે સંધિ થઈ. ચારે તરફ વિજયનો જયજયકાર થઈ ગયો. ગોરો દીવાન અંતે ચાલ્યો ગયો અને વીરાવાળા ફરી દીવાન થયા.

સરદારે કમિટી બનાવી તેનાં સાત નામો નક્કી કરી ગાંધીજીની ઇચ્છા પ્રમાણે દરબારને મોકલી આપ્યાં. આમાં મુસ્લિમો, ગરાસિયા તથા દલિતોનાં નામો ન હતાં તેથી આ લોકો ચિઢાયા અને ગાંધીજીની પ્રાર્થનાસભામાં ગોકીરો કરી કાળા વાવટા બતાવ્યા. ગાંધીજીને પહેરાવવા માટે તેઓ જોડાનો હાર પણ લઈ આવેલા. પણ તેવું થઈ શક્યું નહીં. સરદાર માટે પણ અણઘટતું કાંઈક કરવાની હિલચાલ થયેલી, પણ સરદાર ચેતી ગયા અને કશું થયું નહીં. આમ રાજકોટની યાત્રા ગાંધીજીની સફળ ન રહી, કોકડું ગૂંચવાયેલું જ રહ્યું.

ઈ. સ. 1939માં જબલપુર પાસે નર્મદાકિનારે ત્રિપુરીમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું. સુભાષબાબુની જગ્યાએ નવા પ્રમુખ નીમવાના હતા. ચાર ઉમેદવારો હતાઃ 1. સરદાર, 2. અબ્દુલ કલામ આઝાદ, 3. ડો. પટ્ટાભિ સીતારામૈયા અને 4. સુભાષબાબુ. ગાંધીજી મૌલાનાના પક્ષમાં હતા, પણ મૌલાના ખસી ગયા. સરદાર પ્રમુખ થવા માગતા ન હતા. ગાંધીજી ઇચ્છતા હતા કે કોઈ પણ ભોગે સુભાષબાબુ પ્રમુખ ન બને. બંધારણ પ્રમાણે વ્યક્તિ એક જ વાર પ્રમુખ થઈ શકતી, પણ નહેરુજી બે વાર પ્રમુખ થયા હતા તેથી સુભાષબાબુ પણ બીજી વાર પ્રમુખ થવા મક્કમ હતા. બધા વચ્ચે ઘણી રસાકસી થઈ. ગાંધીજીએ ડો. પટ્ટાભિ સીતારામૈયાનો પક્ષ લીધો. ચૂંટણી થઈ. સુભાષબાબુ જીતી ગયા. તેમને 1580 મત મળ્યા અને ડો. સીતારામૈયાને 1375 મત મળ્યા, પણ સુભાષબાબુની જીતને અને પોતાની હારને ગાંધીજી સ્વીકારી ન શક્યા. તેમણે ‘હરિજનબંધુ’માં ‘મારી હાર’ નામે લેખ લખ્યો. ચૂંટણીપ્રથા પશ્ચિમની કહેવાય. પણ ત્યાં તો એકની બહુમતીથી જીત થઈ હોય તોપણ તે સર્વમાન્ય થઈ શકે છે. આપણે તેવું નથી કરી શકતા. ચૂંટણીમાં ધાર્યું પરિણામ ન આવે તો લોકો વિદ્રોહ કરી દે છે. સુભાષબાબુના વિરુદ્ધમાં વિદ્રોહ તો ન થયો પણ તેમને પૂરો સાથ પણ ન મળ્યો. પોતાનું ધાર્યું જ થવું જોઈએ એવું વલણ ડિક્ટેક્ટરપણું જ કહેવાય, પછી તે હિંસક હોય કે અહિંસક હોય.

ગાંધીજી અને સુભાષબાબુ વચ્ચે સૈદ્ધાન્તિક મતભેદ તો હતા જ, ચૂંટણી પછી તે મતભેદો વધુ વ્યાપક બન્યા. કારોબારીના બાર સભ્યોએ રાજીનામાં આપી દીધાં. સુભાષબાબુએ બધાંનાં રાજીનામાં સ્વીકારી લીધાં અને નવી કારોબારી નીમી દીધી.

ત્રિપુરી અધિવેશન 52મું હોવાથી બાવન હાથીના રથમાં સુભાષ- બાબુને લઈ જવાના હતા, પણ બીમારીના કારણે તેમના ચિત્રને રથમાં લઈ જવાયું. એમ કહી શકાય કે અંગ્રેજોની સામે અસહયોગની નીતિ સુભાષબાબુ સામે પણ વપરાઈ. ગાંધીજી અધિવેશનમાં હાજર ન રહ્યા. તેમનું એટલું પ્રચંડ વ્યક્તિત્વ હતું કે બીજા પણ ઘણા મોટા નેતાઓએ અધિવેશનની ઉપેક્ષા કરી. સુભાષબાબુને ભારે વ્યથા થઈ. તેમણે ગાંધીજી સાથે પત્રવ્યવહાર ચલાવ્યો અને અંતે તેમણે પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું. પોતાની જગ્યાએ સરોજિની નાયડુને પ્રમુખ બનાવવા અપીલ કરી, પણ રાજેન્દ્રબાબુને પ્રમુખ બનાવાયા.

હતાશ થયેલા સુભાષબાબુને ‘ફોરવર્ડ બ્લોક’ નામનો નવો પક્ષ સ્થાપિત કરી દીધો. આ રીતે કૉંગ્રેસના ભાગલા પડ્યા કહેવાય. આ ભાગલા માટે કોણ જવાબદાર? ગાંધીજીના ઠરાવથી તેમને ત્રણ વર્ષ માટે બંગાળની પ્રાન્તીય કમિટીના પ્રમુખપદ માટે પણ અયોગ્ય ઘોષિત કરી દેવાયા.

ત્રિપુરી અધિવેશન પછી છ જ મહિનામાં યુરોપમાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું. 3જી સપ્ટેમ્બરે 1939ના રોજ બ્રિટને જર્મની વિરુદ્ધ યુદ્ધ જાહેર કરી દીધું. બંને પક્ષે પોતપોતાના સાથીદારો હતા. હવે કૉંગ્રેસે શું કરવું? બ્રિટનની શક્તિના બે ભાગ હતાઃ 1. તળ બ્રિટન પ્રદેશની અને 2. તેના વિશ્વવ્યાપી ઉપનિવેશોની. ઉપનિવેશોમાં સૌથી મોટી શક્તિ ભારતની હતી. અહીંથી લડાયક સૈનિકો, કાચો માલ રશદ અને ધનની પ્રાપ્તિ વગેરે મોટા પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકતું હતું. આ બધા વિના લાંબો સમય યુદ્ધ કરી શકાય નહીં, તેથી બ્રિટન દબાયેલું હતું, તેનો લાભ સ્વરાજ્યપ્રાપ્તિમાં લઈ શકાય તેવી આશા કૉંગ્રેસને હતી. વળી ગાંધીજીની અહિંસા યુદ્ધની પ્રેરક કે સંચાલક ન હતી તોપણ તેમણે બ્રિટનને શરત વિના ટેકો આપવાની સલાહ આપી. કારોબારીને આ ઓછી ગમી. કારોબારી યુદ્ધના હેતુઓ જાણવા માગતી હતી. વાઈસરૉય લિનલિથગો, બધાને મળ્યા પછી એકાએક ભારતનો ટેકો જાહેર કરી દીધો. ભારતને પણ યુદ્ધમાં સામેલ કરી દીધું. આ બધાના કારણે કૉંગ્રેસે પ્રધાનમંડળમાંથી રાજીનામાં આપી દીધાં. જોકે સરદાર આવાં રાજીનામાંની વિરુદ્ધ હોવાનું મનાતું હતું. તેમને ભય હતો કે સરકાર મુસ્લિમોને આગળ કરીને તેમને સત્તા સોંપી દેશે. તેથી સત્તા ખોવી પાલવે નહીં. સરદારનો ભય સાવ નકામો તો ન હતો. અંગ્રેજોએ મુસ્લિમોને આગળ કરીને તેમની પાસે અલગ પાકિસ્તાનની માગણી પણ કરાવવા માંડી હતી. જેમ સુભાષબાબુ કૉંગ્રેસથી અલગ થયા તેમ મોહમ્મદ અલી ઝીણા પણ અલગ થઈ શકતા હતા. તેમનો પ્રભાવ પણ મોટો હતો, તેમ છતાં સાતેસાત પ્રાન્તોના કૉંગ્રેસી પ્રધાનોએ રાજીનામાં આપી જ દીધાં.

આવા સમયમાં વિલાયતથી સર સ્ટેફર્ડ ક્રિપ્સ આવ્યા. તે ભારત તરફ કૂણું વલણ ધરાવતા હતા. તે સરદારને અને ગાંધીજી, નહેરુ વગેરેને મળ્યા. વાત સમજવા-સમજાવવાના પ્રયત્નો કર્યા. અંગ્રેજો વારંવાર એક દલીલ આપતા હતા કે "જો તમે આઝાદ થઈ જશો તો લઘુમતી મુસ્લિમોનું રક્ષણ નહીં થાય. તેમનું રક્ષણ કરવા અમારી સત્તા જરૂરી છે." વાસ્તવિકતા સાવ ઊલટી હતી. વિશ્વમાં ક્યાંય ન હોય તેમ લઘુમતી અહીં બહુમતીને મારતી હતી. બહુમતી જ ભયભીત રહેતી, કારણ કે તે શસ્ત્રત્યાગી અને અહિંસાવાદી હતી. અંગ્રેજોએ આ રીતે લઘુમતીના નામે મુસ્લિમોને મુખ્ય ધારાથી જુદા કરવાનો પ્રયત્ન કર્યો જે હજી સુધી ઉકેલી શકાયો નથી. એવું સાબિત થયું છે કે આપણે પોતાના દ્વારા કે બીજાના દ્વારા ઊભા કરાયેલા પ્રશ્નોને ઝડપથી સરળતાથી ઉકેલી શકતા નથી.

આ વખતે વડોદરા રાજ્યની ધારાસભાની ચૂંટણી હતી. સરદારે પોતાની શક્તિ તેમાં લગાવી હતી. યુરોપમાં ઘમાસાણ યુદ્ધ ચાલતું હતું, ત્યારે લાહોરમાં મુસ્લિમ લીગની પરિષદ મળી અને તેણે એકીઅવાજે ઠરાવ પાસ કર્યો કે અમારે અલગ પાકિસ્તાન જોઈએ. ભારતમાં અમારી સલામતી નથી. અંગ્રેજોએ જે બીજ રોપ્યાં હતાં તે ઊગી નીકળ્યાં હતાં. હિન્દુ-મુસ્લિમ-વૈમનસ્ય શરૂ થઈ ચૂક્યું હતું.

યુરોપમાં યુદ્ધે જોર પકડ્યું હતું, ત્યારે કૉંગ્રેસી નેતાઓમાં પણ મતભેદ વધ્યા હતા. ગાંધીજી અહિંસાના કારણે બ્રિટનને યુદ્ધમાં મદદ કરવાના વિરોધી હતા, તો કેટલાક જો બ્રિટન હારશે તો હિટલરનો નાઝીવાદ વિશ્વ ઉપર ફેલાઈ જશે. બ્રિટનની ગુલામી કરતાં જર્મનોની ગુલામી ઘણી ભયંકર હશે તેવું માનીને બ્રિટનને યુદ્ધમાં મદદ કરવાના પક્ષમાં હતા. આ સમયે સરદાર પણ ગાંધીજીના વિચારો સાથે સંમત ન હતા. તેઓ માનતા હતા કે અહિંસા એક પ્રકારની રાજનીતિ છે. તેનાથી લક્ષ્ય સિદ્ધ થતું હોય તો તેનો ઉપયોગ કરવો જોઈએ, પણ જો તેનાથી લક્ષ્યની પ્રાપ્તિ ન થતી હોય તો તેને વળગી રહેવાનો કશો અર્થ નથી. એટલે તેઓ બ્રિટનને યુદ્ધમાં મદદ કરવાના પક્ષમાં હતા. ગાંધીજી અહિંસાને રાજનીતિ માનતા ન હતા. તે અહિંસાને શાશ્વત સિદ્ધાંત માનતા હતા. આ ભેદ હતો. તેમણે તો કૉંગ્રેસ કારોબારીને પણ જણાવ્યું હતું કે "આઝાદી પછી આપણા હાથમાં સત્તા આવે તોપણ આપણે કદી હિંસાનો માર્ગ લેવાના નથી. યુદ્ધ નહીં કરીએ અને લશ્કરને વિખેરી નાખીશું." ગાંધીજીના આવા વિચારોએ દેશને પારાવાર નુકસાન પહોંચાડ્યું. આઝાદી પછી આપણે સેના પ્રત્યે ધ્યાન આપ્યું નહીં અને 1962નું યુદ્ધ આપણે ભૂંડી રીતે હારી ગયા. તે પછી પણ આજ સુધી આપણે આ બાબતમાં દુશ્મનોની તુલનામાં કમજોર જ સાબિત થઈ રહ્યા છીએ. આપણી દુર્બળતાનાં બે મુખ્ય કેન્દ્રો છેઃ 1. તટસ્થ નીતિ અને 2. શસ્ત્ર અને સેનાની ઉપેક્ષા. કદાચ આ આપણને વારસામાં મળ્યું છે.

ગાંધીજી અને કૉંગ્રેસ કારોબારીમાં વિચારભેદ થયો તેથી 21મી જૂને કારોબારીએ સલાહ આપવાની જવાબદારીમાંથી ગાંધીજીને મુક્ત કરી દીધા. આ ઠરાવમાં સરદાર, નહેરુ, રાજાજી વગેરે સૌ હતા. ગાંધીજી પ્રત્યે અનહદ શ્રદ્ધા હોવા છતાં તેમના અમુક વિચારો કૉંગ્રેસીઓને પણ વ્યાવહારિક લાગતા ન હતા. આ તો સત્તાના વિપક્ષમાં રહ્યાની સ્થિતિ હતી. સત્તા હાથમાં આવ્યા પછી તો ગાંધીજીના ઘણા વિચારો અપ્રસ્તુત થતા ગયા. માનો કે હિન્દુ-મુસલમાનોનું હુલ્લડ થતું હોય તેવા સમયે પોલીસે ગોળી ચલાવવી કે કેમ? ન ચલાવો તો કેવું ભયંકર પરિણામ આવે? હિંસાને રોકવા પણ હિંસા જરૂરી થઈ જતી હોય છે, તે વાત આગળ જતાં નિઝામ, જૂનાગઢ, કાશ્મીર વગેરે સામે સાબિત થવાની હતી.

ગાંધીજીને છૂટા કર્યા પછી કારોબારીની મીટિંગ મળી અને તેણે બ્રિટનને યુદ્ધમાં શરતી સહાય આપવાનો ઠરાવ પાસ કર્યો. શરત હતી આઝાદી માટેની ક્રમબદ્ધ તૈયારી. આવા પ્રસ્તાવનો અબ્દુલ ગફ્ફારખાને વિરોધ કર્યો. તેમણે રાજીનામું આપી દીધું. બીજાને સમજાવી લેવાયા. ગાંધીજી હરહાલતમાં પોતાના અહિંસાવાદને વળગી રહ્યા અને 'હરિજનબંધુ'માં 'અરણ્યરુદન' લેખ લખ્યો. સરદારે પોતાના વલણ અંગે પ્રવચનો કર્યાં, પણ ગાંધીજીની પૂજ્યતા સલામત રાખી. તેમણે અહિંસાના મુદ્દે ગાંધી સેવા સંઘમાંથી રાજીનામું આપ્યું, કારણ કે ત્યાં અહિંસામાં 'જો' અને 'તો' ન હતા. અહિંસાની બાબતમાં સરદાર વધુ વ્યાવહારિક હતા. તે આગળની ઘટનાઓથી દેખાશે. આ સમયે સરદારે કરેલાં પ્રવચનો બહુ જ મહત્ત્વનાં છે.

આ સમયે ગાંધીજીએ યુદ્ધવિરોધી ચળવળ માટે વિનોબાને પોતાના કાર્યકર્તા બનાવ્યા. તે યુદ્ધવિરોધી ભાષણો આપવા લાગ્યા. સરકારે તેમની ધરપકડ કરી અને સજા કરી. ત્યારથી વિનોબાની પ્રસિદ્ધિ થઈ હતી.

18મી નવેમ્બરે સરદારને સવિનય કાનૂનભંગના અપરાધમાં જેલ લઈ જવામાં આવ્યા. 104 ડિગ્રી તાવમાં ત્રણ દિવસ જેલમાં એકલા પડ્યા રહ્યા, પછી યરવડા લઈ જવામાં આવ્યા.

પાકિસ્તાનની અલગ માગણીના કારણે મુસ્લિમ લીગ દ્વારા દેશભરમાં કોમી વાતાવરણ તંગ બનાવવામાં આવી રહ્યું હતું. એવામાં અમદાવાદમાં એક વાર એવું બન્યું કે 18મી એપ્રિલના રોજ શુક્રવારની નમાજ પઢીને જામા મસ્જિદમાંથી હજારો મુસ્લિમોનું ટોળું નીકળ્યું. તેણે ચારેકોર મારધાડ અને લૂંટફાટ મચાવવી શરૂ કરી દીધી. અંદર કોઈ એવું પ્રવચન થયું હશે જેથી ટોળું ઉશ્કેરાયું હશે.

હિન્દુઓ જીવ બચાવીને ભાગ્યા. કોઈકોઈ જગ્યાએ તો માત્ર બેપાંચ મુસ્લિમોએ આખો મહોલ્લો લૂંટી લીધો હોય. આ બહુમતીની દુર્બળતા હતી અને અલ્પમતીની પ્રબળતા હતી. અહિંસા અને કાયરતાનો બરાબર મેળ સદીઓથી જામી ગયો હતો. આ વખતે ઇન્દુમતી ચિમનલાલ હિંમતપૂર્વક જામા મસ્જિદ આગળ પહોંચી ગયાં અને મુસલમાનોને સમજાવવા લાગ્યાં. તેમને નુકસાન ન થાય તે માટે પોલીસ તેમને ત્યાંથી ખસેડીને લઈ ગઈ. ત્યારે સરદાર નાશિક જેલમાં હતા. કૉંગ્રેસીઓએ કાંઈ જ કર્યું નહીં તેનો તેમને ભારે આઘાત લાગ્યો. પહેલેથી જ ગાંધીવાદી કૉંગ્રેસીઓની પદ્ધતિ એવી રહી છે કે જો હુલ્લડ થાય અને મુસ્લિમોને નુકસાન થાય તો તરત જ પહોંચી જાય અને સમાધાન કરાવે. સમાધાન એટલે મુસ્લિમો ઉપર કેસ કર્યા હોય તો તેમને છોડાવી મૂકવાના. હિન્દુઓએ સહન કરવાનું—આ તેમનો ભાઈચારો અને આ તેમનાં સમાધાન, પણ જો હિન્દુઓને નુકસાન થયું હોય તો નિષ્ક્રિય રહે. આ ઉદાર પ્રથા આજે પણ ચાલુ છે.

તા. 20-8-1941ના રોજ સરદારને જેલમાંથી મુક્ત કર્યા. તે સીધા અમદાવાદ આવ્યા. તેમણે કાર્યકર્તાઓને ખૂબ ખખડાવ્યા અને કહ્યું કે "જેટલા નિર્દોષ લોકો કૂતરાને મોતે મર્યા તેના કરતાં અડધા પણ સામા થઈને મર્યા હોત તો ઠીક થાત." પણ પ્રશ્ન એ હતો કે સામા થવાનું કોઈએ શિખવાડ્યું જ ન હતું. આ બીકણ પ્રજા તો સદીઓથી ભાગતી જ રહી છે. તમે આખી જિંદગી ચુસ્ત અહિંસાની શિખામણ આપો અને પછી ખરા સમયે સામે થવાની વાત કરો એ બની શકે નહીં. તેના માટે તો વૈચારિક કેળવણી આપવી જોઈએ અને ક્રિયાત્મક રીતે અખાડા અને શસ્ત્રશાળા ખોલવાં જોઈએ. આવું કશું ત્યારે કે અત્યારે ગાંધીવાદીઓએ કર્યું જાણ્યું નથી. પછી સામા થાય જ કેવી રીતે?

ફરીથી ગાંધીજી સાથે યુદ્ધ અને અહિંસા બાબતે વિવાદ થયો. ગાંધીજી પોતાના મત ઉપર મક્કમ હતા તેથી તેમની સલાહની જવાબદારી સમેટી લેવાઈ. ગાંધીજી ઇચ્છતા હતા કે સ્વરાજ માટે પણ અહિંસાનો ત્યાગ ન કરાય, અર્થાત્ અહિંસા અને સ્વરાજમાં અહિંસાને જ સર્વોચ્ચ મહત્ત્વ અપાવું જોઈએ. સ્વરાજ મોડું મળશે કે નહીં મળે તોપણ ચાલશે, પણ અહિંસા રહેવી જોઈએ.

હવાફેર માટે સરદાર હજીરા ગયા. તેમને પેટની કાયમી તકલીફ હતી, જે મટવાનું નામ લેતી ન હતી. સતત પ્રવાસથી આહારની યોગ્ય વ્યવસ્થા થતી નહીં તેથી તબિયત વધારે બગડતી ગઈ.

બીજી તરફ વિશ્વયુદ્ધમાં અમેરિકાએ ઝંપલાવ્યું. તોપણ જર્મની-જાપાનનો પ્રભાવ વધી રહ્યો હતો, તેથી અમેરિકાના પ્રમુખે બ્રિટનના પ્રધાનમંત્રી ચર્ચિલને ભારતનો વધુમાં વધુ ઉપયોગ થાય તેવું કરવા આગ્રહ કર્યો. ચર્ચિલે ફરીથી ક્રિપ્સને ભારત મોકલ્યા. ક્રિપ્સે કૉંગ્રેસ, મુસ્લિમલીગ, હિન્દુ મહાસભા વગેરે બધા પક્ષો સાથે મંત્રણા કરી, ગાંધીજી કૉંગ્રેસથી મુક્ત હતા તોપણ ક્રિપ્સના આગ્રહથી તેમને મળવા ગયા. ક્રિપ્સ લગભગ બે અઠવાડિયાં સુધી ભારતમાં રહ્યા અને નેતાઓને સમજાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ તેમને કોઈ સફળતા મળી નહીં. તે ખાલી હાથે પાછા ગયા.

બીજી બાજુ જાપાનનું સૈન્ય ભારત તરફ વળ્યું હતું. તેણે સિંગાપોર—બર્મા કબજે કર્યાં હતાં, આસામની સીમા સુધી પહોંચવાની તૈયારી હતી, તો બંગાળ સમુદ્રમાં તેનાં જહાજો ચક્કર લગાવવા મંડ્યાં હતાં. તેણે વિશાખાપટ્ટનમ અને કાકિનાડા ઉપર બૉમ્બ ફેંક્યા હતા. જો જાપાન આગળ વધે તો જમશેદપુરનું ટાટાનું સ્ટીલનું કારખાનું અને બીજી બધી અસ્ક્યામતો બાળી નાખવી જેથી દુશ્મનના હાથમાં ન જાય એવા નિર્ણયો થઈ ગયા હતા. જાપાને ચીન જીતીને ત્યાં ભારે અત્યાચારો કર્યા હતા, તેવું ભારતમાં પણ કરી શકે છે તેવો ભય હતો. અમેરિકાનું વલણ ભારતવિરોધી થઈ ગયું હતું, કારણ કે ક્રિપ્સને નિરાશ કાઢ્યા હતા. તે ગાંધીજીને જાપાનતરફી માનવા લાગ્યું હતું. રાજાજી મદ્રાસમાં મુસ્લિમલીગ સાથે મળીને સરકાર રચવા માગતા હતા ને પાકિસ્તાન બને તેના પણ પક્ષધર હતા. તેમના વલણને કૉંગ્રેસીઓ સ્વીકારી શકતા ન હતા, તેથી તેમણે કૉંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું.

અંગ્રેજી સેના જાપાનની સામે ભારતનું રક્ષણ કરી શકશે નહીં તેવું ઘણાને લાગવા માંડ્યું હતું, ત્યારે અંગ્રેજો આપોઆપ ભારત છોડી જશે તેવી આશા પણ જાગી હતી. આવી સ્થિતિમાં અંગ્રેજો આઝાદીની લડતને સહન નહીં કરે. તે બધા નેતાઓને પકડી લેશે અને લડત બંધ કરાવશે.

ઑગસ્ટ 1942ના પ્રથમ સપ્તાહમાં કૉંગ્રેસ કારોબારીની બેઠક મુંબઈમાં મળી અને 'ભારત છોડો' ઠરાવ પસાર કર્યો. આ ઠરાવ પાસ થયા

પછી રાતે—પરોઢિયે પોલીસ આવીને સરદારને પકડી ગઈ. બોરીબંદર ઉપર એક સ્પેશિયલ ટ્રેન તૈયાર રાખેલી તેમાં કારોબારીના બધા નેતાઓને પકડી લાવીને બેસાડી દીધા અને ટ્રેન ઉપાડી પૂના નજીક ચીંચવડમાં આગાખાનના મહેલમાં ગાંધીજી અને તેમના સાથીદારોને ઉતારી દીધા. બાકીના બધાને એહમદનગરના કિલ્લામાં લઈ ગયા. સરદાર અને બીજા નવ સાથીઓ આ કિલ્લામાં બે વર્ષ સુધી રહ્યા હતા. ત્યારે તા. 9-8-1942 હતી. સરદારની વય 67 વર્ષની હોવાથી તે સૌમાં મોટા હતા. કુલ બાર નેતાઓ અને 4-5 કર્મચારીઓ સિવાય કિલ્લામાં કોઈ જ ન હતું. તેમના બધા સંપર્કો બંધ કરી દેવાયા હતા. 32 મહિના સુધી બધા આ કિલ્લામાં રહ્યા હતા.

એહમદનગરનો કિલ્લો ચાંદબીબીના પિતા હુસેન નિઝામશાહે સોળમી સદીમાં બંધાવેલો. અકબરની સેનાએ તેને ઘેરો ઘાલેલો, પણ ચાંદબીબીએ મચક આપી ન હતી. પછી યુક્તિપ્રયુક્તિથી કિલ્લાનું પતન કરાવી ચાંદબીબીને કેદ કરી પાછળથી તેનું ખૂન કરી નાખેલું. પછી મોગલો પાસેથી મરાઠા સરદારોએ આ કિલ્લો પડાવી લીધો હતો અને તેમની પાસેથી 1803માં અંગ્રેજ સેનાપતિ આર્થર વેલેસ્લિએ તે પડાવ્યો હતો. આ કિલ્લાના એક લંબચોરસ ઓરડામાં બધા 12 નેતાઓને રાખવામાં આવ્યા હતા. આ કેદમાં બધા સંપર્કો બંધ હતા તેથી બહારની દુનિયાનો કશો ખ્યાલ આવતો નહીં.

બહાર રહી ગયેલા નેતાઓએ એક ગુપ્ત રેડિયો શરૂ કર્યો અને દમનના સમાચાર આપવા માંડ્યા. એહમદનગરના કિલ્લામાં અટકાયતમાં રહેલા નેતાઓ પૈકી એક હતા ડો. સૈયદ મેહમૂદ. તેમને સરકારે 10-10-1944ના રોજ છોડી મૂક્યા. પાછળથી ખબર પડી કે તેમણે માફીપત્ર મોકલ્યો હતો! આવા કાચા મનના પણ નેતાઓ રહેવાના જ.

સરકારે 15-6-1945ના રોજ સરદારને જેલમાંથી મુક્ત કર્યા હતા, કારણ કે હવે સરકારને બીજા વિશ્વયુદ્ધની ચિંતા ન હતી.

હવે વાઈસરૉય લૉર્ડ વેવેલ બ્રિટિશરાજને સમેટવાનું કામ કરવા લાગ્યા. આટલો મોટો પથારો રાતોરાત મૂકીને જવાય નહીં. તેમણે સિમલામાં બધા નેતાઓને બોલાવ્યા. કૉંગ્રેસના અધ્યક્ષ મૌ. અબુલ કલામ આઝાદ હતા. ગાંધીજી કોઈ પક્ષમાં ન હોવાથી માત્ર દર્શક જ હતા. વેવેલની દરખાસ્ત હતીઃ કારોબારીમાં વાઈસરૉય અને સરસેનાપતિ સિવાય બધા મંત્રીઓ ભારતીય જ હશે. તેમને બધી સત્તા આપવામાં આવશે, પણ મંત્રીઓમાં હિન્દુઓ અને મુસ્લિમો એકસરખા હશે. વેવેલની યોજના આવી હતીઃ 5 હિન્દુઓ, 5 મુસ્લિમો અને 4માંથી એક શીખ, એક અનુસૂચિત જાતિ અને બે બીજી લઘુમતીઓના હોય. પણ ઝીણાએ ઘણા અડંગા લગાવ્યા, એટલે યોજના આગળ ન વધી, વાત અટકી ગઈ. સીમલા પરિષદ ઝીણાના કારણે ભાંગી પડી.

બ્રિટનમાં ચૂંટણી થઈ. વિશ્વયુદ્ધ જીતનારા ચર્ચિલ હારી ગયા અને એટલી આવ્યા. તે ભારત માટે શુભ હતા. પ્રાન્તોમાં સરકારો વીખરાઈ ગઈ હતી તેથી નવી ચૂંટણી જાહેર કરવામાં આવી. સરદારે ચૂંટણીનું સુકાન સંભાળ્યું. પૂરા દેશની ચૂંટણીની આર્થિક જવાબદારી સરદાર સંભાળતા હતા. મૌ. અબુલ કલામ સાથે સરદારને બહુ બનતું નહીં તેથી ઘણી વાર છૂટા થઈ જવાની વાત પણ કરતા.

ચૂંટણીઓ પૂરી થઈ. 102 બેઠકોમાંથી કૉંગ્રેસને 57, મુસ્લિમ લીગને 30, અકાલી શીખોને 2, સ્વતંત્ર ઉમેદવારોને 5 અને યુરોપિયનોને 8 બેઠકો મળી. આ ચૂંટણીઓમાં ઉમેદવારો નક્કી કરવાની પ્રક્રિયામાં મૌલાનાએ સરદારને જાણીકરીને દૂર રાખ્યા હતા. મૌલાના અને સરદારના સંબંધોમાં મીઠાશ ઓછી થવા લાગી હતી, તેનું પરિણામ ચૂંટણીમાં દેખાયું હતું. એક વિવાદ ભુલાભાઈ વિશે પણ હતો. ભુલાભાઈને ગાંધીજી જ ઊભા રાખવા માગતા ન હતા, પણ મૌલાનાએ તેનો દોષારોપ સરદાર ઉપર કર્યો હતો. ભુલાભાઈને વ્યસન હતું તેથી કદાચ ગાંધીજી નારાજ હતા. ભુલાભાઈ મહાન ધારાશાસ્ત્રી હતા. છેવટ સુધી તેમણે પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો.

મધ્યસ્થ ધારાસભામાં કૉંગ્રેસપક્ષના નેતા તરીકે સરદાર રાજાજીને લાવવા માગતા હતા, પણ રાજાજી મદ્રાસપ્રાન્તની ધારાસભામાં ગયા તેથી એટલે હવે સુભાષબાબુના ભાઈ શરદબાબુને નેતા બનાવવાની વાત હતી, પણ મૌલાનાએ તે સ્થાને અસફઅલી લાવવાની વાત કરી. આવા નાના-મોટા મતભેદો સરદાર અને મૌલાના વચ્ચે થતા રહ્યા. અંતે શરદબાબુને નેતા અને અસફઅલીને ઉપનેતા બનાવાયા.

સરદારના પ્રયત્નોથી ગણેશ માવળંકર વડી ધારાસભાના પ્રમુખપદે ચૂંટાયા, માત્ર ત્રણ જ મતોની બહુમતીથી, કારણ કે અંદરોઅંદર વિખવાદ શરૂ થઈ ગયો હતો.

1946ના ફેબ્રુઆરી સુધી બધા પ્રાંતોનાં પરિણામ આવી ગયાં હતાં જેમાં કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ બંનેને સંતોષ ન હતો. મદ્રાસ, મુંબઈ, ઓરિસ્સા, બિહાર, સંયુક્ત પ્રાંત અને આસામ—આ સાત પ્રાંતોમાં કૉંગ્રેસને બહુમતી મળી હતી. તે પ્રાન્તોની મુસ્લિમ અનામત બેઠકો મુસ્લિમ લીગ લઈ ગઈ. મુસ્લિમોનું વલણ મુસ્લિમલીગતરફી થઈ ગયું હતું. આ કોમી વાતાવરણનું સ્પષ્ટ ચિત્ર હતું. હિન્દુઓ

કૉંગ્રેસતરફી અને મુસ્લિમો મુસ્લિમલીગતરફી થઈ ગયા હતા. રાષ્ટ્રીય મુસ્લિમોનું કશું ઊપજતું ન હતું તેમ કહી શકાય. આથી ઊલટું, જ્યાં મુસ્લિમોની બહુમતી હતી, જેમકે પંજાબ, બંગાળ, સરહદપ્રાન્ત અને સિંધ—આ પ્રાન્તોમાં મુસ્લિમલીગ ફાવી નહીં. સરહદપ્રાન્તમાં ખાન અબ્દુલ ગફારખાનના નેતૃત્વવાળી કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી. ખાનના પ્રભાવથી પઠાણો કોમવાદથી બચી ગયા હતા. જ્યાં કૉંગ્રેસની બહુમતી ન હતી ત્યાં પણ મુસ્લિમલીગને સ્પષ્ટ બહુમતી મળી ન હતી—હા, સૌથી વધુ બેઠકો મળી હતી.

સરદારની ઇચ્છા પાકિસ્તાનવાદી મુસ્લિમલીગને સત્તા ઉપર આવતી અટકાવવાની હતી, જેથી દેશનું વિભાજન ન થાય, પણ વાઈસરૉય વેવેલ પાકિસ્તાનની વાસ્તવિકતા સમજી ચૂક્યા હતા. મૌલાના મુસ્લિમલીગ પ્રત્યે ઉદારતા રાખવાના હિમાયતી હતા તો સરદાર તેને દૂર રાખવાના મતના હતા. મૌલાનાએ લગભગ બધી જગ્યાએ લીગના સભ્યોને મંત્રીમંડળમાં સમાવી લેવા પ્રયત્નો કર્યા પણ ઝીણા ન માન્યા. તેમને ભય હતો કે ભેગા મળીશું તો ખતમ થઈ જઈશું, તેથી જુદા જ રહો. નવાઈ એ છે કે ત્યારે પણ કૉંગ્રેસના અમુક નેતાઓ લીગને કોમવાદી માનવા તૈયાર ન હતા, તેથી મેળ કરવા ઉતાવળા હતા. લીગ વધુ ને વધુ બળવાન થતી ગઈ. ઝીણાનું કોમવાદી વલણ સફળ થવા લાગ્યું. બીજી તરફ સાવરકરની હિન્દુ મહાસભા ધોવાતી ગઈ, તેથી સ્પષ્ટ થયું કે હિન્દુઓને કોમવાદી બનાવી શકાતા નથી અને મુસ્લિમોને સાચા બિનકોમવાદી બનાવી શકાતા નથી. સિંધ અને બંગાળ સિવાયના બધા પ્રાન્તોમાં કૉંગ્રેસની સત્તા સ્થાપિત થઈ. સિંધ અને બંગાળમાં પણ અંગ્રેજ ગવર્નરોની ચસમપોશીથી લીગ સત્તા ઉપર આવી.

આ રીતે 1946ની ચૂંટણીએ હિન્દુ-મુસ્લિમોનું સ્પષ્ટ વલણ બતાવી દીધું હતું. આઘાતજનક વાત એ હતી કે મુસ્લિમો પોતાને મુસ્લિમ તરીકે ઓળખાવતા હતા જ્યારે હિન્દુઓને 'બિનમુસ્લિમ' કહેતા હતા. એવું લાગે છે કે હિન્દુઓને હિન્દુ કહેવામાં કૉંગ્રેસને કોમવાદ દેખાતો હશે. રખે ને લોકો હિન્દુવાદી ન થઈ જાય તેવો ભય પણ હશે.

બ્રિટિશરોએ ભારત છોડવાનું નક્કી કરી લીધું હતું. પણ જો રાતોરાત કશી વ્યવસ્થા કર્યા વિના છોડી જાય તો મહાઅનર્થ થઈ જાય. એટલે જતાં પહેલાં બને તેટલું બધું થાળે પાડીને જવા માગતા હતા. તેથી ચૂંટણીઓ દ્વારા જે-તે પક્ષને જે-તે રાજ્યમાં સત્તા સ્થાપિત કરાવી અનુભવ કરાવવા માગતા હતા. આંદોલન કરવું અલગ વસ્તુ છે અને શાસન ચલાવવું અલગ વસ્તુ છે. જો તે કશી વ્યવસ્થા કર્યા વિના જ ખસી ગયા હોત તો કેવો અનર્થ થાત તેનો એક નમૂનો મુંબઈમાંથી મળ્યો.

ભારતની નૌસેનાનું વડું મથક મુંબઈ હતું. આઝાદીની હવા પૂરા દેશની સાથે સેનામાં પણ ફેલાઈ હતી. સેનામાં ગોરા-કાળાનો ભેદ હતો જ. આ ભેદ આપણા સૈનિકો સહી શક્યા નહીં. તેમણે વિદ્રોહ કરી દીધો. સેનાનો વિદ્રોહ અસાધારણ ઘટના કહેવાય. પ્રજા વિદ્રોહ કરે તો સેના દબાવે, પણ સેના વિદ્રોહ કરે તો કોણ દબાવે?

19-2-1946ના રોજ દેશી સૈનિકોએ ભૂખહડતાલ કરી, તેની અસર બીજા લોકો ઉપર પણ થઈ. બળવો હિંસક રીતે ફાટી નીકળ્યો. દેશી સૈનિકોએ જહાજો કબજે કર્યાં અને સામસામા ગોળીબાર કરવા લાગ્યા. દેશી સૈનિકોના પક્ષમાં મુંબઈની પ્રજા આવી ગઈ. તેણે ટ્રામો વગેરે સરકારી વસ્તુઓ બાળવા માંડી અને ગોરાઓનાં અપમાન કરવા લાગી. આ આગ કરાંચીમાં પણ પહોંચી. પરિસ્થિતિ વિકટ બની ગઈ. કૉંગ્રેસથી અલગ થયેલા સુભાષબાબુની આવી જ ગણતરી હતી કે જો અંગ્રેજો પ્રજા ઉપર જુલમ કરશે તો સેનામાં વિદ્રોહ થશે અને પછી અંગ્રેજો દેશ ઉપર ટકી શકશે નહીં. અંગ્રેજોનું બળ સેના અને પોલીસ છે; તે જો તૂટી જાય તો અંગ્રેજોને ભાગવું જ પડે. નાવિકોના વિદ્રોહથી આવી સ્થિતિ સર્જાઈ હતી. પણ પછી અંધાધૂંધીમાં શું થાય? એટલે અંગ્રેજો શાંતિથી વિદાય થવા માગતા હતા અને કૉંગ્રેસવાળા તેમને શાંતિથી વિદાય કરવા માગતા હતા. આ કામ અહિંસક લડતથી જ થઈ શકે. તે દૃષ્ટિ બંને પક્ષોને મંજૂર હતી. અંગ્રેજો પણ અહિંસક લડતને માન્ય કરતા હતા. જો તે અહિંસકો ઉપર તૂટી પડ્યા હોત તો હિંસક આંદોલનો થવાનાં હતાં જેને દબાવવાં શક્ય ન રહેત. આગળ કહ્યું તેમ આ હિંસક આંદોલનો પોલીસ અને સેના દ્વારા જ દબાવી શકાત, જે અંતે વિદ્રોહ કરી બેસત. આ વાસ્તવિક ભય અંગ્રેજોને લાગતો હતો. નાવિકોનો વિદ્રોહ તેનું ઉદાહરણ હતું.

સમાજવાદી નેતા અરુણા અસફઅલી નાવિકોના સમર્થનમાં ઊતરી આવી. પણ કૉંગ્રેસ તરફથી સરદાર વિદ્રોહના સમર્થનમાં ન હતા. તેમણે નાવિકોને શરણે થઈ જવાની સલાહ આપી. હવે જ્યારે અંગ્રેજો વિદાય થવાની તૈયારી કરી રહ્યા છે, બધું સમેટાઈ રહ્યું છે ત્યારે આવો વિદ્રોહ બાજી બદલી નાખશે. બ્રિટિશ નૌસત્તા આગળ આ વિદ્રોહ લાંબું ટકી શકે નહીં. 1857નું પુનરાવર્તન થાય તો વાત બગડી જાય, તેથી અંતે સરદારની દોરવણીથી વિદ્રોહ સમેટાઈ ગયો. વિદ્રોહીઓને સજા ન ભોગવવી પડે તે માટે કોર્ટમાં તેમણે જબરજસ્ત

પડકાર પણ આપ્યો. શ્રી ભુલાભાઈ દેસાઈ અને તેજબહાદુર સપ્રુ જેવા મહાન ધારાશાસ્ત્રીઓ કામે લાગી ગયા. ભુલાભાઈ તે સમયના અદ્‌ભુત અને મહાન વકીલ હતા. ભલે તેમની અમુક કમજોરીથી ગાંધીજીને ગમતા ન હોય પણ સરદાર તેમની મહત્તા સમજતા હતા. આ વિદ્રોહીઓ અને સુભાષબાબુની આઝાદ હિન્દ ફોજના સૈનિકોના પક્ષમાં ભુલાભાઈએ જે દલીલો કરી તેની નોંધ છેક વિલાયત સુધી લેવી પડી. તેમની દલીલોથી શાહનવાજ, સહગલ અને ઢીલ્લોં ત્રણે છૂટી ગયા.

પ્રતિભા મોટા ભાગે થોડી કલંકિત હોય છે. માનો કે કોઈ વૈજ્ઞાનિકને દારૂ પીવાની ટેવ હોય તેથી તેની વૈજ્ઞાનિક શોધોની મહત્તા ઘટતી નથી. વ્યક્તિમાત્રમાં એક કમજોર કડી હોય જ છે. બહુ ચોખલિયા લોકો વ્યાવહારિક નથી હોતા. ઉધારપાસું જોવા કરતાં વ્યક્તિના જમાપાસાને પહેલું જોવું જોઈએ. સરદાર વ્યાવહારિક માણસ હતા, તેથી ભુલાભાઈનો સદુપયોગ કરી શક્યા. ભુલાભાઈ દેસાઈ મહાન નેતા અને પ્રખર ધારાશાસ્ત્રી હતા. દેશની આઝાદીમાં તેમનું પ્રદાન પણ ઘણું મોટું રહ્યું છે પણ તેમનું યથાયોગ્ય સ્મારક થયું હોય તેવું જણાયું નથી. તે દુઃખની વાત કહેવાય.

બ્રિટનમાં સરકાર બદલાઈ. ચર્ચિલની જગ્યાએ એટલી આવ્યા. ભારત વિશેનો દૃષ્ટિકોણ બદલાયો. મજૂર સરકાર જલદી ભારતને આઝાદી આપી દેવાના પક્ષમાં હતી. તા. 24-3-1946ના રોજ ત્રણ સભ્યોનું બ્રિટિશ પ્રતિનિધિમંડળ ભારત આવ્યું. તે ત્રણ મહિના રહ્યું. ગાંધીજી વિભાજન ચાહતા ન હતા. ઝીણાને વિભાજનથી ઓછું કશું જોઈતું ન હતું. તે માનતા હતા કે આગલા વિશાળ બહુપચરંગી દેશની એકતા માત્ર અંગ્રેજોના કારણે જ છે. તેમના જતાં જ દેશ તૂટી પડશે, કારણ કે આટલો વિશાળ દેશ કદી એક રહ્યો જ નથી. તે વધુ વ્યાવહારિક હતા તેવું લાગે છે. ગાંધીજી તો વચગાળાની સરકાર લીગ રચે તોપણ તૈયાર હતા.

બ્રિટનથી આવેલા પ્રતિનિધિમંડળના નેતા પેથિક લોરેન્સે ભાગલા રોકવા માટે એક નવી યોજના બનાવીઃ પૂરો દેશ એક રહે. વિદેશી સંબંધો, રક્ષણ અને સંદેશાવ્યવહાર કેન્દ્રમાં રહે. બાકી બધું પ્રાન્તોમાં જાય અને પ્રાન્તોમાં જ્યાં હિન્દુ વસ્તી વધુ હોય ત્યાં અને મુસ્લિમ વસ્તી વધુ હોય ત્યાં બે જૂથો રચાય. આ રીતે સમવાયતંત્ર ગોઠવાય. કમિશને ચાર-ચાર નેતાઓ ચર્ચા કરવા બોલાવ્યા. કૉંગ્રેસ તરફથી મૌલાના આઝાદ, નેહરુ, વલ્લભભાઈ અને ખાન અબદુલ ગફ્ફારખાન રહ્યા.

મૌલાનાએ કોઈને જણાવ્યા વિના એક ગડબડ કરી નાખી. તેમણે કમિશનને જણાવ્યું કે "વચગાળાની સરકારમાં કૉંગ્રેસ અને લીગના સરખેસરખા મંત્રીઓ રહે તે અમને માન્ય છે." મૌલાનાના આવા વલણથી ગાંધીજી અને નહેરુ-સરદાર દુઃખી થયા.

મિશન કોઈ પણ ભોગે દેશને તૂટતો બચાવવા સંઘરાજ્ય બનાવવાના પક્ષમાં હતું પણ ઝીણા ગમે તે ભોગે પાકિસ્તાન જ માગતા હતા. મિશને ત્યાં સુધી છૂટ આપી કે 19 કરોડ હિન્દુઓ અને નવ કરોડ મુસ્લિમોને સરખું પ્રતિનિધિત્વ મળે, તોપણ સમાધાન ન થયું.

સરદાર મિશન સાથે વાત આગળ વધારવાના હિમાયતી હતા પણ ગાંધીજી વિરોધી હતા, તેથી બંનેમાં મતભેદ શરૂ થયો તે વધતો જ ગયો.

ગાંધીજી અને સરદાર એક દિવસમાં બે વાર મિશનને મળ્યા, પણ બંનેના મતો એક ન થઈ શક્યા. થોડી ચડભડ પણ થઈ. આ બાબતમાં સરદાર અને નહેરુ એક તરફ હતા અને ગાંધીજી બીજી તરફ હતા. આ વિવાદમાં કશી સ્પષ્ટતા થતી ન હતી તેથી ઝીણાએ મિશનને જણાવ્યું કે "વચગાળાની સરકાર માત્ર મારો પક્ષ મુસ્લિમલીગ જ રચે તેવી વ્યવસ્થા કરો." આવી માગણી મિશને સ્વીકારી નહીં. ગાંધીજી—સરદાર વચ્ચે મનભેદ હતા જ, ગાંધીજીએ પત્ર લખીને સરદારને જણાવ્યું કે, "તમે કમિટીમાં બહુ તપીને બોલો છો એ મને નથી ગમતું."

1946માં મૌલાનાની જગ્યાએ નહેરુજી પ્રમુખ બન્યા. નહેરુ કદાચ ત્રીજીવાર પ્રમુખ બન્યા હતા. એક જ વાર પ્રમુખ બનવાનો નિયમ તેમના માટે ઢીલો કરાયો હશે. સુભાષબાબુના અપવાદ સિવાય ગાંધીજીની ઇચ્છા પ્રમાણેનો માણસ જ પ્રમુખ થતો રહ્યો છે. હવે જે પ્રમુખ બનશે તે જ દેશનો વડો પ્રધાન પણ બનશે, એટલે આ વખતની પ્રમુખની ચૂંટણી માત્ર પ્રમુખની જ ન રહેતાં એક પ્રકારે વડાપ્રધાનની ચૂંટણી પણ થવાની હતી. ઘણા સમયથી ગાંધીજી નહેરુજીને પોતાના વારસદાર માનતા-મનાવતા થયા હતા, જ્યારે તેમના અંધભક્ત ગણાતા સરદાર સાથે થોડાક સમયથી ચડભડ થવા લાગી હતી. ગાંધીજી મુસ્લિમો પ્રત્યે વધુ પડતું તુષ્ટિકરણનું વલણ ધરાવતા અને નહેરુજી તેમાં લગભગ સમ્મત રહેતા હતા, પણ સરદાર વાસ્તવવાદી હોવાથી કેટલીક વાર મતભેદ થતો, તે ગાંધીજીને ગમતો નહીં.

હવે પ્રમુખ માટે પ્રાંતિક સમિતિઓએ સરદાર, સીતારામૈયા અને કૃપલાણીનાં નામ સૂચવ્યાં હતાં. કોઈ પ્રાંતિક સમિતિએ નહેરુજીનું નામ

સૂચવ્યું જ ન હતું. પંદર પ્રાન્તિક સમિતિઓમાંથી બાર સમિતિઓએ સરદારનું નામ સૂચવ્યું હતું. આ રીતે સ્પષ્ટ અને પૂર્ણ બહુમતીથી સરદાર પ્રમુખ થવાના હતા, પણ ગાંધીજીને સરદાર માન્ય ન હતા. તેમને ગમે તે રીતે નહેરુ જોઈતા હતા, તેથી કૃપલાણીને સમજાવીને સરદારને ચૂંટણીમાંથી બેસાડી દીધા અને નહેરુજીને ચૂંટાવી કાઢ્યા. મારી દૃષ્ટિએ આ સરદાર પ્રત્યે હડહડતો અન્યાય હતો. તે દિવસે સરદારની ભાવિ કરિયરની હત્યા થઈ ગઈ કહેવાય. ગાંધીજીએ આવું કેમ કર્યું? છેલ્લા કેટલાક સમયથી તેમનો સરદાર પ્રત્યેનો અણગમો વધતો જતો હતો. સરદારનું વાસ્તવવાદી વલણ ઘણી વાર ગાંધીજીને અકળાવી દેતું હતું. કહેવા ખાતર ભલે ગાંધીજી કોઈ પદ ઉપર ન રહ્યા, પણ તે પોતાનું જ ધાર્યું કરાવવાના આગ્રહી રહ્યા. એમ કહેવાય કે તે અહિંસક ડિક્ટેટર હતા. તે દિવસે સરદારની કરિયરનું બલિદાન લેવાઈ ગયું. ગાંધીજી વારંવાર સત્ય અને અહિંસાનો ઢોલ વગાડતા રહેતા, પણ તે દિવસે સત્ય તો સરદાર તરફ હતું. 15માંથી 12 કમિટી સરદારતરફી હતી. આથી વધુ કયું સત્ય હોઈ શકે? પણ પોતાની પ્રિય વ્યક્તિને ખાતર આ સત્યની હત્યા થઈ ગઈ. આને કયું સત્ય અને કેવી અહિંસા કહેવાય? જો સરદારને પ્રમુખ અને પછી પ્રધાનમંત્રી થવા દેવાયા હોત તો પાછળથી દેશે જે ગંભીર ભૂલો કરી અને ઘોર પરિણામો ભોગવ્યાં તે ભોગવવાં ન પડ્યાં હોત. વિભાજનમાં દશ લાખ માણસોની હત્યા થઈ ગઈ જેમાં મોટું પ્રમાણ હિન્દુઓનું જ હતું, તે ન થયું હોત, પણ આઝાદી પહેલાં જ આઝાદીને રોગ લાગી ગયો, જે હજી જતો નથી.

સરદાર હજી પણ ગાંધીજીના શિસ્તબદ્ધ મૂક સેવક જ હતા. તેમણે જે થયું તે ચૂપચાપ સ્વીકારી લીધું. તેમણે ધાર્યું હોત તો બંડ પોકારી શકાયું હોત, પણ તે ચૂપ જ ન રહ્યા, અનુકૂળ પણ થયા. સરદારનો આ મોટામાં મોટો ત્યાગ હતો, જેની કદર કરવામાં ન આવી.

મૌલાનાની ઇચ્છા સરદાર પ્રધાનમંત્રી બને તેવી ન હતી પણ પાછળથી તેમને પોતાની હિમાલય જેવડી ભૂલ દેખાણી. પણ વાત વીતી ગઈ. તેમણે સ્વીકાર્યું કે, "જવાહરને ચૂંટી કાઢવાની ભૂલ મારા જીવનની સૌથી મોટી ભૂલ હતી."

આગળની ઘટનાઓએ આ વાત વધુ સ્પષ્ટ કરી દીધી કે મોટી ઐતિહાસિક ભૂલ થઈ ગઈ. કેટલાક લોકો એવો બચાવ કરે છે કે સરદારની તબિયત સારી રહેતી ન હતી. આ વાત યોગ્ય ન કહેવાય. તબિયતનો પ્રશ્ન સરદારે જોવાનો હતો. તેમને એવું લાગત કે "હું જવાબદારી સંભાળી જ નહીં શકું" તો તે પોતે જ ઊભા રહેત નહીં. આ રીતે તેમની શ્રદ્ધા અને અનુશાસનવૃત્તિનો ઘોર દુરુપયોગ થયો કહેવાય. કોણ કહે છે કે મહાપુરુષોને રાગ-દ્વેષ નથી હોતો? આથી વધુ મોટો કયો રાગ-દ્વેષ બીજો શો હોઈ શકે? આખી જિંદગી સરદારે અંધભક્તિ રાખેલી તેનું પરિણામ આવું મળ્યું!!

નહેરુજી પ્રમુખ તો થયા પણ તેમના વલણથી ઝીણા કેબિનેટ મિશનની યોજનામાંથી ખસી ગયા. કોઈ પણ શરતે તે ભેગા મળીને કામ કરવા તૈયાર ન હતા. તેમણે "સીધા દિવસ"ની ધમકી આપી અર્થાત્ 16મી ઑગસ્ટે દેશભરના મુસ્લિમલીગના મુસ્લિમો સીધું પગલું ભરશે. મુસ્લિમલીગમાં મુસ્લિમ સિવાય કોઈ ખાસ સભ્ય ન હતા. સરકારને અને કૉંગ્રેસને ખબર પાડી દેવા તેમણે સીધાં પગલાં ભરવાની ધમકી આપી. તેની શરૂઆત બંગાળથી થઈ. ત્યારે બંગાળમાં મુસ્લિમલીગનું શાસન હતું. હસન શહીદ સુહરાવર્દી મુખ્યમંત્રી હતા. બધા નેતાઓએ ઉશ્કેરણીજનક ભાષણો કર્યાં. ગુંડાઓ ચારે તરફ ફરી વળ્યા. કોઈ યુદ્ધના બૉમ્બમારામાં નુકસાન ન થાય તેટલું જાન-માલનું નુકસાન લીગના કાર્યકર્તાઓએ હિન્દુઓને પહોંચાડ્યું. ચારે તરફ હાહાકાર મચાવી દીધો. પોલીસ અને સેના નિષ્ક્રિય હતી. બિચારા અભાગિયા હિન્દુઓ આઝાદી પહેલાં જ આઝાદીના નમૂનાનો સ્વાદ ચાખી રહ્યા હતા. કલકત્તામાં હિન્દુઓની પ્રચંડ બહુમતી હતી પણ અહિંસાવાદી, હિંસાવાદીઓ આગળ તો ઘેટાંબકરાં જ થઈ જાય. ચાર-પાંચ દિવસ પારાવાર હાનિ વેઠ્યા પછી, યુ.પી.-બિહારના ભૈયા લોકો સંગઠિત થયા અને સામનો કરવા લાગ્યા. આ પ્રતિઘર્ષણ હતું. હવે હુલ્લડ શરૂ કરનારાઓને બોધપાઠ મળવા લાગ્યો. તેઓ શાંત થયા અને ઘણું વેઠ્યા પછી માંડ શાંતિ થઈ.

કલકત્તાનાં હિંસક તોફાનો પછી દેશનું વાતાવરણ વધુ ડહોળાવા લાગ્યું. તેવી પરિસ્થિતિમાં નહેરુએ જે મંત્રીમંડળનું ગઠન કર્યું તે આ પ્રમાણે હતું:

1. જવાહરલાલ નહેરુ.
2. વલ્લભભાઈ પટેલ
3. રાજેન્દ્રપ્રસાદ
4. ચક્રવર્તી રાજગોપાલાચારી

5. શરતચંદ્ર બોઝ
6. જગજીવનરામ
7. બલદેવસિંગ
8. જોન મથાઈ
9. કુંવરજી ભાભા
10.શફાત અહમદખાન
11.સૈયદ અલી ઝહીર

આમાં મુસ્લિમલીગનો એક પણ સદસ્ય ન હતો. લીગ દૂર જ રહી હતી. સરદાર તેને વરદાન માનતા હતા, કારણ કે લીગીઓ સાથે કામ કરવાનું કઠિન થઈ જાત. સર શફાત એહમદખાન લાગે છે કે સરહદપ્રાન્તના હશે. તેમના ઉપર લીગવાળા મુસ્લિમોએ પહેલાં હુમલો કરેલો. લીગવાળા એવા ઝનૂની હતા કે જે લીગમાં ન હોય અને બીજામાં હોય તેને ગદ્દાર અને કાફર માનતા હતા.

તા. 2-9-1946ના રોજ નવી સરકાર અસ્તિત્વમાં આવી ગઈ. સત્તા ઉપર આવેલા બધામાં સૌથી પીઢ, અનુભવી શાસકીય વ્યક્તિ સરદાર અને રાજાજી હતા. સરદારને ગૃહખાતું આપ્યું હતું. તેમણે વી. શંકરને પોતાના સચિવ બનાવ્યા હતા. વી. પી. મેનન અને એચ. એમ. પટેલ પણ તેમના સહયોગી હતા. સરકારી અંગ્રેજ નોકરશાહી લીગ- તરફી હતી. તે ગમેતેમ કરીને લીગને સત્તામાં લાવવા માગતી હતી. લાંબી ચર્ચાવિચારણા અને ખટપટો પછી ઝીણાને સમજાયું કે પ્રધાનમંડળમાં જવું જોઈએ. ન જવાની ભૂલ હવે સમજાઈ હતી. તે સરકારમાં જોડાવા તૈયાર થઈ ગયા. ભોપાલના નવાબે ચતુરાઈથી એક યોજના ઉપર સહી કરાવી લીધી. પાછળથી ગાંધીજીને પસ્તાવો પણ થયો. પણ ભૂલ થઈ ગઈ. આ ભૂલને ઝીણા હુકમનો એક્કો બનાવી ચર્ચા કરતા હતા. સરદાર કોઈ પણ ભોગે લીગને મંત્રીમંડળમાં લેવા તૈયાર ન હતા. તે જાણતા હતા કે આથી શાસન કરવું અશક્ય થઈ જશે. પણ નહેરુ લીગને લેવા આતુર હતા. લીગના પાંચ પ્રધાનો લેવાયા તેમાં લિયાકતઅલીખાન, ચુંદરીગર, અબ્દુલ રદબ નિસ્તાર, ગઝનફર- અલીખાન અને જોગીન્દ્રનાથ મંડલ. તેમના માટે જગ્યા ખાલી કરનાર હતા શરતચંદ્ર બોઝ, સૈયદ અલી ઝહીર અને શફાત એહમદખાન.

ઝીણાનો આગ્રહ સરદાર પાસેથી ગૃહખાતું લઈને મુસ્લિમલીગના સભ્યને આપવાનો હતો, પણ સરદાર મક્કમ રહ્યા. જો ગૃહખાતું લીગના હાથમાં જાય તો-તો આખા દેશની દશા બંગાળ-કલકત્તા જેવી થાય, કારણ કે ત્યાં જે હુલ્લડો થયાં હતાં તે લીગે જ કરાવ્યાં હતાં. સરદારની મક્કમતા એટલી હદે હતી કે જો ગૃહખાતું લીગને અપાય તો પોતે રાજીનામું આપી દેશે. નહેરુ પણ સંમત થયા અને અંતે નાણાંખાતું લિયાકતઅલીખાનને આપી વાત પૂરી કરી.

લીગના પાંચ મંત્રીઓમાં એક દલિત હિન્દુ જોગીન્દ્રનાથ મંડલ પણ હતા. ગાંધીજી અને સૌનો વિરોધ હતો કે મુસ્લિમલીગ માત્ર મુસ્લિમોનું જ પ્રતિનિધિત્વ કરે છે, પછી દલિત હિન્દુ કેમ લાવ્યા? આ મંડલભાઈનો ભ્રમ ત્યારે ભાંગ્યો જ્યારે પૂર્વ-પાકિસ્તાનથી તે હાથેપગે જીવ બચાવીને ભારત ભાગી આવ્યા.

લીગના આવ્યા પછી મંત્રીમંડળની કામગીરી બહુ કઠણ થઈ ગઈ. લિયાકતઅલીખાન પોતાને નહેરુથી નીચા માનતા જ ન હતા, તેથી પોતે લીગી મંત્રીઓની અલગ બેઠક કરતા અને પછી સંયુક્ત બેઠકમાં ભારે ખટરાગ થતો. લીગ વિરોધપક્ષના જેવો વ્યવહાર કરતી. તે બતાવવા માગતી હતી કે જ્યાં સુધી પાકિસ્તાન નહીં મળે ત્યાં સુધી આ દેશ ચાલી શકશે નહીં. અંગ્રેજોને આટલું જ જોઈતું હતું. લિયાકતઅલીખાન પોતાની સત્તાનો ઉપયોગ જરૂરી યોજનાઓમાં પણ નાણાં નહીં ફાળવવામાં કરતા.

કૉંગ્રેસનું અધિવેશન મેરઠમાં મળવાનું હતું. નહેરુ હવે પ્રમુખ રહ્યા ન હતા. તેમની જગ્યાએ આચાર્ય કૃપલાણીને પ્રમુખ તરીકે સર્વસંમતિથી ચૂંટી કાઢવાનું કામ ગાંધીજી અને સરદારે કર્યું હતું. જોકે કૃપલાણીએ સરદારની જગ્યાએ નહેરુને પ્રમુખ બનાવવામાં ગાંધીજીના ઇશારે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, તોપણ સરદારે કશો ડંખ રાખ્યા વિના તેમને જ પ્રમુખ તરીકે ચૂંટી કઢાવ્યા હતા.

સરદારનાં વાસ્તવિક અને તેજસ્વી ભાષણો ગાંધીજીને ગમતાં નહીં. લોકો મરચુંમીઠું ભભરાવીને વાત કરતા તેથી ગાંધીજી અને સરદાર વચ્ચેનું અંતર વધવા લાગ્યું હતું. નહેરુજીએ એક વાર જાહેર ભાષણમાં બાફી દીધું કે કદાચ અમે રાજીનામું પણ આપી દઈએ. ઝીણા અને વેવેલ તો આટલું જ ઇચ્છતા હતા. પણ સરદારે સુધારી લીધું કે અમે કદી ભાગવાના નથી. મક્કમતાથી કામ કરતા જ રહીશું.

ગાંધીજી અને સરદાર વચ્ચે પત્રવ્યવહાર થયો. ગાંધીજી ત્યારે નોઆખલીમાં શાંતિ મિશન ઉપર હતા. ગાંધીજીના વલણથી સરદાર બહુ વ્યથિત રહેતા હતા.

લીગના સદસ્યો જે મંત્રીમંડળમાં દાખલ થયા હતા તે દિનપ્રતિદિન વધુ ને વધુ અસહયોગ કરવા લાગ્યા. જાણે બે મંત્રીમંડળ હોય તેમ વર્તવા લાગ્યા. છેવટે તેમને દૂર કરવા કે પછી પોતે દૂર થઈ જવું એવો કૉંગ્રેસે વિચાર કર્યો. સરદાર મક્કમ હતા કે કાં તો લીગવાળા બંધારણસભામાં આવે અથવા મંત્રીમંડળમાંથી નીકળી જાય. આ મડાગાંઠ ઉકેલવા બ્રિટનના પ્રધાનમંત્રી એટલીએ સૌને લંડન બોલાવ્યા, પણ સરદાર ન ગયા, નહેરુ જ ગયા. સરદારની ચેતવણી અને ધારણા પ્રમાણે લંડનની યાત્રા સંપૂર્ણ નિષ્ફળ રહી. સરદારે ગાંધીજીને જણાવ્યું કે “નહેરુ ન ગયા હોત તો સારું થાત. અંગ્રેજ સરકાર લીગતરફી થઈ ગઈ છે.” લીગનાં કોમી તોફાનો કલકત્તા, નોઆખલી પછી બિહારમાં પણ ભડકી ઊઠ્યાં હતાં. પંજાબમાં 50 હજાર લોકો માર્યા ગયા હતા. તેમાં શીખો વધારે હતા. ઘણી સ્ત્રીઓ કૂવામાં પડીને મરી ગઈ હતી, તો ઘણી સ્ત્રીઓનું બળજબરી અપહરણ થયું હતું.

બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાન મોરચે સેનાપતિ રહેલા વેવેલ સ્પષ્ટપણે લીગતરફી થઈ ગયા હતા, તેથી મંત્રીમંડળ કશું કામ કરી શકતું ન હતું. અંતે લંડનમાં પ્રધાનમંત્રી એટલીને આ વાત સમજાઈ. તેમણે તત્કાલ વેવેલને પાછા બોલાવી લીધા અને તેમની જગ્યાએ લૉર્ડ માઉન્ટ બેટનને મોકલ્યા. 23-3-1947ના રોજ વેવેલ દિલ્હીથી પાછા વિદાય થયા અને 24-3-1947ના રોજ લૉર્ડ માઉન્ટ બેટને વાઈસરૉયનો હોદ્દો સંભાળી લીધો.

ઝીણા કોઈ પણ ભોગે પાકિસ્તાનની માગણી પૂરી કરવા મરણિયો પ્રયાસ કરવા તૈયાર હતા. તે ગાંધીજીની માફક અહિંસાવાદી ન હતા. તેમને પોતાની ઇચ્છા પૂરી કરવા માટે સૌથી મોટું હથિયાર ‘હિંસા’ દેખાતું હતું. તે વારંવાર ‘સીધાં પગલાં’ ભરવાની ધમકી આપ્યા કરતા હતા. આખા દેશમાં મુસ્લિમોની વસ્તી ફેલાયેલી હતી. તે જન્મજાત આક્રમક હતી, તેથી ઝીણાને તેમની આક્રમકતા ઉપર પૂરો ભરોસો હતો. “સીધો દિવસ” તેનો પ્રયોગ હતો. તેમણે સર્વપ્રથમ નક્કી કર્યું કે તેની શરૂઆત ક્યાંથી કરવી? તેમને કલકત્તા ઠીક લાગ્યું, કારણ કે બંગાળમાં મુસ્લિમ વસ્તી પ્રચંડ બહુમતી ધરાવતી હતી. વળી ત્યાંની પ્રાન્તીય સરકાર લીગની હતી. ત્યાંના મુખ્યમંત્રી હસન શહીદ સુહરાવર્દી કટ્ટર મુસ્લિમલીગી હતા જેઓ પાછળથી પાકિસ્તાનના પ્રધાનમંત્રી પણ થયેલા. કલકત્તામાં ભીષણ હુલ્લડો કરવાની યોજના ઘડી કાઢી. મહત્ત્વનાં સ્થાનોથી હિન્દુ અધિકારીઓને હટાવી દીધા, કલકત્તાનાં 24 પોલીસ સ્ટેશનોમાંથી 22 ઉપર મુસ્લિમ અધિકારીઓ ગોઠવી દીધા. બાકીના બે ઉપર એન્ગ્લો ઇન્ડિયન ગોઠવાયા. એકે હિન્દુ અધિકારી ન રખાયો. મુસ્લિમ ગુંડાઓને હથિયારો, પેટ્રોલ વગેરે વહેંચવામાં આવ્યું. 16મી ઑગસ્ટને “સીધાં પગલા” દિવસ ઘોષિત કરાયો હતો. પંદરમીની રાતથી જ વાતાવરણ બગડવા માંડ્યું. મુસ્લિમલીગની એક વિરાટ સભા કલકત્તામાં થઈ અને નેતાઓએ આગઝરતાં ભાષણો કર્યાં. સભા વીખરાતાં જ ગુંડાઓએ કાળો કેર વર્તાવવા માંડ્યો. 16-17-18 ત્રણ દિવસ કલકત્તાને કસાઈખાનું બનાવી દેવાયું. પોલીસ તથા સેના મૂક દર્શક બની ગઈ. સુહરાવર્દી પોતે સંચાલન કરવા લાગ્યા. ઘણો માર ખાધા પછી હિન્દુઓ જાગ્યા. તેમણે વળતા હુમલા શરૂ કરી દીધા. તે એટલા પ્રચંડ હતા કે મુસ્લિમો દંગ રહી ગયા. હવે તેમને ભાન થયું કે આ તો આપણો જ વિનાશ થઈ જશે. કલકત્તા જેમતેમ શાંત થયું. વળતા હુમલામાં મુસ્લિમોને ભારે નુકસાન થયું. તેનો બદલો લેવા માટે લીગે નોઆખલીને કેન્દ્ર બનાવ્યું. નોઆખલી જિલ્લામાં કુલ 22 લાખની વસ્તી હતી તેમાં 18 લાખ મુસ્લિમો હતા. અહીં ભારે તંગ વાતાવરણ બનાવી દેવાયું. 29મીએ ઈદના રોજ ટોળાંઓએ મંદિરો-મૂર્તિઓ તોડવા માંડી. ભયંકર કાપાકાપી શરૂ થઈ ગઈ. સૌથી વધુ નિશાન સ્ત્રીઓ બની. તેમનાં શિયળ લૂંટાયાં. કેટલીક સ્ત્રીઓએ આત્મહત્યા કરી લીધી. હજારો મકાનો-દુકાનો બાળ્યાં. અહીં કોઈ રક્ષક ન હતું. લીગ “સીધા દિવસ” દ્વારા સરકારને બતાવી દેવા માગતી હતી કે અમે ધારીએ તો શું-શું કરી શકીએ તેમ છીએ. નોઆખલી અને તિપેરા જિલ્લામાં મુસ્લિમોનાં ટોળાં હિન્દુઓનાં ઘરે પહોંચી જતાં. પહેલાં પૈસા માગતા, પછી ઘરમાં હોય તે બધાં હથિયારો માગતા. પછી સંતાડેલી છોકરીઓ તથા સ્ત્રીઓને શોધી કાઢતા અને અત્યાચાર કરતા. કલકત્તાનું વેર વાળવા બધા તૂટી પડતા. હિન્દુઓ ભાગે નહીં તે માટે બધા રસ્તા બંધ કરી દીધેલા. પુલો તોડી નાખેલા. તેમ છતાં ગમેતેમ કરીને ભાગીને હજારો લોકો કલકત્તામાં શરણ લેવા મંડ્યા. નોઆખલીમાં ભયંકર હત્યાકાંડ અને અગ્નિકાંડ થતો રહ્યો. પણ ન તો સુહરાવર્દી આવ્યા કે ન કોઈ અંગ્રેજ આવ્યો. ગાંધીજી પોતાની રીતે મુસ્લિમોને કાલાવાલા કરીને શાંત કરવા પ્રયત્ન કરતા રહ્યા. ગાંધીજી 28-10-1946ના રોજ કલકત્તા પહોંચ્યા. તેઓ નોઆખલી જવા માગતા હતા પણ સુહરાવર્દીએ તેમને કલકત્તા રોકી લીધા. 10મી ઓકટોબરથી નોઆખલીમાં

બદલાની વૃત્તિથી શરૂ થયેલાં તોફાનો હજી ચાલુ હતાં. ગાંધીજી સ્પેશિયલ ટ્રેન દ્વારા પદ્માનદીએ પહોંચ્યા. ત્યાંથી પદયાત્રા શરૂ કરી. ગાંધીજી પોલીસ કે સેનાનો ઉપયોગ કરાવવા માગતા ન હતા. તે નવાઈ ઉપજાવે તેવી વાત કહેવાય. આવા સમયે તો "દેખો ત્યાં ઠાર" કરવાની સત્તા પોલીસને હોય અને કર્ફ્યુ હોય તો તોફાનો કાબૂમાં આવે. ગાંધીજી કાલાવાલા કરીને સમજાવટથી કામ કરવા માગતા હતા, તેથી આ તોફાનમાં માત્ર હિન્દુઓ જ મરાયા. પોલીસની ગોળીથી કે બીજી રીતે કોઈ મુસ્લિમ મરાયાનું જણાયું નહીં. ગાંધીજી પોતાની અહિંસાથી બધું શાંત કરવા માગતા હતા અને ગામડે-ગામડે પગપાળા ફરી રહ્યા હતા.

બીજી તરફ કલકત્તાનાં તોફાનોનો ભોગ બનેલા બિહારીઓ ભાગીને પોતાને વતન ગયા અને પોતાની પરિસ્થિતિ વર્ણવી તેથી બિહારીઓ ભડક્યા. તેમણે પ્રચંડ હુમલાઓ કરવા માંડ્યા. તેની ભયંકરતાથી ગભરાઈને નહેરુ, સરદાર, લિયાકત, અબ્દુલ રબ વગેરે તાબડતોબ બિહાર પહોંચ્યા અને તોફાન અટકાવવાના કામમાં લાગી ગયા. નવાઈ એ હતી કે નોઆખલીમાં ગાંધીજી સિવાય કોઈ ગયું ન હતું. કલકત્તાની પ્રતિક્રિયા નોઆખલીમાં અને નોઆખલીની પ્રતિક્રિયા બિહારમાં આગની માફક ફેલાઈ ગઈ. બિહારમાં કૉંગ્રેસની સત્તા હતી, જ્યારે બંગાળમાં લીગની સત્તા હતી.

નોઆખલી ભડભડ બળી રહી હતી ત્યાં બિહારમાંથી કૉંગ્રેસના સૈયદ મેહમૂદનો પત્ર ગાંધીજીને મળ્યો. તેમણે ગાંધીજીને બિહાર બોલાવ્યા. તે જ દિવસે ગાંધીજી બિહાર જવા નીકળી પડ્યા. નોઆખલીમાં હિન્દુઓ મરી રહ્યા હતા તો બિહારમાં મુસ્લિમો મરી રહ્યા હતા. ગાંધીજીએ બિહાર જવાનું પસંદ કર્યું અને ડો. મહેમૂદના ઘરે જ ઊતર્યા. રાજેન્દ્રપ્રસાદ, કૃપાલાણી વગેરે પણ બિહાર આવ્યા. સરકારી આંકડા પ્રમાણે બિહારમાં 5400 મુસ્લિમો માર્યા ગયા હતા. આ ભયંકર તાંડવનું એક પરિણામ એ આવ્યું કે કલકત્તા અને નોઆખલીમાં તોફાનો અટકી ગયાં. બિહારના તોફાનીઓની એવી માન્યતા હતી કે અમારી હિંસાથી નોઆખલીની હિંસા અટકી હતી. કોઈ તમારો જમણો હાથ દબાવે તો તમે તેના પગ ઉપર લાત મારો તો જ હાથ છૂટે. હાથનો જવાબ હાથથી જ ન લેવાય, જે કોઈ અંગ હાથમાં આવે તેનાથી લેવાય - આવી ગણતરી બિહારીઓની હતી. ઝીણાને "સીધો દિવસ" મનાવવાનું ભારે પડી ગયું. તે સમજતા હતા કે મુસ્લિમો એટલા આક્રમક છે કે પૂરા ભારતને ભડકે બાળી શકે છે. આ ધારણા ખોટી ઠરી. જો હિન્દુ પ્રજા મોડેમોડે પણ વીફરે તો તે પણ બદલો લઈ શકે છે. વળી ભારતમાં ક્યાંક મુસ્લિમ તો ક્યાંક હિન્દુઓનું જોર વધારે હતું. આ હુલ્લડોના કડવા અનુભવ પછી ઝીણાએ વસ્તીની અદલાબદલી કરી નાખવાની વાત રજૂ કરી, પણ કૉંગ્રેસના મોટા નેતાઓએ આ વાત પ્રત્યે ધ્યાન આપ્યું નહીં. જો આ વાતને ગંભીરતાથી લેવાઈ હોત તો ભવિષ્યની ઘણી ગોઝારી ઘટનાઓને રોકી શકાઈ હોત.

નોઆખલીના હત્યાકાંડથી ગાંધીજી દુઃખી હતા પણ પટણાના હત્યાકાંડથી તેઓ વધુ દુઃખી થયા. ગાંધીજી 25મી મેએ પટણાથી દિલ્હી જવા નીકળી ગયા.

કલકત્તા, નોઆખલી અને બિહારના છાંટા લીગે પંજાબમાં પણ ઉડાડ્યા. ત્યાં પણ તોફાનો થવા લાગ્યાં. ત્યાંના મુખ્યમંત્રી ખિજર હયાત ખાન પરિસ્થિતિને સંભાળી શક્યા નહીં તેથી રાજીનામું આપી દીધું. તેમની જગ્યા લીગવાળાઓએ લીધી. તેમણે તોફાન વધુ ભડકાવ્યાં, પણ છેવટે ગવર્નર સર ઈવાન્સે લીગની સરકારને બરતરફ કરીને સત્તા પોતાના હાથમાં લઈ લીધી. અમદાવાદ, મુંબઈ વગેરે સ્થળોએ પણ તોફાનો થવા લાગ્યાં હતાં.

દિનપ્રતિદિન વિભાજન વધુ દઢ થવા લાગ્યું હતું. લોકોને થવા લાગ્યું હતું કે હિન્દુ-મુસ્લિમો સાથે રહી શકશે નહીં તેથી અલગ થવું જ સારું. ગાંધીજીએ છેલ્લો પ્રયત્ન કર્યો. દિલ્હીની પૂરી સત્તા લીગ અને ઝીણાને સોંપી દેવી. દેશહિતમાં ઠીક લાગે તેમ તે રાજ કરે પણ દેશના ટુકડા ન કરે. ગાંધીજીની આ યોજના માઉન્ટબેટને નહેરુ પાસે મૂકી. તેમણે વિરોધ કર્યો, મૌલાના આઝાદે સમર્થન કર્યુંઃ સરદારે તો મૂળમાંથી જ યોજનાને ફગાવી દીધી.

માઉન્ટ બેટનની એક એવી યોજના પણ હતી કે ભારતના પ્રત્યેક પ્રાન્તને સ્વતંત્ર બનાવી સત્તા આપી દેવી. પણ નહેરુ-ગાંધીએ તે યોજના સ્વીકારી જ નહીં.

તા. 14-6-1947ના રોજ કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં વિભાજનનો પ્રસ્તાવ પાસ થઈ ગયો. 157 મતો પક્ષમાં અને 29 મતો વિરુદ્ધમાં પડ્યા હતા. પંજાબ અને બંગાળના ભાગલાની સીમા રેડક્લીફ જેવી સૂચવે તેવી બંનેએ સ્વીકારી લેવી. બ્રિટિશ પાર્લમેન્ટમાં વિભાજનનો ખરડો પાસ થઈ ગયો.

મુસ્લિમલીગે મુસ્લિમ નૅશનલ ગાર્ડ્ઝ જેવાં લડાયક દળો ઊભાં કર્યાં હતાં તે જ્યાં ને ત્યાં તોફાનો કર્યા કરતાં હતાં. હિન્દુ નિરાશ્રિતોનાં ટોળેટોળાં ભારત આવવા લાગ્યાં હતાં. નવા પ્રધાનમંડળમાં નહેરુએ સરદારનું નામ જ નહીં લખેલું તેવી પણ એક માહિતી હતી. વી. પી. મેનને માઉન્ટ બેટનને ચેતવ્યા અને તેનાં ગંભીર પરિણામો સૂચવ્યાં. પછી સરદારનું નામ લખાયું તેવું મનાય છે. પ્રધાનમંડળમાં ચૌદ મંત્રીઓ લેવાયા હતા જેમાં વલ્લભભાઈને નાયબ વડાપ્રધાન બનાવાયા હતા.

વિભાજનના સમાચારથી પંજાબ ખૂબ સળગ્યું હતું. રાવલપિંડીમાં ઘણા શીખોને મારી નાખવામાં આવ્યા. ગાંધીજી પંજાબ જવાની જગ્યાએ પાછા કલકત્તા—નોઆખલી ચાલ્યા ગયા હતા. કલકત્તામાં બેલિયાઘાટમાં એક મુસ્લિમના ઘરમાં તે રહ્યા હતા, સાથે માજી મુખ્યમંત્રી સુહરાવર્દી પણ હતા. પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી પ્રફુલ્લચંદ્ર ઘોષે શાંતિ સ્થાપવામાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું.

13મી ઑગસ્ટે રેડક્લીફનો વિભાજન અહેવાલ બહાર પડી ગયો. રેડક્લીફના અહેવાલ પ્રમાણે બંગાળના ચટ્ટગાંવ પરગણાને પૂર્વ-પાકિસ્તાન સાથે જોડી દેવાનો હતો. ત્યાં 93% વસ્તી હિન્દુ-બૌદ્ધોની હતી. મુસ્લિમો માત્ર સાત ટકા જ હતા. સરદારે સખત વિરોધ કર્યો. આવું જ સિંધમાં નગરપારકરનું હતું. પણ સ્થાયી નેતાઓના અભાવે આ બંને હિન્દુ-બહુલ પ્રદેશો પાકિસ્તાનમાં ચાલ્યા ગયા. જો ચટ્ટગાંવ ભારતમાં રહ્યું હોત તો ભારતને એક મહાન બંદર મળત અને આસામ જવા માટે પૂર્વ-પાકિસ્તાનનું મોટું ચક્કર ન મારવું પડત. લિયાકતઅલીખાને પણ ફિરોજપુર અને ગુરુદાસપુર એમ બે જિલ્લા પાકિસ્તાનમાં જોડવાનો આગ્રહ કર્યો. બીજો મોટો પ્રશ્ન મિલકતો અને દેવાની જવાબદારીઓ વહેંચવાનો હતો. પાકિસ્તાન મિલકતો તો લેવા માગતું હતું પણ દેવામાં જવાબદારી ઉઠાવવા આનાકાની કરતું હતું. સરદારે ઘોર વિરોધ કર્યો.

રેડક્લીફના સીમાંકનથી ભારે અસંતોષ થયો. બંને તરફ ભયંકર કાપાકાપી શરૂ થઈ ગઈ. એક વાર ઝીણા વસ્તી બદલવાનો પ્રસ્તાવ કરી ચૂક્યા હતા પણ કોઈએ ધ્યાન ન આપ્યું. હવે એકતરફી વસ્તી ધકેલી દેવાની નીતિ પંજાબ, સરહદપ્રાન્ત અને સિંધમાં અપનાવવામાં આવી રહી હતી. પાકિસ્તાનમાંથી ધાડેધાડાં પગે ચાલીને ભારત તરફ ધસી આવતાં હતાં, તો અહીંથી પણ પાકિસ્તાન તરફ તેવાં જ ધાડાં ભાગી રહ્યાં હતાં. જોતજોતાંમાં દિલ્હીમાં પ્રત્યેક ચોથી વ્યક્તિ નિરાશ્રિત બની ગઈ હતી. સરદાર આ બધા માટે આવાસ, ભોજન વગેરેની વ્યવસ્થામાં પણ રોકાયા હતા. ગાંધીજી કલકત્તા હતા. કલકત્તામાં પણ મારકાપ ચાલુ હતી. ગાંધીજી ઉપવાસ ઉપર ઊતર્યા અને 4થી સપ્ટેમ્બરે ઉપવાસ છોડ્યા અને તે જ દિવસે દિલ્હીમાં ભયંકર રમખાણ ફાટી નીકળ્યાં. ભારતમાંથી જે મુસ્લિમો હિજરત કરીને ટ્રેન દ્વારા પાકિસ્તાન જવા માગતા હતા તેમને પંજાબમાંથી જ જવું પડતું હતું. શીખો ઘણા ઉશ્કેરાયેલા હતા તેથી ટ્રેનો સલામત ન હતી. બીજી તરફ પાકિસ્તાનથી જે ટ્રેનો આવતી તે મડદાંથી ભરેલી આવતી. બંને તરફ મારકાપ ચાલી રહી હતી. તેવામાં અહીંથી જનારી ટ્રેનોને શાંતિથી જવા દેવાય તેવું સમજાવવા સરદાર અમૃતસર ગયા અને પતિયાળાના મહારાજાને મળીને એક વિશાળ સભામાં તેમણે કહ્યું કેઃ

“મને પૂરેપૂરી ખાતરી છે કે ભારતનું હિત પોતાનાં તમામ સ્ત્રી-પુરુષોને સરહદ પારથી બોલાવી લેવામાં અને પૂર્વ પંજાબથી તમામ મુસ્લિમોને મોકલી દેવામાં રહેલું છે.”

તેમણે પંજાબના બંને ભાગની વસ્તીની અદલાબદલી કરવાની હિમાયત કરી. બંને તરફના નિરાશ્રિતોનો પ્રશ્ન ઘણો વિકટ બની ગયો હતો. રામપુરના નવાબની વિનંતીથી સરદારે એક સ્પેશિયલ ટ્રેન દિલ્હીથી રામપુર મોકલવી જેમાં દિલ્હીમાં રહેતા રામપુરી મુસ્લિમો હતા.

ભોપાલના નવાબની વિનંતીથી પણ સરદારે ઘણાં કામો કર્યાં હતાં. મુસલમાનોનો પ્રશ્ન વિકટ હતો. તેમને જલદી પાકિસ્તાન પહોંચાડવાના પ્રયત્નો ચાલતા હતા. આ સમય સરદાર માટે અને ભારત સરકાર માટે ભારે ચિંતા અને વ્યથાનો હતો. કોઈને કલ્પના પણ ન હતી કે વિભાજનમાં આટલી મોટી હિંસા થઈ જશે.

છેલ્લાં દશ વર્ષથી નહેરુ-સરદાર વચ્ચે મતભેદો ચાલ્યા કરતા હતા. નહેરુજી ડાબેરીઓનું નેતૃત્વ કરતા હતા તો સરદાર જમણેરીઓનું નેતૃત્વ કરતા હતા. ગાંધીજી હંમેશાં નહેરુ તરફ નમતું જોખતા હતા. સરદાર ગૃહખાતું સંભાળતા હતા તેમ છતાં નેહરુજી તેમાં દખલ કરીને મૌખિક હુકમો કરતા રહેતા જે સરદારને ગમતું નહીં. હિન્દુ-મુસ્લિમ બાબતે સરદાર અને નહેરુ કાંઈક જુદું વિચારતા હતા. સરદાર વાસ્તવવાદી હતા જ્યારે નહેરુજી વધુપડતા તુષ્ટિકરણવાદી હતા. આવા મતભેદો મનભેદ સુધી પહોંચી ગયા હતા. ગોપાળસ્વામી આયંગરના પ્રકરણથી નહેરુ સરદાર વચ્ચે વધુ વૈમનસ્ય ઊભું થયું. સરદાર રાજીનામું આપવા તૈયાર થઈ ગયા હતા પણ કાંઈક સમાધાન થઈ ગયું. વાત અટકી ગઈ.

આવો જ એક બીજો પ્રસંગ આવ્યો. અજમેર-મેરવાડામાં કોમી તોફાનો થયેલાં. ત્યાં કમિશનર શંકરપ્રસાદ બહુ કુશળતાથી વહીવટ કરતા હતા, પણ નહેરુજીને મુસ્લિમોના હિતમાં પોતાનો માણસ તપાસ કરવા મોકલવાનું ઠીક લાગ્યું તે મોકલ્યો. સરદારને આ ન ગમ્યું. તે પોતાના કામમાં હસ્તક્ષેપ માનવા લાગ્યા. બંને વચ્ચે કટુ પત્રવ્યવહાર થયો. બંનેનાં મન વધુ ખાટાં થયાં. આ વખતે નહેરુજી રાજીનામું આપવા તૈયાર થયા. બંનેના કલહનું નિવારણ કરવા નહેરુજી ગાંધીજી પાસે જવા માગતા હતા, પણ ગાંધીજીએ બીજા જ દિવસથી ઉપવાસ શરૂ કર્યા હોવાથી વાત અટકી ગઈ.

બંને તરફનાં તોફાનો ચાલુ હતાં. દિલ્હીના મૌલાનાઓ ગાંધીજીને ફરિયાદ કરવા આવતા, તે વધારીને વાત કરતા. ગાંધીજી તેમનાથી પ્રભાવિત થઈ જતા અને સરદારને દોષી માનવા લાગ્યા. પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતો કેટલીક મસ્જિદોનો કબજો લઈને તેમાં રહેવા લાગ્યા હતા. ગાંધીજી આ મસ્જિદો ખાલી કરાવવા માગતા હતા. કેટલાકમાં મૂર્તિઓ પધરાવી દીધી હતી. તે બધું દૂર કરાવવા માગતા હતા. નહેરુ તેમની સાથે હતા. સરદારે તેવું જાહેરનામું બહાર પાડ્યું, પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતો મુસ્લિમોથી બહુ ત્રાસ ભોગવીને આવ્યા હતા તેથી તેમનામાં ખુન્નસ હતું. તે ઘણી વાર તેને ક્રિયાત્મક રૂપ આપી દેતા. ગાંધી-નહેરુને સૌથી વધુ ચિંતા મુસ્લિમોની હતી, આવેલા હિન્દુ નિરાશ્રિતોની ચિંતા તે પછી હતી. સરદારને બંનેની ચિંતા હતી, જેમાં અત્યંત ત્રાસ વેઠીને આવેલા નિરાશ્રિતોને થાળે પાડવાની ચિંતા વધુ હોય તે સ્વાભાવિક હતું. દિલ્હીમાં હજી પણ પોલીસખાતામાં વધુ અમલદારો મુસ્લિમો હતા. તે બરાબર કર્તવ્ય બજાવતા નહીં. તે પાકિસ્તાન ચાલ્યા જવા આતુર હતા. સરદારની તબિયત સારી ન રહેતી. તેમાં ગાંધી-નહેરુ વિષાદથી વધુ બગડતી હતી. ગાંધી-નહેરુ R.S.S. તથા બીજી હિન્દુવાદી સંસ્થાઓ પ્રત્યે કઠોર થવા માગતા હતા. પણ સરદારને કોઈ દઢ પુરાવો ન મળવાથી તેવું થઈ શકતું નહીં.

દિલ્હીના મૌલાનાઓ રોજ ગાંધીજીને મળવા આવતા અને સરદાર વિરોધી કાનભંભેરણી કરતા રહેતા. ગાંધીજી તેમની બધી વાતોને સાચી માની લેતા. એક વાર તો તેમણે કહ્યું કે જો તમે અમારી રક્ષા ન કરી શકતા હો તો અમને ઇંગ્લૅન્ડની ટિકિટ કપાવી આપો, અમે ઇંગ્લૅન્ડ જતા રહીએ.

બીજી તરફ પાકિસ્તાનમાં કોઈ ગાંધી-નહેરુ ન હતા. ત્યાં હિન્દુઓનું સાંભળનારું કોઈ ન હતું. ત્યાંના શાસકો પૂરી વસ્તીને ધકેલી દેવા માગતા હતા, તે બાબતે શાસકોમાં કશો વિખવાદ ન હતો, બધા એકમત હતા. હિન્દુઓ માટે ઝીણાએ કદી ઉપવાસ કર્યા જાણ્યા નથી.

અંતે ગાંધીજી ઉપવાસ ઉપર ઊતરી પડ્યા. લોકો આ ઉપવાસને સરદાર સામેના ઉપવાસ ગણવા લાગ્યા. સરદારની કામગીરીથી પોતાને સંતોષ નથી તેથી ઉપવાસ કરું છું તેવો ભાવ થતો હતો. સરદાર માટે આ અસહ્ય ફટકો હતો. ગાંધીજી સત્તાના કોઈ પદ ઉપર બેઠા ન હતા. તેમણે ધાર્યું હોત તો ગમે તે મોટા પદ ઉપર તે બેસી શકતા હતા, પણ પોતે સત્તાત્યાગી છે તેવો પ્રભાવ ઉત્પન્ન કરવા તેમણે પદ ગ્રહણ કર્યું ન હતું, પણ પદ ત્યાગીને પણ તે પોતાની ઇચ્છા પ્રમાણે નિર્ણયો કરાવતા હતા. જો તેમાં અડચણ આવે તો તેમનું બ્રહ્માસ્ત્ર 'ઉપવાસ' હતું. તેમના ઉપવાસનો અર્થ હતો કે "મારું ધાર્યું કરો, નહીં તો મરું છું." આ અહિંસક ધમકી હતી. "મારું છું" એ હિંસક ધમકી કહેવાય. એકંદરે "મારું છું" અને "મરું છું" સરખાં થઈ ગયાં હતાં. બંનેનો એક જ હેતુ રહેતો કે "મારું ધાર્યું થાય જ." ખરેખર તો પદનો અસ્વીકાર કર્યા પછી તેમણે પદધારીઓને તેમના વિવેક પ્રમાણે રાજ કરવા દેવું જોઈએ. આ લોકશાહી કહેવાય. તેમના ઉપર અનાવશ્યક દબાણ મૂકતા રહેવાથી વ્યવસ્થા ડગમગી જાય.

ઉપવાસમાં એક નવું તત્ત્વ ઉમેરાયું હતું. પાકિસ્તાનને 55 કરોડ રૂપિયા આપવાના થતા હતા તે તરત જ આપી દેવા તેવો ગાંધીજીનો આગ્રહ હતો. સરદાર વિલંબ કરતા હતા. તે જ વખતે પાકિસ્તાને છદ્મ રીતે કાશ્મીર ઉપર હુમલો કરાવ્યો હતો. રઝાકારો કાશ્મીરમાં આગળ વધી રહ્યા હતા. કાશ્મીરનો પ્રશ્ન માથાનો દુખાવો બન્યો હતો. આવા વખતે પાકિસ્તાનને 55 કરોડ આપવામાં આવે તો તે રકમ યુદ્ધમાં ખર્ચાય જેથી ભારતને નુકસાન થાય. નહેરુ પણ આ બાબતે સરદાર સાથે હતા. પણ ગાંધીજી અડ્યા હતા કે નહીં, આ રકમ તરત જ પાકિસ્તાનને મોકલી આપો. બીજી તરફ પાકિસ્તાન પાસે ઘણી મોટી રકમ દેવાના રૂપમાં લેવાની નીકળતી હતી તેનું શું? સરદારે નાણાંમંત્રીને જણાવ્યું હતું કે મારી ગેરહાજરીમાં ગમેતેમ કરીને પણ તમે આ રકમ પાકિસ્તાનને આપશો નહીં. ઓરિસ્સાથી મારા આવવાની રાહ જોજો. પોતાની ગેરહાજરીમાં દબાણ કરીને આ રકમ ગાંધીજી પાકિસ્તાનને અપાવી દેશે તેવો ભય સરદારને હતો. આ બાબતે પૂરું પ્રધાનમંડળ સરદારના પક્ષમાં હતું. પ્રધાનમંડળે સર્વાનુમતે તેવો ઠરાવ પણ કર્યો હતો. ગાંધીજી અને માઉન્ટબેટન આ રકમ

તરત જ પાકિસ્તાનને આપી દેવાના પક્ષમાં હતા. સત્તાત્યાગી ગાંધીજી ઉપવાસ દ્વારા વીટો હક્ક ધરાવતા થવા માગતા હતા. ગાંધીજીએ 13-1-1948ના રોજ ઉપવાસ શરૂ કરી દીધા. સરદારના ટેન્શનની એક નવી બદનામીભરી દિશા ખૂલી ગઈ. તે જ દિવસે પાકિસ્તાનમાંથી હિન્દુ નિરાશ્રિતોની ટ્રેન ઉપર હુમલો થયો અને ટ્રેન રોકીને કત્લેઆમ કર્યાના અને સ્ત્રીઓનાં અપહરણ થયાના સમાચાર દૈનિકોમાં મોટા હેડિંગથી છપાયા. પ્રજા ઊકળી ઊઠી હતી. સરદારને બંને તરફથી ભીંસ પડી રહી હતી. આવી ભીંસ પાકિસ્તાનના કોઈ શાસકને ન હતી. ત્યાં કોઈ ગાંધી હતા જ નહીં, જે સત્તાત્યાગી થઈને પણ પોતાનું ધાર્યું કરાવવા ઉપવાસ કરતા હોય.

ગાંધીજીએ સરદારને તરત જ 55 કરોડ પાકિસ્તાનને ચૂકવી દેવા ફરી દબાણ કર્યું, તેથી ગાંધીજીના પલંગની પાસે જ પ્રધાનમંડળની બેઠક મળી અને 55 કરોડ તરત જ પાકિસ્તાનને ચૂકવી દેવાનો નિર્ણય કર્યો. આ રીતે ગાંધીજીના ઉપવાસનો પ્રથમ મુદ્દો પૂરો થયો. હવે બીજો મુદ્દો હતો દિલ્હીના અને દેશના મુસ્લિમોની સુરક્ષાનો. ઉપવાસ હજી ચાલુ જ હતા. બીજો મુદ્દો સરદાર સામે હતો તેવું સૌને લાગતું હતું. પાકિસ્તાનીઓ અને ભારતના મુસ્લિમો સરદારને બદનામ કરે તે તો સહન થાય પણ સ્વયં ગાંધીજી પોતે જ તેમની બદનામી થાય તેવાં પગલાં ભરે તે અસહ્ય આઘાત જ કહેવાય. ગાંધીજીના ઉપવાસ સરદાર- વિરોધીઓને બળ પૂરું પાડતા હતા. નહેરુ-મૌલાના તો વિરોધી હતા જ. સરદાર ને ગાંધીજીના સંબંધ બગડી રહ્યા હતા. એક વાર તો સરદાર ગાંધીજી સાથેની મીટિંગમાંથી ગુસ્સો કરીને ઊભા થઈ ગયા અને ચાલવા મંડ્યા હતા. તેમને લાગતું હતું કે ગાંધીજી મને શાસન કરવા દેતા નથી. આ રીતે દેશને સંભાળી શકાય નહીં. આ તો હાથ બાંધીને નદી તરવા જેવું છે.

16મીએ સરદારને કાઠિયાવાડ જવાનું હતું. તેમણે ગાંધીજીને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે "મને છૂટો કરો. આ રીતે હવે મારાથી કામ થઈ શકતું નથી." સરદાર કાઠિયાવાડ ગયા અને ત્યાંથી મુંબઈ પહોંચ્યા. આ બાજુ 18મી જાન્યુઆરીએ ગાંધીજીએ મૌલાનાના હાથે રસ લઈને ઉપવાસ છોડ્યા. ગાંધીજીના ઉપવાસના કારણથી લોકોનો મોટો વર્ગ દુઃખી હતો, અસહમત હતો, તેમાં 55 કરોડ તરત જ ચૂકવવાના નિર્ણયથી વધુ ક્રુદ્ધ પણ હતો. આ ઉપવાસ અંગ્રેજો સામે ન હતા, ભારત સામે હતા. એમ કહી શકાય કે ભારતના ઉપવાસ ભારત સામે હતા. તેનો સીધો અર્થ એવો થતો હતો કે ભારતનું શાસન એટલું હીન થઈ ગયું છે કે તેને ઠેકાણે લાવવા ગાંધીજીને ઉપવાસ કરવા પડે છે. આ તો ભારતની જ વગોવણીનું હથિયાર બન્યું હતું. પણ ગમે તે ભોગે પ્રધાનમંડળ અને સરદાર પણ ગાંધીજીનો જીવ બચાવવા તૈયાર હતા, પોતાને ન ગમતું પણ કરવા તૈયાર હતા અને સત્તાત્યાગી મહાત્માજી ખરી સત્તાનો એક્કો વાપરતા હતા.

20મીએ ગાંધીજીની પ્રાર્થનાસભામાં 75 ફૂટ દૂર એક બૉમ્બધડાકો થયો. બૉમ્બ ફેંકનાર મદનલાલ ધીંગરા પકડાઈ ગયો. તે પાકિસ્તાનથી આવેલો નિરાશ્રિત હતો. તેનાથી ગાંધીજીની એકતરફી નીતિ સહન થઈ નહીં હોય, તેથી આવું પગલું ભરી બેઠો હશે. આ ઘટના પછી ગાંધીજીની સુરક્ષા માટે કડક વ્યવસ્થા કરવી જરૂરી થઈ ગઈ હતી. સરદાર કામે લાગી ગયા. પણ ગાંધીજી આવી કોઈ વ્યવસ્થા સ્વીકારવા તૈયાર ન હતા. તેમણે ચોખ્ખી ના પાડી દીધી. સરદારવિરોધીઓએ સરદારને બદનામ કરવાની તક ઝડપી લીધી. ગાંધીજીનો વિરોધ હોવા છતાં પણ સરદારે ખાનગીમાં સાદા ડ્રેસમાં સુરક્ષાની વ્યવસ્થા કરી જ હતી.

30-1-1948ના રોજ સરદાર ગાંધીજીને મળવા ગયા. ગાંધીજીએ ચરખો કાંતતાં-કાંતતાં એક કલાક સુધી સરદાર સાથે વાતો કરી. સરદાર રાજીનામું લઈને જ ગયા હતા. હવે પરિસ્થિતિ અસહ્ય થઈ ગઈ હતી, પણ ગાંધીજીએ તેમને રાજીનામું નહીં આપવા સમજાવ્યા. એક સમયે ગાંધીજી માનતા હતા કે પ્રધાનમંડળમાંથી નહેરુ અથવા સરદાર નીકળી જાય. તેમાં નહેરુ તો તેમના પ્રિય પાત્ર હતા તેથી સરદારને જ નીકળવાનું હતું. પણ હવે તેમને તેનાં ગંભીર અને ભયંકર પરિણામ સમજાવા લાગ્યાં હતાં. ખરેખર આવા કટોકટીના સમયે દેશને એકમાત્ર સરદાર જ સંભાળી શકે તેમ છે, તે તેમને મોડેમોડે પણ સમજાવા લાગ્યું હતું. ગાંધી જ તેમના હાથ બાંધીને તેમની પાસે શાસન કરાવવા માગતા હતા. સરદાર માટે આ અસહ્ય હતું. બંને વચ્ચેનો વાર્તાલાપ પૂરો ન થયો. પ્રાર્થનાસભામાં જવા માટે ગાંધીજી દશ મિનિટ મોડા પડી રહ્યા હતા. સરદાર રવાના થયા અને ગાંધીજી બે બહેનોના ખભા ઉપર હાથ મૂકીને પ્રાર્થનાસભામાં જવા રવાના થયા. રસ્તામાં બંને બાજુ ઊભેલી ભીડમાંથી એક યુવાન ધસી આવ્યો અને ધડાધડ ત્રણ ગોળીઓ ધરબી દીધી. ગાંધીજી ઢળી પડ્યા. બિરલાભવનના માળી રઘુએ પેલા યુવાનને પકડી લીધો. તરત જ સરદારને સમાચાર અપાયા. સૌથી પહેલાં સરદાર પહોંચી ગયા. સરદાર ગાંધીજીના મૃતદેહ પાસે બેસી ગયા. પછી નહેરુ વગેરે આવ્યા. કેટલાક મીડિયાવાળા સરદાર ઉપર તૂટી પડ્યા. રક્ષાની પૂરી વ્યવસ્થા રખાઈ નહીં તેવો તેમનો સૂર હતો. પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધી અને પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની હત્યા વખતે તો સરદાર ન હતા તોપણ જે બનવાનું

હતું તે બન્યું જ. હત્યા કરનારાની હજાર આંખો હોય છે. તે તમારી કમજોર કડીને ધ્યાનમાં રાખીને પગલું ભરતા હોય છે. મીડિયાએ R.S.S. અને હિન્દુ મહાસભાવાળાને દોષી ચીતરવા માંડ્યા. ગાંધીવાદીઓને મુસ્લિમ લીગની એલર્જી ન હતી તેટલી હિન્દુવાદી સંસ્થાઓ પ્રત્યે ત્યારે અને અત્યારે પણ એલર્જી છે.

સરદાર આંતરિક અને બાહ્ય વાતાવરણથી ક્ષુબ્ધ થઈ ઊઠ્યા. તેમણે ફરીથી રાજીનામું લખ્યું. પણ તેમના અંગત સેક્રેટરી વી. શંકરે તેને નહીં મોકલવાની વિનંતી કરી. સરદારે રાજીનામાનો પત્ર રોકી લીધો. વાતાવરણ જોતાં હિન્દુ મહાસભા અને R.S.S. ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. આવો જ પ્રતિબંધ મુસ્લિમ નૅશનલ ગાર્ડ્ઝ, અને ખાકસાર જેવી મુસ્લિમ સંસ્થાઓ ઉપર પણ મુકાયો. અંતે એવું સાબિત થયું કે આ કામ R.S.S.નું નહીં પણ હિન્દુ મહાસભાનું હતું. પકડાયેલો યુવાન નાથુરામ ગોડસે હિન્દુ મહાસભાનો સદસ્ય હતો. કાવતરાના આઠ માણસોને પોલીસે પકડી લીધા હતા.

જે જગ્યાએ ગાંધીજીની હત્યા થઈ હતી તેને સ્મારક તરીકે બિરલાહાઉસથી જુદી કરી લઈ લેવામાં આવી. ઘણા લોકો પૂરા બિરલા-હાઉસનો કબજો લેવા માગતા હતા, પણ સરદારે તેમને રોક્યા.

બંને તરફથી હજારો લોકોએ હિજરત કરી હતી, પણ હવે ભારતમાં શાંતિ સ્થપાતાં પાકિસ્તાન ગયેલા મુસ્લિમો પાછા ભારત આવવા લાગ્યા હતા જ્યારે ત્યાંથી આવેલા હિન્દુ-શીખ પાછા જવાની વાત પણ કરી શકતા નહીં. બંને દેશોનું વાતાવરણ તદ્દન ભિન્ન હતું. ભારતના મુસ્લિમો પાકિસ્તાનથી પાછા ફરતા હતા તેથી પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતો વધુ ઉદ્વિગ્ન બન્યા હતા. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ સરદારને કેટલીક બાબતોમાં સાવધાન રહેવાની સલાહ આપી હતી. સરદારની મુશ્કેલી એ હતી કે કૉંગ્રેસનો જ એક મોટો વર્ગ તેમને હિન્દુવાદી સમજતો હતો. લગભગ એવું થઈ ગયું હતું કે સાચા કૉંગ્રેસી થવા માટે હિન્દુત્વવિરોધી થવું જરૂરી હતું, એટલું જ નહીં, મુસ્લિમો પ્રત્યે વધુપડતું કૂણું વલણ પણ રાખવું જરૂરી હતું. સરદાર વાસ્તવવાદી હતા. તે બંને કોમના અપરાધીઓ પ્રત્યે કઠોર હતા. પણ હિન્દુત્વવાદી સંસ્થાઓ દેશદ્રોહનો પ્રચાર કરતી ન હતી પણ કડક રાષ્ટ્રવાદની હિમાયતી હતી તેની તેમને ખાતરી હતી, તેથી બંને પક્ષોની સંસ્થાઓને એક ત્રાજવામાં તોળવાનું યોગ્ય ન હતું, જ્યારે મોટા ભાગના ગાંધીવાદીઓ બંનેને સરખા જ નહીં, હિન્દુત્વવાદી સંસ્થાઓને વધુ ખતરનાક માનતા હતા અને કડક આલોચના કરતા રહેતા હતા.

ભારતનાં બે રૂપ હતાંઃ 1. અંગ્રેજોનું ભારત અને 2. દેશી રજવાડાંઓનું ભારત. અંગ્રેજોનું ભારત તો આઝાદ થઈ જશે પણ દેશી રજવાડાંઓના ભારતનું શું? દેશી રાજ્યો છ લાખ ચોરસ માઈલ જેટલો વિસ્તાર રોકતાં હતાં, જેમની સંખ્યા 560 જેટલી હતી. અંગ્રેજોએ આ રજવાડાંઓ માટે ત્રણ વિકલ્પો રાખ્યા હતાઃ 1. તે ભારતમાં ભળી શકે છે. 2. તે પાકિસ્તાનમાં ભળી શકે છે. અને 3. તે ધારે તો સ્વતંત્ર થઈ શકે છે. આ ત્રીજો વિકલ્પ બહુ ખતરનાક હતો. વિલીન થવા કરતાં સ્વતંત્ર થવાનું કેટલાકને વધુ ગમતું હતું. સૌથી મોટું રાજ્ય નિઝામનું હતું. 82000 ચો. માઈલમાં ફેલાયેલું આ રાજ્ય માથાનો દુખાવો થાય તેવાં લક્ષણ હતાં.

આગળની વાત જાણતાં પહેલાં બ્રિટિશ શાસનપદ્ધતિ વિશે થોડો વિચાર કરીએ. વ્યાપાર કરવા આવેલી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ, આપણા જ પૈસા અને આપણા જ માણસોની સેના દ્વારા રજવાડાંઓની રાજનીતિમાં ચંચુપાત કર્યો અને સફળતા મેળવી. અત્યાર સુધી બધા વિદેશીઓ પશ્ચિમમાં ખૈબર-બોલનના રસ્તે આવ્યા હતા. અંગ્રેજો પૂર્વમાં કલકત્તાથી પશ્ચિમ તરફ આગળ વધ્યા હતા. એક વાઈસરૉય લૉર્ડ વેલેસ્લી આવ્યો. તેણે એક સંધિ રાખીઃ બધાં રજવાડાં કંપની સરકાર સાથે જોડાય. કંપની સરકાર તેમનું રક્ષણ કરશે. આ સંધિ પ્રમાણે એક પછી એક બધાં રજવાડાં કંપની સરકાર સાથે જોડાઈ ગયાં. જે ન માન્યાં તેમની સાથે યુદ્ધ કરીને મનાવ્યાં. અંગ્રેજોએ શરૂઆતના કાળમાં લગભગ 33 મોટાં યુદ્ધો કર્યાં અને પૂરા ભારતને એક બનાવ્યું. આ બહુ મોટી ઉપલબ્ધિ જ કહેવાય. પણ પછી લૉર્ડ ડેલહાઉસી આવ્યો. તેણે નીતિ બદલી. તે વધુમાં વધુ રજવાડાંને ખાલસા કરવા લાગ્યો. તેમાંથી 1857નો બળવો ફાટી નીકળ્યો. પણ પછી નીતિ બદલાઈ. રજવાડાંઓને સ્વાયત્તશાસી બનાવાયાં. રાજા-મહારાજાઓ, નવાબો- દરબારો પોતપોતાનાં રાજ્યોમાં રાજ્ય કરે, પણ વિદેશ સંપર્કો, સેના, કરન્સી, તાર-ટપાલ વગેરે બધી સત્તા કંપની સરકારની રહે. કંપની સરકારની જગ્યાએ હવે બ્રિટનનો તાજ સત્તાનાયક હતો. પ્રત્યેક રજવાડાએ બ્રિટનના રાજા કે રાણી સાથે સંધિ કરી લીધી. દેશને આઝાદી મળતાં જ આ સંધિ રદ થઈ જતી હતી એટલે હવે બધાં રજવાડાં સ્વતંત્ર થઈ જતાં હતાં. અંગ્રેજોએ તેમને આવી છૂટ પણ આપી દીધી હતી. અંગ્રેજો ખસી જાય તો આ રજવાડાં સાર્વભૌમ થઈ જવાનાં હતાં.

આઝાદીની લડત બ્રિટિશ રાજ્ય પૂરતી જ હતી. દેશી રાજ્યો તરફ ધ્યાન અપાયું ન હતું તેનું એક કારણ એ પણ હતું કે જેટલી સરળતા બ્રિટિશ રાજ્ય સામે લડત ચલાવવાની હતી તેટલી દેશી રજવાડાંમાં ન હતી. અંગ્રેજો કાયદાને માનનારી પ્રજા હતા, તે કાયદા પ્રમાણે વ્યવહાર કરતા, પણ દેશી રજવાડાં તેવાં ન હતાં. તે કાર્યકર્તાઓ પ્રત્યે કઠોરથી કઠોર થઈ જતા અને કાયદાને નેવે મૂકીને ગમેતેવા અત્યાચાર કરતા. ગાંધીજીની અહિંસા માત્ર રાજકીય અહિંસા હતી, જૈનો જેવી આહારાદિની અહિંસા ન હતી, કારણ કે તેમના નેતા મોટા ભાગના માંસાહારી હતા. પણ આ રાજકીય અહિંસા માત્ર ને માત્ર અંગ્રેજો સામે જ ચાલી, બીજે ક્યાંય ન ચાલી. આ રજવાડાં તેમાં પ્રમાણ હતાં.

હવે આ રજવાડાં સ્વતંત્ર ન થઈ જાય, પાકિસ્તાનમાં ન ભળી જાય, પણ ભારતમાં ભળે તો જ ભારતની સ્વાધીનતા સાર્થક થઈ શકે, નહીં તો ભારતની દશા અંગ્રેજોની ગુલામી કરતાં પણ ભૂંડી થઈ જાય. ભારતમાં અનેક ભારત થઈ જાય અને પરસ્પરમાં સતત લડતાં રહે—જેમ અંગ્રેજોના આવ્યા પહેલાં લડતાં હતાં તેમ. આ એકીકરણનું કામ સરદારને સોંપાયું હતું. તે વખતે આથી વધુ મહત્ત્વનું બીજું કોઈ કાર્ય ન હતું. આ કાર્યની સફળતા-નિષ્ફળતા ઉપર ભારતનું ભવિષ્ય બનવાનું હતું.

વડોદરા, કોચીન, રીવા, બિકાનેર, પતિયાળા, જયપુર અને જોધપુર એ સાત રાજ્યોએ બંધારણસભામાં પોતપોતાના પ્રતિનિધિઓ મોકલ્યા. 3જી જૂને આઝાદીની ઘોષણા થઈ ગઈ. તે પ્રમાણે 15મી ઑગસ્ટે દેશને પૂર્ણ આઝાદી મળી જવાની હતી. હવે માત્ર દસ અઠવાડિયાંનો જ સમય બાકી હતો. આ સમયમાં દેશી રજવાડાંઓનો પ્રશ્ન ઉકેલી નાખવો જરૂરી હતો. બીજી તરફ હિન્દુ-મુસ્લિમ તોફાનોથી દેશ ભડકે બળવા લાગ્યો હતો. દેશ પાસે ખાવાનું અનાજ પણ ન હતું. ઘણા સળગતા પ્રશ્નો હતા. લગભગ બધા પ્રશ્નોની જવાબદારી સરદાર પાસે હતી. સરદારે દેશી રજવાડાંઓને ભારતમાં જોડાવા અપીલ કરી. ઝીણા અને અંગ્રેજ નેતા કોરફિલ્ડ રાજા-નવાબોને સ્વતંત્ર થઈ જવાના પક્ષમાં હતા.

સરદારની ઝુંબેશના પરિણામે સર્વપ્રથમ વડોદરાના મહારાજાએ ભારતમાં ભળવાની સહી કરી, તે પછી મૈસુર, ગ્વાલિયર, કોચીનના રાજાઓએ પણ સહી કરી. પણ હૈદરાબાદ, ભોપાલ, ત્રાવણકોર, જૂનાગઢ વગેરેએ સહી ન કરી. તે સ્વતંત્ર થવા માગતા હતા. ઝીણાએ જોધપુરના મહારાજાને કોરો કાગળ આપી જે શરતો લખવી હોય તે લખીને પણ પાકિસ્તાનમાં ભળવા લલચાવ્યા, પણ જેસલમેરના મહારાજાએ તેમને બચાવી લીધા. જોધપુરના મહારાજાને ભારતમાં ભળવા માટે સમજાવવા માટે સરદાર અને માઉન્ટ બેટનને ઘણી મહેનત કરવી પડી, પણ સરદાર અને મેનનની કુશળતાથી એ કામ પાર પડ્યું. રજવાડાંઓને ભારતમાં ભેળવવાનું ભગીરથ કાર્ય સરદાર જ કરી શકે. તેની વિગતો લખવા માટે જુદું પૂરું પુસ્તક જ લખાવું જોઈએ, એટલે વિસ્તાર નહીં કરીએ. 15મી ઑગસ્ટ પહેલાં લગભગ બધાં રજવાડાં ભારતમાં જોડાઈ ગયાં, પણ હૈદરાબાદ, કાશ્મીર અને જૂનાગઢ જોડાવા તૈયાર ન હતાં.

સરદારે સૌથી પહેલાં ઓરિસ્સા અને છત્તીસગઢથી શરૂઆત કરી. અહીં નાનાં-મોટાં 41 રજવાડાં હતાં. તેમાં બસ્તરનું રાજ્ય ક્ષેત્રફળ અને ખનિજસંપત્તિની દૃષ્ટિએ મોટું અને મહત્ત્વનું હતું. બસ્તરનો રાજા બાળક હતો. તેના રાજ્યના ખનિજ ઉપર નિઝામનો ડોળો હતો. નિઝામે ખનિજ- પ્રદેશ ગીરો લેવાના પ્રયત્નો કર્યા. સરદારને ખબર પડી ગઈ. તેમણે તરત જ તે સોદાને અટકાવી દીધો. નીલગિરિના રાજાએ આદિવાસી-ઓને બોલાવીને ખેતી ઉજ્જડ કરાવવા માંડી હતી. વર્ગવિગ્રહ જેવી સ્થિતિ કરી દીધી હતી. સરદારે તરત પગલાં ભરીને તેને રોક્યો અને નીલગિરિ રાજ્ય કલેક્ટરના વહીવટમાં મૂકી દીધું. ઓરિસ્સા રાજ્યમાં આવેલાં રજવાડાં ઓરિસ્સામાં અને છત્તીસગઢમાં આવેલાં રાજ્યોને છત્તીસગઢમાં ભેળવીને રાજાઓને રાજ્યની આવકના પ્રમાણમાં સાલિયાણાં બાંધી આપ્યાં. આ રીતે 56000 ચો. માઈલ વિસ્તાર ભારતમાં ભળી ગયો. તેની વસ્તી 80 લાખ અને આવક 2 કરોડની હતી.

કાઠિયાવાડમાં 222 રજવાડાં હતાં. 22000 ચો. મા.નો વિસ્તાર હતો. મરાઠાઓ ચોથ ઉઘરાવવા આવતા અને કાઠિયાવાડને બાળીને-લૂંટીને ખાખ કરી નાખતા. દરબારોએ મળીને વડોદરાના કર્નલ વોકરને રક્ષા કરવા વિનંતી કરી હતી. ઈ. સ. 1807માં કર્નલ વોકરની સેનાએ કાઠિયાવાડમાં કૂચ કરી. “વોકર સેટલમેન્ટ” તરીકે સંધિ થઈ. આ સંધિના કારણે કાઠિયાવાડ લૂંટાતું બચી ગયું અને અંદરોઅંદર લડતું પણ અટકી ગયું. વોકર સંધિ 1947 સુધી ચાલી.

સૌરાષ્ટ્રમાં સૌથી પહેલાં ભાવનગરના મહારાજા ભારતમાં ભળ્યા. પછી તો ટપોટપ બધાં રજવાડાં ભારતમાં ભળી ગયાં, જેનું એક એકમ કરી શ્રી ઉછરંગરાય ઢેબરને મુખ્ય પ્રધાન બનાવાયા. જૂનાગઢનું કોકડું બાકી હતું.

મહારાષ્ટ્રમાં કોલ્હાપુર મોટું રાજ્ય હતું. ગાંધીજીની હત્યા એક બ્રાહ્મણે કરી હોવાથી મહારાષ્ટ્રમાં મરાઠાઓ બ્રાહ્મણો ઉપર હુલ્લડો કરતા હતા. બ્રાહ્મણોનું જીવવું મુશ્કેલ થઈ ગયું હતું. નાનાં રાજ્યો પોતાને સંભાળી શકતાં ન હતાં. તેથી દક્ષિણનાં રાજ્યો ભારતમાં ભળી ગયાં. ત્યારના મુંબઈ ઇલાકાનો તે હિસ્સો બન્યાં. કોલ્હાપુરને સ્વતંત્ર રાખવામાં આવ્યું.

ગુજરાતનું વડોદરા રાજ્ય સૌથી સમૃદ્ધ હતું. મહારાજા સયાજીરાવે તેને ખૂબ શિક્ષિત અને સમૃદ્ધ બનાવ્યું હતું, પણ તેમના પછી તેમના પુત્ર પ્રતાપસિંહરાવ ગાદીએ આવ્યા. તેમની છાપ વિલાસી રાજા તરીકે ઊપસી. તેમણે પોતાના ખર્ચ માટેના 23 લાખ વધારીને 50 કરી દીધા. એક પત્ની હોવા છતાં બીજી કરી. રાજ્યનું જરઝવેરાત આઘુંપાછું કરવા માંડ્યું. સરદારને આ બધી માહિતી મળતી હતી. રાજાએ ખૂબ વિચિત્ર શરતો મૂકી. સરદાર ગુસ્સે થઈ ગયા. અંતે રાજા નમ્યા અને ભારતમાં ભળી ગયા. પણ તેના આચાર-વિચાર સુધર્યા નહીં તેથી અંતે સરદારે તેમની જગ્યાએ તેમના પુત્ર ફતેહસિંહરાવને ગાદીએ બેસાડી તેમને નિવૃત્ત કરી દીધા. ગુજરાતમાં કુલ 144 નાનાં-મોટાં રાજ્યો હતાં.

ભારતની વચ્ચોવચ સિંધિયાનું ગ્વાલિયર અને હોલકરનું ઇંદોર રાજ્ય હતું. તેમાં ગ્વાલિયર તો શાંતિથી ભારતમાં ભળી ગયું, પણ ઇંદોરના મહારાજા આનાકાની કરતા હતા. અંતે તે પણ ભળી ગયા.

ભારતમાં રહેલા પૂર્વપંજાબમાં 4 રાજ્યો શીખોનાં, એક હિન્દુનું અને એક મુસ્લિમનું રાજ્ય હતું. આ બધાંને મેળવીને “પેપ્સુ” સંઘ રચ્યો અને ભારતમાં ભળી ગયો.

રાજસ્થાનમાં 19 મોટાં રાજ્યો હતાં. તેમાંનાં ભરતપુર અને અલવરમાં પાકિસ્તાનની પ્રતિક્રિયામાં ભારે તોફાનો થયાં હતાં, એટલે મુસ્લિમો ભાગીને દિલ્હી પહોંચ્યા હતા અને અશાંતિ વધારતા હતા. રાજસ્થાનમાં જે સંઘ રચાયો તે 128000 ચો. મા.નો હતો અને વસ્તી માત્ર દોઢ કરોડ જ હતી. છેક દક્ષિણના રાજ્ય સિરોહી માટે વિવાદ હતો. તેને કેન્દ્રશાસિત બનાવી દેવાયું. આબુના કારણે ગુજરાત પોતાનામાં ભેળવવા માગતું હતું તો રાજસ્થાન પોતાનામાં રાખવા માગતું હતું. વી. પી. મેનને વચગાળાનો રસ્તો કાઢ્યો. આબુ અને દેલવાડા તાલુકો મુંબઈ પ્રાંતમાં અને બાકીનું સિરોહી રાજ્ય રાજસ્થાનમાં ભેળવી દેવાયું, પણ પાછળથી જલદ આંદોલન કરીને આબુ-દેલવાડા પણ રાજસ્થાનમાં ગયું.

દક્ષિણમાં ત્રાવણકોર અને કોચીન બે મોટાં રાજ્યો હતાં. તેમાં ત્રાવણકોર સ્વતંત્ર થવા માગતું હતું, પણ દીવાન બદલાયા પછી તે ભારતમાં ભળી ગયું. કોચીન પણ ભારતમાં ભળી ગયું. ત્રાવણકોરમાં ઘણાં મંદિરો હતાં તે બધાં સરકારને હસ્તક હતાં. તેની આવક બે કરોડ રૂપિયા જેટલી થતી હતી. સરકાર તેના નિભાવ માટે 51 લાખ રૂપિયા આપતી રહેતી હતી. કેટલાંક નાનાં રાજ્યોને કેન્દ્રશાસિત બનાવાયાં. આ રીતે ભારતનાં રજવાડાંઓનું વિલીનીકરણ કામ પૂરું થયું કહેવાય.

પણ હજી ત્રણ રાજ્યોમાં ભારે અશાંતિ હતી, તે હતાં નિઝામ હૈદરાબાદ, જૂનાગઢ અને કાશ્મીર. તેમાં જૂનાગઢનો પ્રશ્ન વિકટ હતો. ત્રણ હજાર ચો. મા. વિસ્તાર, જેમાં ગિરનાર, સોમનાથ, શ્રીકૃષ્ણની દેહોત્સર્ગભૂમિ વગેરે પવિત્ર તીર્થસ્થાનો જૂનાગઢ રાજ્યમાં હતાં. કુલ વસ્તી સાત લાખની હતી, તેના નવાબ મહોબતખાન હતા અને દીવાન અબ્દુલકાદર હતા. દીવાન ભારતમાં ભળવાના પક્ષના હતા પણ બીમારીના કારણે તે રજા ઉપર ઊતરી ગયા. નવા દીવાન સિંધથી શાહનવાઝ ભુટ્ટો આવ્યા. તે ચુસ્ત પાકિસ્તાનતરફી હતા. નવાબનાં ભોપાલી બેગમ તો ભોપાલથી જ પાકિસ્તાનનો રોગ લઈને આવ્યાં હતાં. વળી હિન્દુઓને ભગાડી મૂકવા અને જુલમ કરવા જમાતે ઇસ્લામી સંસ્થા રચાઈ હતી. તેના વડા શ્રી ઇસ્માઈલ અબ્રેહાનીએ પણ સાથે ભળ્યા. આમ આ ત્રિપુટીએ નવાબનું મગજ ફેરવ્યું. ભુટ્ટોએ કાવાદાવા શરૂ કર્યા. બધા હિન્દુ અમલદારોને છૂટા કર્યા અને મુસ્લિમ અમલદારો બેસાડી દીધા. પઠાણ, બલોચ, યુ. પી. તરફના મુસલમાનોની સેના પણ તૈયાર કરવા માંડી. છેલ્લી ઘડી સુધી ભુટ્ટો અકળ રહ્યા અને 15મી ઑગસ્ટે તેમણે નવાબની સહી પાકિસ્તાનતરફી કરાવી દીધી. હાહાકાર થઈ ગયો. સૌરાષ્ટ્રના બધા રાજાઓએ તેમને સમજાવવા પ્રયત્ન કર્યા પણ ફોક. સરદારને સમાચારપત્રો દ્વારા ખબર પડી. વી. પી. મેનને પત્રો લખી-લખીને સ્પષ્ટીકરણ તથા સમજાવવાના પ્રયત્નો કર્યા પણ કાંઈ ન ઊપજ્યું. અંતે જૂનાગઢના નાગરિકો જે મુંબઈમાં રહેતા હતા તેમણે ‘આરઝી હકૂમત’ની રચના કરી. તેના નેતા શામળદાસ ગાંધી રહ્યા. આ હકૂમતમાં અનેક લોકો જોડાયા અને સશસ્ત્ર આક્રમણ કરી દીધું. જૂનાગઢમાં અહિંસક લડત ચાલી શકે તેમ ન હતી, કારણ કે શાસક અંગ્રેજો ન હતા. બાબરિયાવાડના નવાબ ભારતમાં ભળ્યા હતા. જૂનાગઢના નવાબે તે રાજ્ય પોતાનું ખંડિયું હોવાનું કહીને ત્યાં સેના મોકલી કબજો

લીધો. તેથી ભારત સરકારને કારણ મળ્યું. બાબરિયાવાડ ઉપરનો હુમલો એ ભારત ઉપરનો હુમલો ગણીને ભારતે પણ ચારે તરફથી સેના મોકલી દીધી. માઉન્ટ બેટન આ પ્રશ્નને 'યુનો'માં લઈ જવા માગતા હતા પણ સરદારે વિરોધ કર્યો. તેમણે કહ્યું, કબજો બળવાન છે. એક વાર કબજો લઈ લેવા દો, પછી જે કરવું હોય તે કરજો. બ્રિગેડિયર ગુરુદયાલસિંહના નેતૃત્વમાં ચારે તરફ સેના તૈનાત થઈ ગઈ. કબજો લેવાનું કામ તો આરઝી હકૂમતના સૈનિકો કરવાના હતા. નવાબ પોતાના કૂતરાઓ, બેગમો અને દરદાગીના લઈને પોતાના વિમાન દ્વારા પાકિસ્તાન ભાગી ગયા. થોડા દિવસ પછી ભુટ્ટો પણ ભાગી ગયા. જૂનાગઢ રેઢું પડી ગયું. સરદારે રિજ્યોનલ કમિશનર એન. એમ. બૂચને સત્તા સંભાળી લેવાનું કહ્યું. 9-11-1947ના દિવસે જૂનાગઢ ઉપર ત્રિરંગો લહેરાવી દીધો. 13મી નવેમ્બરે સરદાર જૂનાગઢ પધાર્યા. જંગી સભા થઈ. ભારતનો અને સરદારનો જયજયકાર થઈ ગયો. જૂનાગઢની સત્તા શામળદાસ ગાંધીના નેતૃત્વ નીચે સ્થાપિત થઈ ગઈ જેમાં દયાશંકર દવે અને પુષ્પાબહેન મહેતા પણ હતાં.

જૂનાગઢથી સરદાર સોમનાથ મહાદેવનાં દર્શન કરવા ગયા. સોમનાથનું અનેક વાર ખંડિત થયેલું ભગ્ન મંદિર જોઈને દ્રવી ઊઠ્યા અને ત્યાં જ નવું ભવ્ય મંદિર બનાવવાની પ્રતિજ્ઞા કરી કામ ચાલુ કરાવી દીધું. નહેરુને ન ગમ્યું, પણ તેમનું કાંઈ ચાલ્યું નહીં.

ફેબ્રુઆરીમાં પ્રજામત લેવામાં આવ્યો. ભારતના પક્ષમાં 1,90,000 મતો પડ્યા. પાકિસ્તાનના પક્ષમાં 91 મતો પડ્યા. ઝીણા બુમરાણ મચાવતા રહ્યા, પણ સરદારે જૂનાગઢને બચાવી લીધું. ગાંધીજી પણ જૂનાગઢ ભારતમાં રહે તે પક્ષના હતા પણ તે નિષ્ક્રિય રહ્યા. જૂનાગઢમાં અહિંસક આંદોલનની ભૂમિકા જ ન હતી. (વધુ વિગત માટે લેખકનું પુસ્તક 'જૂનાગઢનો આઝાદીજંગ' વાંચો.)

જૂનાગઢનો પ્રશ્ન તો ઉકેલાયો, પણ હૈદરાબાદનો તેથી પણ ભયંકર પ્રશ્ન બાકી હતો. ત્યારે હૈદરાબાદની ગાદીએ નિઝામ મીર ઉસ્માન અલી હતા. હૈદરાબાદનો વિસ્તાર 82000 ચો. માઈલનો હતો. તેની વસ્તી 1.60 કરોડની હતી. વાર્ષિક આવક 26 કરોડની હતી. 85% હિંદુ વસ્તી હતી. નિઝામે પોતાની સેના પણ બનાવેલી જેમાં માત્ર મુસ્લિમો જ હતા. બીજા રાજ્યોની માફક હૈદરાબાદમાં પણ આઝાદીનું આંદોલન થવા લાગ્યું હતું. પણ નિઝામ અને મીરકાસિમના રઝાકારોએ મળીને આંદોલનને ક્રૂરતાથી કચડી નાખ્યું હતું. કાસિમના રઝાકારો અત્યંત ઝનૂની હતા. તે હત્યા, બળાત્કાર, બળજબરી ધર્મપરિવર્તન અને ઘર-બાર લૂંટીને હિન્દુ પ્રજાને ભગાડવાના કામમાં લાગ્યા હતા. લોકો હિજરત કરવા લાગ્યા હતા. નિઝામ સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કરવા માગતા હતા. હૈદરાબાદને સમુદ્ર ન હતો. ચારે તરફ ભારત હતું. વાટાઘાટો એક વર્ષ સુધી ચાલી પણ કશું પરિણામ ન આવ્યું. તે પ્રત્યેક વખતે નવીનવી કઠણ શરતો મૂકતું રહ્યું. મીર કાસિમ રીઝવીએ તો ધમકી પણ આપી દીધી હતી કે જો ભારત હૈદરાબાદમાં ડખલ કરશે તો હૈદરાબાદના દોઢ કરોડ હિન્દુઓનાં હાડકાં અને રાખ જ જોવા મળશે. તેના વલણથી સરદાર ઊકળી ઊઠ્યા હતા. ત્યારે સરદાર દહેરાદૂનમાં રહેતા હતા. તેમની તબિયત સારી ન હતી. નિઝામ કોઈ પણ રીતે ભારતમાં ભળવા તૈયાર ન હતા. રઝાકારોને છુટ્ટો દોર મળી ગયો હતો. અત્યાચારો બેફામ થવા લાગ્યા હતા. હિન્દુઓ જીવ બચાવવા ભાગવા મંડ્યા હતા. માઉન્ટ બેટન ભારતથી વિદાય થઈ ચૂક્યા હતા તેમની જગ્યાએ રાજાજી ગવર્નર જનરલ બન્યા હતા.

હિન્દુઓ ઉપરના અસહ્ય અત્યાચારોથી અને કોઈ સમજૂતી થવાની આશા ન રહેવાથી સરદારે છેવટનો નિર્ણય લઈ લીધો. નહેરુ તેમની સાથે સંમત ન હતા, પણ કોઈની પણ પરવા કર્યા વિના 13 સપ્ટેમ્બર 1948ના દિવસે હૈદરાબાદ ઉપર સૈનિક કાર્યવાહી કરવાનો નિર્ણય લઈ લીધો. બરાબર એ જ સમયે કરાંચીમાં ઝીણાનું અવસાન થઈ ગયું. સૈનિક કાર્યવાહી બંધ રાખવાનો આગ્રહ કરાયો, પણ સરદાર માન્યા નહીં. 13મી સપ્ટેમ્બરે ભારતની સેના હૈદરાબાદમાં ચારે તરફથી દાખલ થઈ ગઈ. હિન્દુઓનાં હાડકાં ભેટ આપનાર કાસિમ ખાટલા નીચે સંતાઈ ગયો અને પછી સ્ત્રીનાં કપડાં પહેરીને પાકિસ્તાન ભાગી ગયો. ધાર્યા કરતાં કામ વહેલું પત્યું. 108 કલાકની કાર્યવાહીમાં હૈદરાબાદે હથિયાર હેઠાં મૂકી દીધાં. મેજર જનરલ ચૌધરીએ નિઝામ સ્ટેટ સંભાળી લીધું. જૂનાગઢ પછી નિઝામને ભારતમાં ભેળવી દેવાનું મહાન કાર્ય કરવા બદલ હિન્દુસ્તાનની પ્રજા હંમેશાં સરદારની આભારી રહેશે. આઝાદી પછી હૈદરાબાદના અત્યાચારી રઝાકારો પ્રત્યે કોઈ કઠોર કાર્યવાહી ન કરાઈ. વિજય પછી કાંટા સાફ કરવાનું આપણને આવડતું નથી. આ જૂની પરંપરા છે તેથી આપણો વિજય ચિરસ્થાયી થઈ શકતો નથી. નિઝામના મંત્રી લાયકઅલી મીર પણ પાકિસ્તાન ભાગી ગયા. નિઝામને પદભ્રષ્ટ કરવાની જગ્યાએ બધા રાજવીઓની માફક માનસન્માન સાથે મોટું સાલિયાણું બાંધી આપ્યું.

હવે પ્રશ્ન કાશ્મીરનો હતો. કાશ્મીરમાં મહારાજા હિન્દુ હતા અને પ્રજા મુસ્લિમ હતી ત્યારે મહારાજા હરિસિંહ જમ્મુ-કાશ્મીરમાં રાજ્ય

કરતા હતા તે પણ પોતાના રાજ્યને સ્વતંત્ર કરવા માગતા હતા. શેખ મહોમ્મદ અબદુલ્લા નૅશનલ કૉન્ફરન્સના પ્રભાવશાળી નેતા હતા. નહેરુજીને તેમના પ્રત્યે ભાઈ જેવો પ્રેમ હતો. શેખ મુસ્લિમોના હિત માટે આંદોલન ચલાવતા રહેતા હતા. તેમણે મહારાજાને ઉઠાડી મૂકવાનું આંદોલન ચલાવ્યું હતું તેથી તેમની ધરપકડ થઈ અને ત્રણ વર્ષની સજા થઈ. નહેરુજી શેખના ટેકામાં કાશ્મીર ગયેલા પણ મહારાજા હરિસિંહે તેમની પણ ધરપકડ કરી પછી છોડી મૂક્યા. બીજા જ દિવસે નહેરુ પ્રધાનમંત્રી બનવાના હતા તેથી સરદારે તેમને કાશ્મીર જવાની ના પાડેલી પણ શેખપ્રેમના અતિરેકમાં નહેરુજી કાશ્મીર ગયા અને થોડાક કલાક ધરપકડ વહોરી આવ્યા. ત્યારે કાશ્મીરના દીવાન રામચંદ્ર કાક હતા. કાશ્મીરની એક ખરી મુશ્કેલી રસ્તાની હતી. શ્રીનગર જવા માટે બંને રસ્તાઓ પાકિસ્તાનમાંથી જતા હતા. સિયાલકોટ-જમ્મુ અને બીજો માર્ગ ગુરદાસપુર થઈને જતો હતો. બંને સ્થળો પાકિસ્તાનમાં જતાં આવતાં હતાં. કાશ્મીર જવા માટે હવે તો માત્ર હિમાચલ પ્રદેશથી જ જતો રસ્તો હતો, પણ રેડક્લીફે સીમાંકન કરતી વખતે પઠાણકોટની ચીકનનેક ભારત સાથે જોડી દીધી હતી. આ રીતે રસ્તાનો ઉકેલ આવી ગયો હતો. કાશ્મીરનો બધો પુરવઠો પાકિસ્તાનમાંથી આવતો હતો. મહારાજા ઉપર દબાણ લાવવા, ઝીણાએ પુરવઠો બંધ કરી દીધો, એટલું જ નહીં, તેમણે તો રઝાકારોના વેશમાં નિવૃત્ત સૈનિકોને કાશ્મીરનો કબજો લેવા ધકેલી દીધા હતા. મારધાડ કરતા રઝાકારો આગળ વધતા રહ્યા. ઝીણાનું કહેવું હતું કે ભારત જો જૂનાગઢ અને હૈદરાબાદ લઈ લે તો અમે કાશ્મીર કેમ ન લઈએ? કાશ્મીર પાસે પ્રબળ સૈન્ય ન હતું. જે હતું તેમાં મુસ્લિમો જ હતા. ખરા સમયે તેના સૈનિકો ભાગી ગયા. કેટલાક તો તાયફાવાળા સાથે ભળી પણ ગયા. રઝાકારો છેક શ્રીનગર પહોંચવાની તૈયારીમાં હતા. તેમણે શ્રીનગરનું પાવરહાઉસ કબજે કરી લીધું હતું તેથી શ્રીનગરમાં અંધારું છવાઈ ગયું હતું. કેટલાય સમયથી ભારતમાં ભળવાની આનાકાની કરતા મહારાજા હરિસિંહના નાક સુધી પાણી પહોંચી ગયું હતું. રઝાકારો શ્રીનગર પહોંચે તો હરિસિંહની હત્યા કરી નાખે. મહારાજા ગભરાયા. તેમણે તત્કાળ ભારતની મદદ માગી. સરદારે જોયું કે ખરો મોકો આવ્યો છે. તેમણે પહેલાં ભારતમાં ભળવાના દસ્તાવેજ ઉપર સહી કરાવી લીધી. હવે પ્રશ્ન હતોઃ શ્રીનગર સુધી સેનાને પહોંચાડવી કેવી રીતે? ત્યારે માર્ગો બનેલા નહીં. માઉન્ટ બેટન અને નહેરુજી મૂંઝાતા હતા. શું કરવું તે સમજાતું ન હતું. જનરલોની મીટિંગ ભરાઈ. તેમાં સરદાર ચૂપ હતા. મીટિંગ ચાલુ હતી. લોકો સમજતા હતા કે સરદાર ઊંઘે છે. બધાંની નિરાશાજનક વાતો સાંભળ્યા પછી સરદારે આંખ ઉઘાડી અને મક્કમતાથી બોલ્યા, “જનરલો, કોઈ પણ ભોગે શ્રીનગરનું રક્ષણ કરો. વિમાનો દ્વારા સેના ઉતારો, પણ કાશ્મીરનું રક્ષણ કરો, કરો અને કરો જ.” નેતાની મક્કમતાથી સેનાપતિઓ અને પ્રજામાં મક્કમતા આવતી હોય છે. સવાર થતાં જ ભારતનાં ખખડી ગયેલાં ડાકોટા વિમાનો ઊડ્યાં અને શ્રીનગરના હવાઈ મથકે ઊતરવા લાગ્યાં. જનરલ થિમૈયાના નેતૃત્વમાં તેમણે રઝાકારોનાં ધાડાંઓને પાછાં હટાવવા માંડ્યાં. રઝાકારો ઊભી પૂંછડીએ પાકિસ્તાન તરફ ભાગવા મંડ્યા. પણ આ જ સમયે 1-1-1948ના દિવસે નહેરુજી રાષ્ટ્રસંઘમાં ફરિયાદ લઈ ગયા. સરદારનો વિરોધ હોવા છતાં તે માન્યા નહીં. રાષ્ટ્રસંઘે યુદ્ધવિરામ કરાવ્યો, જે હજી પણ ચાલુ છે. શેખે મહારાજાની માફી માગી તેથી તેમને જેલમાંથી મુક્ત કર્યા. નહેરુજીએ તેમને કાશ્મીરના વડા બનાવ્યા. શેખ અને મહારાજા વચ્ચે પ્રથમથી જ વિરોધ હતો તે વધી ગયો. મહારાજાને હાંકી કાઢવાની ઝુંબેશ શેખે ઉપાડી. નહેરુજી શેખતરફી હતા, તો સરદાર મહારાજાતરફી હતા. મહારાજાની સહીથી જ આપણે કાશ્મીરમાં છીએ એટલે મહારાજાનું મહત્ત્વ ઓછું ન કરાય તેવું સરદાર માનતા હતા. તોપણ નહેરુજીનું માન રાખવા સરદારે મહારાજાને સમજાવીને મુંબઈ મોકલી દીધા અને તેમની જગ્યાએ તેમના પુત્ર કરણસિંહને નિયુક્ત કર્યા. આ રાજ્યને વિશેષ દરજ્જો આપતી કલમ 370મી રચાઈ. એવું કહેવાય છે કે આ કલમ રચાઈ ત્યારે સરદારને પૂછવામાં આવ્યું ન હતું. આ રીતે સરદારના મક્કમ વલણથી કાશ્મીર પાકિસ્તાનમાં જતું બચાવી લેવાયું, પણ રાષ્ટ્રસંઘમાં જવાની ભૂલ કરવાને કારણે આપણે 1/3 કાશ્મીર ખોઈ બેઠા છીએ તેવું લાગે છે. જો આ ભૂલ નહેરુજીથી ન થઈ હોત તો આજે પૂરું કાશ્મીર આપણી પાસે હોત અને કાશ્મીરનો કોઈ પ્રશ્ન જ ન હોત. ચીન સાથે પાકિસ્તાનની સીમા મળતી ન હોત તો સામયિક દૃષ્ટિએ આપણે વધારે સુરક્ષિત હોત.

રાષ્ટ્ર માટે બંધારણ અનિવાર્ય હોય છે. ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં બંધારણસમિતિની રચના થઈ, પણ ખરા નિર્ણયો નહેરુ અને સરદાર કરતા હતા. બંધારણ સભાના કાયમી પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદ હતા. મુસ્લિમો માટે અલગ મતદારમંડળનો સરદારે વિરોધ કર્યો હતો. તેમને તો અનામત બેઠકો પણ પસંદ ન હતી, પણ દલિતો અને આદિવાસીઓ પૂરતી સીમિત રાખવાના પક્ષના હતા. મુસ્લિમો સૌની સાથે ભળી જાય તેવી તેમની સલાહ હતી. રાજવીઓએ ભારે ત્યાગ કર્યો હતો. તેમનાં સાલિયાણાં બાંધી આપવા બંધારણમાં ઠરાવ

થયો ત્યારે કુલ રાજવીઓનાં કુલ સાલિયાણાની રકમ ચાર કરોડ જેવી થતી હતી. તેમણે રાષ્ટ્રીય ખિતાબો બંધ કરવાની પણ હિંમત કરી હતી. બંધારણમાં સરદારનો જ વિશેષ પ્રભાવ રહ્યો હતો.

ગાંધીજીની હત્યા મહારાષ્ટ્રના એક બ્રાહ્મણે કરી હતી, એટલું જ નહીં, તેની ખુશીમાં હિન્દુ મહાસભાએ જાહેરમાં મીઠાઈ પણ વહેંચી હતી તેથી બ્રાહ્મણેતરો ગુસ્સે થઈ ગયા અને બ્રાહ્મણોની સંપત્તિ બાળવા લાગ્યા હતા. સંઘર્ષ ઘણો ચાલ્યો. અંતે સરકારે કડક હાથે કામ લીધું. વાત શાંત થઈ ગઈ. સરદારનું વલણ આખી બ્રાહ્મણજાતિ ઉપર બદલો લેવાના વિરોધમાં હતું. મહારાષ્ટ્રમાં હિન્દુ પ્રજામાં ત્રણ ધારાઓ બની ગઈ. બ્રાહ્મણો હિન્દુ મહાસભાવાદી બન્યા, મરાઠાઓ કૉંગ્રેસી બન્યા અને દલિતો આંબેડકરવાદી બની ગયા હતા.

15મી ઑગસ્ટ પછી પાકિસ્તાનથી નિરાશ્રિત બનીને આવેલા હિન્દુઓની તથા ભારતમાં રહેલા મુસ્લિમોની ફરિયાદો વધવા લાગી. બધી વાતો ગાંધીજી આગળ પહોંચતી. ગાંધીજી અને નહેરુ લગભગ એક મતના હતા, જ્યારે સરદાર વધુ વાસ્તવવાદી હતા તેથી ગાંધીજી-નહેરુ અને સરદાર વચ્ચે મતભેદો વધવા લાગ્યા હતા. સરદાર સતત માનસિક તાણમાં રહેતા. 8-3-1948ના રોજ સરદાર ઉપર હૃદયરોગનો હુમલો થયો.

બૃહદ્ રાજસ્થાન સંઘનું ઉદ્‌ઘાટન કરવા સરદાર અને વી. શંકર, મણિબહેન વગેરે બે એન્જિનવાળા નાના વિમાનમાં જયપુર જવા રવાના થયા, પણ રસ્તામાં એક એન્જિન બંધ થઈ ગયું. બીજા એન્જિનના જોરે પાઇલટે વિમાન આગળ લીધું, પણ પછી જયપુર નજીક જ એક નદીના પટમાં—રેતમાં વિમાન ઉતારવું પડ્યું. બધાં બચી ગયાં. રાત્રે અગિયાર વાગે માંડ જયપુર પહોંચાયું. બીજા દિવસે સરદાર પાછા દિલ્હી આવ્યા ત્યારે પુષ્કળ મેદની ઊમટી પડેલી અને સંસદભવનમાં ત્રણ મિનિટ સુધી ઊભા થઈને સાંસદોએ તાળીઓ પાડીને તેમને વધાવી લીધેલા. આવી તેમની ચાહના હતી.

પૂર્વ-પાકિસ્તાનમાંથી હિન્દુઓની ભારે વણજાર શરૂ થઈ ગઈ હતી. સરદાર ભારે ચિંતિત હતા, પણ તેમના હાથ બંધાયેલા હતા. ખરેખર તો તે બંધાયેલા હાથે કામ કરી રહ્યા હતા. તેવામાં પ્રથમ રાષ્ટ્રપતિપદ માટેનો પ્રશ્ન આવ્યો. નહેરુજી રાજાજીતરફી હતા. સરદાર રાજેન્દ્રપ્રસાદતરફી હતા. ઘણી રકઝક ચાલી. નહેરુજી રાજેન્દ્રપ્રસાદને ઊભા નહીં રહેવા સમજાવતા રહ્યા, પણ રાજેન્દ્રપ્રસાદને નહેરુજીના વલણથી ખોટું લાગ્યું હતું. આ પ્રશ્ન એટલો સંવેદનશીલ બન્યો કે નહેરુજીએ રાજીનામું આપવાની પણ ધમકી આપી દીધી. તેઓ અમેરિકા ગયા અને પાછા આવ્યા પણ રાજીનામું આપ્યું નહીં. વાત આગળ વધી. નહેરુજી અને મૌલાનાના હજાર પ્રયત્નો હોવા છતાં સરદારે રાજેન્દ્રપ્રસાદને પ્રથમ રાષ્ટ્રપતિ બનાવી દીધા, તે પણ બિનહરીફ રીતે. કેટલાક લોકોએ પ્રથમ રાષ્ટ્રપતિનું પદ સરદારને આપવા હિલચાલ કરી પણ સરદાર રબ્બરસ્ટૅમ્પ જેવા શોભાનો ગાંઠિયો થવા માગતા ન હતા. તેમણે એ સ્વીકાર્યું નહીં. હંમેશાં પોતાનું જ ધાર્યું કરાવવાની ટેવવાળા નહેરુજીને કડવું લાગ્યું હશે, પણ એ કડવો ઘૂંટડો ગળી ગયા વિના છૂટકો ન હતો.

પૂર્વ-પાકિસ્તાનમાંથી લાખો હિન્દુ નિરાશ્રિતો પશ્ચિમ બંગાળમાં ઠલવાતા હતા. તે પશ્ચિમ બંગાળમાં રહેતા મુસ્લિમો ઉપર બદલો લેવા તલસતા હતા, તેથી નહેરુજીને ભારે ચિંતા થતી હતી. ઘણા કૉંગ્રેસી સભ્યો પણ હિન્દુ નિરાશ્રિતોના બદલામાં મુસ્લિમોને પૂર્વ-પાકિસ્તાન ધકેલી દેવાની નીતિ અપનાવવા સરદાર પર દબાણ કરતા હતા. પણ નહેરુજી તેના વિરોધી હતા. ભારતના મુસલમાનોને આંચ પણ આવવી જોઈએ નહીં તેવા તેમના સ્પષ્ટ વલણથી ઘણા લોકો તેમના ઉપર નારાજ થયા હતા. પ્રધાનમંડળમાં જ્યારેજ્યારે કોઈ ગંભીર ચર્ચા થતી ત્યારે સરદાર-પક્ષનું વલણ વધુ પ્રભાવી થઈ જતું. સભ્યો સરદારને સાથ આપતા તેથી નહેરુજી વધુ દુઃખી થતા રહેતા. ફરી પાછા તેમણે રાજીનામું આપીને જેમ ગાંધીજી નોઆખલી ગયા હતા તેમ પોતે પૂર્વ-બંગાળ જવાની તૈયારી બતાવી. નહેરુએ રાજેન્દ્રપ્રસાદને પત્ર પણ લખ્યો. નહેરુજી કોમવાદના સખત વિરોધી હતા, પણ તે હિન્દુ કોમવાદના; મુસ્લિમ કોમવાદને સહી લેવાની વૃત્તિવાળા તે હતા. તેથી પેલો પક્ષ ગમે તે કરે તોપણ આપણે તો શાંત જ રહેવું જોઈએ, બધું ચૂપચાપ સહન કરી લેવું જોઈએ તેવું વલણ ધરાવતા હતા. આ અર્થમાં તે સાચા ગાંધીવાદી હતા. પણ સરદાર અને મોટા ભાગના કૉંગ્રેસીઓ આવું વલણ ધરાવતા ન હતા. તે ઈંટનો જવાબ પથ્થરથી નહીં તો ઈંટથી તો આપવાના મતના હતા. પ્રજા તો નિરાશ્રિતોનાં ટોળાં જોઈને ઊકળી ઊઠી હતી. ભારતમાં રહેલા મુસલમાનોમાં કેટલાક પહેલાં પાકિસ્તાનતરફી હતા, પણ તે ભારતમાં રહી ગયા, પાકિસ્તાન ગયા નહીં. તેમની વફાદારી રાતોરાત બદલાઈ ગઈ હોય તેવું માની લેવાય નહીં. આવી લાગણી પ્રજામાં હતી. નહેરુજીને તો એક જ ચિંતા હતીઃ બહારથી આવેલા નિરાશ્રિતો અહીંના કોઈ પણ મુસલમાનને હાનિ ન પહોંચાડે. સરદારનું વલણ પ્રજાનું પ્રતિબિંબ પાડતું હતું, કારણ કે તે વાસ્તવવાદી હતા. અંતે ઘણા નિરાશ્રિતોને ધકેલી દીધા

પછી ભારત અને પાકિસ્તાનના પ્રધાનમંત્રીઓની બેઠક થઈ અને એક સમજૂતી કરાઈ. આ સમજૂતીથી ભારતના મુસ્લિમોના હક્કો સુરક્ષિત કરાયા હતા, પણ પાકિસ્તાનના હિન્દુઓની રક્ષા માત્ર કાગળ ઉપર જ રહી હતી. સમજૂતીથી પશ્ચિમ બંગાળની પ્રજા નારાજ હતી. નહેરુજીના બે બંગાળી પ્રધાનો શ્યામાપ્રસાદ મુખરજી અને નિયોગી બંનેએ રાજીનામું આપવા તૈયાર થઈ ગયા. ઘણું સમજાવ્યા પછી પણ તે માન્યા નહીં, રાજીનામાં આપી જ દીધાં. ભારતમાં ખાસ કરીને ગાંધીવાદીઓ હિન્દુઓના ગમેતેવા સાચા વિરોધની પણ પરવા કરતા નથી. તે તરત જ તેને કોમવાદ કહી દે છે. આ એકતરફી વલણથી આજે પ. બંગાળ અને આસામમાં હિન્દુઓ આવનારાં વર્ષોમાં અલ્પસંખ્યક થઈ જાય તો નવાઈ ન પામતા. પ્રશ્નને કાયમી ઉકેલ આપવાનો જ્યારે સામા પક્ષે મોકો આપ્યો હોય છતાં તમે પ્રશ્ન ન ઉકેલો તો તમે કાચા રાજનેતા કહેવાઓ. આવું કાચાપણું એક વાર નહીં અનેક વાર બતાવાયું છે.
ફરીથી કોંગ્રેસપ્રમુખના પદનો વિવાદ શરૂ થયો. સરદાર અને કોંગ્રેસીઓનો મોટો ભાગ પુરુષોત્તમદાસ ટંડનને પ્રમુખ બનાવવા માગતા હતા, પણ નહેરુજીને ટંડન ગમતા ન હતા. પછી પાટીલનું નામ આવ્યું તે પણ ન ગમ્યું. નહેરુજીએ ટંડનને રોકવા માટે સરદારને પૂછ્યા વિના જ કૃપાલાણીનું નામ તરતું મૂકી દીધું. આથી સરદારને દુઃખ થયું. હવે ત્રિપાંખિયો જંગ થયોઃ 1. ટંડન, 2. શંકરરાવ દેવ અને 3. કૃપાલાણી. દેવ પણ બેસી જવા તૈયાર ન હતા. લોકો ખુલ્લેઆમ આ નહેરુ-સરદારનો જંગ માનતા હતા. નહેરુએ ફરીથી સરદારને ધમકી આપી કે જો ટંડન ચૂંટાશે તો પોતે કામ કરી શકશે નહીં, અર્થાત્ રાજીનામું આપી દેશે. ગાંધીજી વારંવાર ઉપવાસની ધમકી આપતા રહેતા, તો નહેરુજી રાજીનામાની ધમકી આપતા રહેતા. અનેક અનુભવો પછી સરદાર એને પોકળ ધમકી માનતા હતા.
અંતે 29મીએ ચૂંટણી થઈ. મતગણતરી કરતાં તેમાં ટંડન વિજયી થયા. તેમના પોતાના હરીફ કૃપાલાણી અને શંકરરાવ દેવ કરતાં પણ તેમને વધુ મત મળ્યા હતા. આ સરદારનો વિજય હતો. સરદારે રાજાજીને વ્યંગ કર્યો કે નહેરુનું રાજીનામું લાવ્યા છો? પણ નહેરુજીએ રાજીનામું ન આપ્યું. કોંગ્રેસમાં સરદારનો જ વધુ પ્રભાવ હતો તે અનેક વાર સાબિત થયું હતું. નહેરુજી ગાંધીજીના પ્રભાવથી પ્રધાનમંત્રી બન્યા હતા તે સૌ જાણતા હતા. હવે પક્ષમાં એક વધુ વિરોધીનો ઉમેરો થયો છે તેવું નહેરુજી માનવા લાગ્યા હતા.
કોંગ્રેસ કારોબારીમાં નહેરુજીએ એક શરતે આવવાની તૈયારી બતાવી—રફી એહમદ કીડવાઈને પણ કારોબારીમાં લેવાય તો જ આવું. સરદાર અને ટંડન બંને આ વાત સ્વીકારવા તૈયાર ન હતા. ફરી પાછી ધમકી અને લાંબો વિવાદ ચાલ્યો, પણ ટંડને કીડવાઈને ના લીધા તે ના જ લીધા. નહેરુજી ચૂપચાપ કારોબારીમાં આવી ગયા.
નહેરુજીની વિદેશનીતિ પ્રત્યે સરદાર અસહમતી ધરાવતા. નહેરુ પશ્ચિમવિરોધી અને સામ્યવાદતરફી વલણ ધરાવતા, જે સરદારને યોગ્ય ન લાગતું, પણ નહેરુના કામમાં સરદાર કદી ચંચુપાત કરતા નહીં, તેથી નહેરુ પોતાનું ધાર્યું કરતા રહેતા. એવામાં 1950માં ચીને તિબેટ ઉપર કબજો જમાવી લીધો. સરદારને આ ન ગમ્યું, પણ નહેરુ 'હિન્દી-ચીની ભાઈભાઈ'નાં સ્વપ્નાં સેવતા હતા. આ વખતે સરદાર સખત બીમાર હોવા છતાં નહેરુને ચેતવતો લાંબો પત્ર લખ્યો, જે આજે પણ પૂરેપૂરો પ્રસ્તુત છે અને સરદારની દીર્ઘદષ્ટિ બતાવે છે. પત્રની નહેરુ ઉપર કશી અસર ન થઈ.
નહેરુએ સરદારની શક્તિ તોડવા માટે તેમના વફાદાર સચિવોની બદલી કરવાનો પણ વિચાર કર્યો હતો. તેમના વલણથી સરદાર ભારે વ્યથા ભોગવતા હતા. તેમાં રોજ કાંઈ ને કાંઈ નવો ઉમેરો થતો હતો.
સરદારની તબિયત બગડવા માંડી. મોઢામાંથી લોહી પડવા માંડ્યું. સરદારને અંતિમ દિવસો દેખાવા લાગ્યા. તેમણે પોતાનું મન ઈશ્વર તરફ વાળ્યું. તબિયત વધુ બગડી. 12મી ડિસેમ્બરે ડાકોટા વિમાન દ્વારા સરદારને મુંબઈ લઈ જવાયા. બિરલાહાઉસમાં તેમને ઑક્સિજન ઉપર રખાયા. 15મી ડિસેમ્બરે સવારના 9 વાગીને 35 મિનિટે મણિબહેનના હાથે ગંગાજળ પીને તેમણે દેહ છોડી દીધો. સરદારની ઇચ્છા પોતાના અગ્નિસંસ્કાર ચોપાટી ઉપર થાય તેવી હતી. ચોપાટી ઉપર મહાન નેતા બાળગંગાધર તિલકના સંસ્કાર થયા હતા. પણ તેમ ન થઈ શક્યું. અને સોનાપુરના સર્વલોક સ્મશાનગૃહમાં અગ્નિસંસ્કાર કરવાનું થયું. આ બાબતમાં મહારાષ્ટ્રના સદોબા પાટિલનાં સંસ્મરણો વાંચવા જેવાં છે. તેમણે નહેરુજીને સરદારના મરણના સમાચાર આપ્યા અને શું કરવું તેવું પૂછ્યું તો કહેવામાં આવ્યું કે તેમાં પૂછવાનું શું હોય, જેમ સૌનું થતું હોય તેમ કરવું. પં. નહેરુ સ્મશાનયાત્રા પ્રસંગે મુંબઈ આવ્યા, પણ રાજેન્દ્રપ્રસાદ દિલ્હીમાં જ રહે તેવો આગ્રહ કર્યો. રાજેન્દ્રપ્રસાદ રાષ્ટ્રપતિ હતા પણ સરદારના અનન્ય સ્નેહી હતા તેથી નહેરુની ઇચ્છાની અવગણના કરીને તે પણ મુંબઈ પહોંચ્યા. આવું જ સોમનાથ મહાદેવના મંદિરની શિલાન્યાસ વખતે પણ થયેલું. નહેરુ ઇચ્છતા હતા કે ભારતના ધર્મનિરપેક્ષ રાષ્ટ્રપતિ

તરીકે રાજેન્દ્રબાબુ સોમનાથ ન જાય, પણ રાજેન્દ્રબાબુ ગયેલા અને ધાર્મિક વિધિમાં ભાગ લીધેલો. રાષ્ટ્રપતિ થવાથી કાંઈ ધર્મહીન થોડું થઈ જવાય છે? સોમનાથ બાબત સરદારની લાગણી જેવી જ રાજેન્દ્રપ્રસાદની પણ લાગણી હતી, જ્યારે નહેરુજીને તે વાત ગમેલી નહીં. અગ્નિસંસ્કારમાં બિરલા શેઠ પણ આવેલા. તેમણે સરદારના સ્મારક માટે 50 લાખ રૂપિયા જાહેર કર્યા હતા તો નહેરુજીને આ રકમ ઘણી વધારે લાગી હતી. આપણે ત્યાં સૂક્તિ છે કે "મરણાન્તાનિ હિ વૈરા ણિ" અર્થાત્ વૈરવૃત્તિ મરણની સાથે સમાપ્ત થઈ જાય. મૃત્યુ પછી વેર ન રખાય. અને કદાચ કોઈ તેવું વેર રાખે તો તે વ્યક્તિની ગરિમાને નીચે ઉતારી મૂકે. સરદાર પ્રત્યેનું વલણ સ્નેહભર્યું ન કહેવાય. તે પછી અને હજી પણ તે તેવું જ છે.

સરદાર વિશે મેં શરૂઆતમાં જ લખ્યું છે કે આવું વ્યક્તિત્વ હજાર વર્ષમાં એકાદ પેદા થતું હોય છે. તેમના મૃત્યુ પછી તેમને જે માન મળવું જોઈએ તે મળ્યું લાગતું નથી. લોકસભાની લોબીમાં તેમનું ચિત્ર છેક બિનકૉંગ્રેસી સરકાર વખતે મુકાયું. તેમને 'ભારતરત્ન' પણ મરણોપરાંત બિનકૉંગ્રેસી સરકારના સમયમાં અપાયો. આવી મહાન વિભૂતિને ખરેખર તો દિલ્હીમાં ગાંધીજીની બાજુમાં જ અગ્નિદાહ દેવાવો જોઈતો હતો. ખરેખર તો તે ભારતના તે વખતના ઉપપ્રધાનમંત્રી હતા. હોદ્દાના અધિકારથી પણ રાજઘાટના અધિકારી હતા. પણ એવું કશું થયું નહીં. તેમના ચાહકો ઘણા હતા, પણ તેમના અવસાન પછી સત્તાનું કેન્દ્ર એક જ હાથમાં સ્થિર થઈ જવાથી બધા તે તરફ વળી ગયા. ગાંધીજી વચ્ચે અને બંને બાજુ નહેરુ-સરદારનું પ્રસિદ્ધ ચિત્ર હતું તેમાંથી સરદારને હટાવી દેવાયા. એક સમય એવો પણ આવ્યો કે દિલ્હીના સત્તાધારીઓની નાખુશીથી લોકો સરદારનાં ગુણગાન ગાતાં પણ ડરવા લાગ્યા. સરદાર જે ભવનમાં રહેતા હતા તેને સંગ્રહાલય બનાવવાની જગ્યાએ વેચી દેવાયું. જાણે કે પૂરા ઇતિહાસમાંથી તેમને ભૂંસી નાખવાના પ્રયત્ન થયા. ગુજરાતના તે સમયના મોટા નેતાઓએ પણ કાંઈ દૃઢ અને મક્કમ અવાજ કાઢ્યો દેખાતો નથી. આ દેશમાં બધી લોકયોજનાનાં નામ ગાંધી-નહેરુવંશથી જોડાય છે. પણ સરદારનું નામ જોડવાની વાત કોઈને સૂઝતી નથી. આટલા મહાન નેતાની આટલી મોટી ઉપેક્ષા અત્યંત પીડાજનક જ કહેવાય. જોકે આજે પણ વિકટ પરિસ્થિતિ વખતે લોકો સરદારને જ યાદ કરે છે. "જો સરદાર હોત તો આવું ન થાત"—એવું લોકો છૂટથી બોલે છે તે જ મોટી શ્રદ્ધાંજલિ કહેવાય.

સરદાર પોતે કદી આદર્શોનાં બણગાં ફૂંકતા નહીં. 32 વર્ષની વયે તે વિધુર થયા, ફરી લગ્ન ન કર્યાં, પણ કદી બ્રહ્મચર્યનો દાવો ન કર્યો કે ઉપદેશ પણ ન આપ્યો. ગાંધીજી બ્રહ્મચર્યનો સતત ઉપદેશ આપતા રહેતા, કેટલીક વાર તો અસ્વીકાર્ય પ્રયોગો પણ કરતા, પણ સરદારે કદી આવું કર્યું નથી. તેમણે સત્ય અને અહિંસાના આદર્શોને પણ વારંવાર ગાયા નથી. જરૂર પડી ત્યારે જૂનાગઢ, નિઝામ, કાશ્મીરમાં સેનાનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. ઘણા ઊંચા આદર્શોની વાતો વારંવાર કરવાથી ખરા સમયે તેમાં બાંધછોડ કરવી જ પડતી હોય છે. ત્યારે આદર્શની વાતો ઝાંખી થઈ જતી હોય છે. સરદાર વાસ્તવવાદી ધરાતલના માણસ હતા, તેથી જે કામ હાથમાં લેતા સફળતાપૂર્વક કરી બતાવતા. સરદાર અને નિષ્ફળતા સાથે રહ્યાં જ નથી. પાછલાં વર્ષોમાં ગાંધીજી અને નહેરુજી સાથે મતભેદો થયા હતા જે જગજાહેર વાતો છે. તેમના પ્રધાનમંત્રીપદને ગાંધીજીએ રોક્યું હતું, તેમ છતાં એક અદના અનુયાયી તરીકે તેમણે કશા જ વિરોધ વિના ગાંધીજીના આદેશનો સ્વીકાર કરી લીધો હતો. પાછળનાં 2ા-3 વર્ષ તેમણે બહુ જ માનસિક તાણમાં વિતાવ્યાં હતાં. ગાંધીજી ઉપવાસ ઉપર ઊતર્યા તે આડકતરી રીતે સરદાર સામે જ હતા તેવું બધા બોલતા હતા. સરદારે હૃદય ઉપર પથ્થર મૂકીને આ બધું સહન કર્યું હતું. સરદારનાં બીજાં બધાં કાર્યોને જવા દેવામાં આવે અને માત્ર દેશી રજવાડાંઓને ભારતમાં ભેળવવાનું એક જ કાર્ય ગણવામાં આવે તોપણ તે અદ્વિતીય જ કહેવાય. લોકો કહે છે કે કોઈની ખોટ પડતી નથી. કોઈના વિના કામ અટકતું નથી. પણ ખરેખર ભારતના રાજકારણમાં જો કોઈની ખોટ પડી હોય તો તે માત્ર સરદાર, સરદાર અને સરદારની જ પડી છે. આટલાં વર્ષો પછી પણ તે ખોટ પુરાઈ નથી. મારી દૃષ્ટિએ તેમની સામે બીજા ત્રાજવામાં તોળી શકાય એવો કોઈ નેતા થયો નથી. અવસાન પછી તેમના બૅન્ક ખાતામાં પૂરા 300 રૂપિયા પણ ન હતા. વિદેશોમાં કાળું ધન જમા કરાવનારા તેમના પગરખામાં પગ ન મૂકી શકે. તેમણે હંમેશાં મહત્ત્વનાં પદો ઉપર દેશભરમાંથી વીણી-વીણીને યોગ્ય વ્યક્તિઓને ચૂંટી હતી. પોતાના પુત્ર ડાહ્યાભાઈ કે બીજા માણસો માટે કદી કોઈ મહત્ત્વનું પદ શોધ્યું ન હતું. પછી તો ભયંકર પરિવારવાદ ચાલ્યો જે હજી પણ ચાલી રહ્યો છે. લોકશાહી અને પરિવારવાદનો મેળ ન હોય, પણ આપણે ત્યાં આ મેળ જામ્યો છે. સરદાર આવાં બધાં અનેક દૂષણોથી સર્વાંગ બચ્યા હતા. ઉપરનો માણસ નીચેના માણસને પ્રેરણા આપતો હોય છે. તેમના પછી ઉપરના માણસોમાં આવું પ્રેરક બળ ન રહ્યું. તેથી સત્તાલોલુપતા, ધનલોલુપતા, પરિવારવાદ, વગેરે અનેક અનિષ્ટો ભોરિંગ થઈને દેશને

ડંખી રહ્યાં છે.

આવા મહાન સરદારની સર્વોચ્ચ ઊંચાઈ ધરાવતી મહાન પ્રતિમા સ્થાપવાનું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાથ ધર્યું છે, તે કાર્ય જ્યારે પૂરું થશે ત્યારે એક ભવ્ય શ્રદ્ધાંજલિ કહેવાશે. મારી દષ્ટિએ સરદાર ઉપર કલમ ચલાવનારા ઘણા લોકોએ તેમને પૂરો ન્યાય આપ્યો નથી. તેમણે જે કાંઈ અદ્‌ભુત કાર્ય કર્યું તેનાં ગીતો તો લોકો ગાય છે પણ તે બાંધેલા હાથે કર્યું તે વાતને ગૌણ બનાવી દે છે. જો તેમના હાથ ખુલ્લા રહેવા દીધા હોત તો કદાચ આજે ભારતને પીડતા અનેક વણઉકેલાયેલા પ્રશ્નો ઊકલી ગયા હોત. સરદારના અવસાન પછી આપણે જોયું છે કે ભારતનો એક પણ સળગતો પ્રશ્ન ઉકેલાયો નથી. કાશ્મીરનું કોકડું વધુ ગૂંચવાયું છે. ચીન છેક અંદર ઘૂસી આવ્યું હતું અને ફરીથી ઘૂસી આવવાનો ભય બતાવે છે. પાકિસ્તાને ચાર વાર આક્રમણો કર્યાં છે. પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનમાં હિન્દુઓને લગભગ નામશેષ કરી દેવાયા છે. હવે તો બાંગ્લાદેશી મુસ્લિમોનાં ધાડાં ભારતના વસ્તીસંતુલનને બગાડી રહ્યાં છે. માઓવાદ અને નકસલવાદને નાથી શકતો નથી. સરકાર તેમની આગળ રાંક થઈ ગઈ છે. ઇસ્લામિક આતંકવાદ પાર્લમેન્ટ અને મુંબઈ ઉપર બેફામ હુમલા કરે છે પણ કશો જ મુંહતોડ જવાબ આપી શકાતો નથી. સીમાપારનો આતંકવાદ લોકજીવનને ભયભીત કરી રહ્યો છે. ડુપ્લીકેટ કરન્સીઓને બિન્દાસ્ત રીતે ભારતમાં ઘુસાડવામાં આવે છે. કશું કરી શકાતું નથી. જોકે હવે ચરખાનો મોહ ભાંગી ગયો છે તેથી ઔદ્યોગિક વિકાસ ઠીકઠીક થવા લાગ્યો છે. પણ ભારતની એકંદર છબિ કોઈ દુર્બળ રાષ્ટ્ર જેવી કરી મુકાઈ છે. તુષ્ટિકરણની નીતિ વોટબૅન્ક બની રહી છે, પણ તેથી પ્રજાનું વિભાજન થઈ રહ્યું છે તે નથી દેખાતું. આવી કપરી પરિસ્થિતિનું મૂળ કારણ દુર્બળ હાથોમાં આવેલું રાજકારણ જ કહેવાય. જો સરદારને પ્રધાનમંત્રી થવા દેવાયા હોત અને તેમનાં મક્કમ પગલે દેશ ચાલ્યો હોત તો દેશને આ દશા ભોગવવી ન પડત. તેમની બીમારીમાં શારીરિક કરતાં માનસિક કારણ પ્રબળ હતું. સતત વિરોધ અને ઉપેક્ષા અને છેવટે ઘૃણાભર્યા વાતાવરણમાં તે જીવતા રહ્યા. તે જ તેમની ખરી બીમારી હતી. એક દિવસ આવશે જ્યારે ભારતના લોકો તેમને પૂરેપૂરો ન્યાય આપશે. અતિમહાન સરદારને પશ્ચાત્તાપથી વંદન કરશે. આટલું લાંબું પ્રકરણ લખવું ન હતું, પણ લખાઈ ગયું.

15-12-11

* * *